કુમાર

અષાડ · ઓગણીસ સો નેવું ૧૨૭

તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત



પ્રતીક્ષા (લાકડામાં કોરેલું ચિત્ર) આલેખક · વનવિહારી પા



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.

ચિત્રકૂટ કલાસંઘ

ચિત્રકળા એ માનવીના વિકાસમાં એક અનિવાર્ય અને મહત્ત્વનું તત્ત્વ છે, એ જગતના પ્રમુખ શિક્ષણવિશારદોએ સર્વાનુમતે સ્વીકાર્યું છે. તે ઉપરાંત હસ્તગત ઉદ્યોગો, ધંધાઓ, કસબો ને ક્રિયાઓમાં તેનો પ્રભાવ સ્પષ્ટ છે. ગુજરાતની જનતામાં દિવસેદિવસે વધતી જતી સંસ્કારદૃષ્ટિએ કલાનાં મૂલ પારખવા માંડ્યાં છે અને હોશિયાર બાળકો, સ્ત્રીઓ તેમજ ઉત્સાહી યુવકો કલાની કૃતિઓ અને અભ્યાસમાં રસ લેતા થયા છે; છતાં તેનું પદ્ધતિસર અને યોગ્ય શિક્ષણ આપનારું કેન્દ્ર હજુ અસ્તિત્વમાં આવ્યું નથી. તેની ખોટ પૂરવાના નમ્ર પ્રયાસ તરીકે આ સંસ્થા સ્થાપવા નિરધાર કર્યો છે.

લોકાશ્રયથી અને લોકહિતાર્થે જ આ સંસ્થા નભી રહે તે માટે તદ્દન સાદા દરથી ચિત્રકળાનું સર્વાંગ શિક્ષણ મળે એવી યોજના ઘડી છે. બહારની કોઈપણ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ તૈયાર કરવા કરતાં સાચી શક્તિ અને દૃષ્ટિ વિદ્યાર્થીમાં ખીલે તે તરફ વધુ ધ્યાન આપવા માગીએ છીએ; એટલે માત્ર પરીક્ષાના હેતુથી કોઈપણ વિદ્યાર્થી ન આવે એવું ઇચ્છીએ છીએ. છતાં અમારી ખાત્રી છે કે અમારા વિદ્યાર્થીઓ ક્રમસર અભ્યાસથી કોઈપણ પરીક્ષા આપી શકે એવી તૈયારી પામશે.

શહેરના આરોગ્યમય સુઘડ સ્થાનમાં અમે આ સંસ્થા ચાલુ કરવા ધારીએ છીએ. પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ નોંધાઈ જતાં તેના વર્ગો શરૂ કરવામાં આવશે.

જે શિક્ષકો આ સંસ્થાને સાંપડ્યા છે તેવા શિક્ષકો અને કલાકારોનો સમુદાય એકીસાથે હિંદુસ્તાનની કોઈપણ કલાશાળામાં ભાગ્યે જ હશે.

નિજાનંદ ખાતર કે ધંધાર્થે કલાની સર્વસંપૂર્ણ માહિતીઓ તેમજ તાલીમ આપવાને અમે અમારા જિંદગીભરના અનુભવો અને કૌશલ વિદ્યાર્થીઓને તદ્દન ખુલ્લા દિલે અર્પણ કરીશું.

આજસુધીના અમારા શિક્ષણ–અનુભવ અને તાલીમની સફળતાની ખાત્રી વિષે વધુ જણાવવાની જરૂર નથી. ગુજરાતના આગળપડતા તરુણ ચિત્રકારો જ એ વાતની સાક્ષી આપશે.

આ નીચે આપેલી કલાકારમંડળીની નામાવલિથી આ સંસ્થાની અભિલાષામાં તમને શ્રદ્ધા પ્રકટશે:

મુખ્ય સંચાલક અને નિયામક

રવિશંકર રાવળ

ચિત્રકાર · (તંત્રી 'કુમાર')

મુખ્ય મદદનીશ

રસિકલાલ પરીખ

મુંબાઈ સરકારી આર્ટ સ્કુલના ડિપ્લોમિસ્ટ અને ફર્સ્ટ કલાસ ગોલ્ડ મેડલ ધરાવનાર તરુણ કલાકાર

સહાયકગણ

કનુ દેસાઈ

ગુજરાતના અનોખા સુપ્રસિદ્ધ કલાકાર

અને કુમાર કાર્યાલયના અનુભવી ઉચ્ચ શ્રેણીના વિદ્યાર્થીઓ



દેવયાની

ચિત્રકાર · કનુ દેસાઈ

'રજનીથી ડરૂં તો યે આજે એ લેખતી નથી,
ક્યાં છે? કચ, સખે! ક્યાં છે? કેમ હું દેખતી નથી?'

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર** અષાડ - ઓગણીસ સો નેવું

તારું સુકાન

જીવનના અંતરની એક તું કમાન
હૈયાની હોડલીને તારું સુકાન.

જીવનના જંગલમાં મંગલ તેં આદર્યું,
ઊંડું આકાશ તેં પ્રાણ ભરી પાથર્યું,
નાની કૂંપળ હું તારી આંગળીએ
ફરકું ફરકે જેમ પીપળાનું પાનઃ
હૈયાની હોડલીને તારું સુકાન.

બેઠો અખંડ તું સમદરમાં ગાજતો,
પંખીને કંઠકંઠ ટહુકંતો રાજતો,
મારા જીવનની ઝીણી શરણાઈમાં
નાનકડું ફૂંક તારું વણગાયું ગાનઃ
હૈયાની હોડલીને તારું સુકાન.

ટચલી આંગળીએ બ્રહ્માંડો ટીંગવી,
નાચે વિરાટ ડગે ચેતનનો સોમ પી,
મારું ઢોલક લાવું તારી મેહફિલમાં
હેવો હોયે તેવો દૈ તું દે તાનઃ
હૈયાની હોડલીને તારું સુકાન.

સુન્દરમ



પોંડીચેરીનો અરવિંદ આશ્રમ



શ્રી અરવિંદ ઘોષ

● શ્રી અરવિંદ ઘોષ પોંડીચેરીમાં યોગાશ્રમ જમાવી વિશ્વનાં ગૂઢતમ રહસ્યો ઉકેલી રહ્યા છે એવી હકીકત ગુજરાતમાં સારી પેઠે જાણીતી છે, પરંતુ ત્યાંની સ્થાનિક માહિતી કે વાતાવરણ થોડા જ માણસો સમજી શકયા હશે. હું પણ સમજવાનો દાવો નહિ કરૂં. ગુજરાતનાં લગભગ ચાલીસ યુવકયુવતીઓ પોતપોતાની સાધના માટે એ આશ્રમવાસનો અધિકાર મેળવી શક્યાં છે એ જાણી ઘણાને કુતૂહલ થવું જ જોઇએ. જોકે મને તો હું જાતે ત્યાં ગયો ત્યારે જ એ વાતની ખબર પડી. મને એ આશ્રમનાં રહસ્યો જાણવાની કે મુખ્ય પુરુષનાં દર્શન કરવાની અભિલાષાએ ત્યાં આકર્ષણ કર્યું જ નહોતું એ પહેલું જણાવી દઉં. ગુજરાતના એક પ્રખર સમાજસેવક અને વ્યાયામપ્રચારક શ્રી અંબુભાઈ પુરાણી વર્ષોથી એ આશ્રમની એક અંતર્ગત વ્યક્તિ તેમજ સાધક થઇને ત્યાં રહ્યા છે, અને તેમના જેવા વિદ્વાન તેમજ કાર્યયોગીને એ આશ્રમની વિભૂતિ આગળ સર્વાંગશરણ થઇ શાંતિ તથા એકાંતમાં ગએલા જોઈ ગુજરાતના ઘણા યુવાનોએ એ દિશા પકડી છે. યુવાનો જીવનનાં અનેકવિધ સાહસો અને પ્રયોગો પાછળ ઝુકાવે એ તો તેમના ચેતનતત્ત્વની નિશાની છે, પરંતુ જ્યારે પોતે સ્વીકારેલી ફરજો અને કુટુંબના ધર્મોનો ત્યાગ કરી અનેકને દુ:ખી અને અનાથ બનાવી ચાલી નીકળે ત્યારે તેમની વિવેકબુદ્ધિ માટે કોઇને પણ અવિશ્વાસ ઉપજે અને સંસારભીરૂ કહેવાનું પણ મન થાય. ખાસ નિકટના પરિચયમાં આવેલા એક યુવકે આવી રીતે ગૃહત્યાગ કરી કુટુંબના ભરણપોષણનો વિચાર દિવ્ય શક્તિને સોંપી એ આશ્રમની દીક્ષા સ્વીકારી છે. તેનાં માતાપિતા, ધર્મપત્ની અને બીજાં ભાંડુઓ તરફથી એમની સ્થિતિનું તેને નિવેદન કરવા તથા તેમની તરફની ફરજની યાદ આપવા માટે મદ્રાસના મારા છેલ્લા પ્રવાસ દરમિયાન જવું એવી તેમની ઘણી દર્દભરી સૂચના હતી. પોંડીચેરી જવાનો એ પ્રધાન હેતુ; અને શ્રી અંબુભાઈ જોડે જૂનો મિત્રસંબંધ એટલે એક પંથ ને દો કાજ ધારી તારીખ બીજી મેની રાત્રે હું મદ્રાસથી નવ વાગ્યે ગાડીમાં બેઠો. રાત્રે બે વાગ્યે વીલ્લેપુરમ સ્ટેશને ગાડી બદલી સવારમાં સાડાપાંચ વાગ્યે પોંડીચેરી પહોંચ્યો; એટલે લગભગ અમદાવાદથી મુંબાઇ જેટલો પ્રવાસ થયો. મેં મારા જવાના ખબર આપ્યા નહોતા એટલે ટ્રેનમાં ઓળખીતાના ઓળખીતા એક મદ્રાસી ગૃહસ્થનો સ્ટેશને સાથ કર્યો. પોંડીચેરી ફ્રેંચ સંસ્થાન હોવાથી ટ્રેનમાંથી ઊતરતા દરેક ઉતારૂની પૂરી પૂછપરછ કરવામાં આવે છે તથા નોંધ થાય છે. બ્રિટિશના પોલીસ પૂછી જાય અને સહી લઇ જાય. પછી ફ્રેંચ પોલીસ આવી જાય; અને છેવટે તમે જ્યાં ઊતર્યા હો ત્યાં પણ તપાસ થાય. અજાણ્યા મુસાફરો આટલી ચોકસાઇથી સહેજ ગભરાય, પણ ત્યાં તો એ જ શિરસ્તો છે.

એ પ્રાંતમાં ગરીબી ઘણી છે એટલે રિક્ષાવાળાઓ થોડામાં તમને આપેલે ઠેકાણે લઈ જાય છે ત્યાં ખાસ મુશ્કેલી એ લાગી કે મદ્રાસ ઇલાકામાં બીજે કોઇપણ સ્થળે તમે અંગ્રેજીથી પણ વ્યવહાર ચલાવી શકો; પણ અહીં બધા ફ્રેંચ જાણે. હું મારા નવા મિત્ર જોડે તેને ઘેર પહોંચ્યો ત્યાંસુધી અંધારૂં જ હતું એક કલાક પછી સવારનો પ્રકાશ નીકળ્યો ત્યારે જ નગર પર નજર પડી. નડિયાદ જેટલા જ વિસ્તારનું પણ આબાદી અને વસ્તીમાં અરધું પણ નહિ એવું ફ્રેંચ સત્તાના રહ્યસહ્યા રંક નામનિશાન સમું આ ઐતિહાસિક નગર અરવિંદ આશ્રમ સિવાય કંઇ જ આકર્ષણ ધરાવતું નથી એમ લાગ્યું. મારા યજમાને પ્રેમથી સરસ કૉફી પાઇ. સાડા સાત પહેલાં આશ્રમ કોઇ અજાણ્યા માટે ઊઘડતો નથી તેમજ અનુમતિ વગર કોઇની ત્યાં ઊતરવાની સગવડ થતી નથી, એ ચુસ્ત નિયમનું મને ઘણા જાણકારોએ પૂરૂં ભાન કરાવી દીધું હતું અને અનુભવે તે સાબિત કર્યું.

સાડા સાત વાગ્યે મારા યજમાને એક રિક્ષાવાળાને બારણા આગળ હાજર રાખ્યો હતો તેમાં બેસી હું અરધાક માઈલને અંતરે આવેલા એ આલીશાન મકાન આગળ પહોંચ્યો. રીક્ષાવાળો પણ આશ્રમ બરોબર જાણતો જ હશે. મને તો બધાં મકાનો સરખાં જ લાગતાં હતાં, પણ તેણે એ જ મકાનનું બારણું હળવેથી ઊઘાડી મને ઊતરવાની ઇશારત કરી. સામાનમાં મારી પાસે એક ગાંધીશાહી હાથકોથળી જ હતી, એટલે તેને બે આના આપી વિદાય કર્યો અને હું અંદર પેઠો. ઊંચી દિવાલની પાછળ સુંદર બગીચો અને ઇસ્ટ ઇન્ડિયા કંપની વખતના ઘાટનું મકાન; બધું એકદમ સ્વચ્છ, છતાં ચૂપચાપ. કૉમ્પાઉન્ડનાં બારણાં ચાંપથી બંધ જ રહે છે, અજાણ્યો માણસ આગળ જાય તે પહેલાં મકાનની ઓસરીમાં બેઠેલા સમાધિસ્થ લાગતા સાધક તેને ત્યાં જ રોકશે એવી સૂચના થાય છે.



મકાનની ઓસરીમાં સમાધિસ્થ લાગતા સાધક બેઠેલા હતા.

મને જોઇ ત્યાં બેઠેલા સાધકે હળવેથી આંખ ખોલી અને ઈશારતથી બાજુની ખુરસી પર બેસવા સૂચના કરી. થોડી વારે પોતે ઊભા થયા ને બુકસ્ટૅન્ડ પરથી એક ચોપડી કાઢી ધરી. તેમાં નામ, ગામ, ઠેકાણું, કોને મળવું છે, મળવાની મતલબ શી છે વગેરે ખાનાં મેં ભરી આપ્યાં, એટલે ફરી મને બેસવાની નિશાની કરી પોતેશ્રી બેસી ગયા. તેમનાથી સંસ્થાની ચોકી છોડાતી નહિ હોય એવું મને લાગ્યું પછી લાંબા વાળ અને દાઢીવાળા એક બીજા સાધક આવ્યા, તેને શ્રી પુરાણીને ખબર પહોંચાડવા કહ્યું. થોડીવારે એક ફૂટડો જુવાન આવતાં જ 'ઓહો રવિભાઇ! તમે ? હું હમણાં જ અંબુભાઇને ખબર આપું છું' કરી ગયો. તે ભાઇ નાનુ ઠાકર હતા.

થોડીવારે અંદરનો એકાદ મેળાવડો (સવારની પ્રાર્થના હશે) ખલાસ થયો હોય તેમ લાગ્યું. સૌથી પહેલાં ધારા મુજબ એક સાધક દરવાજો ખુલ્લો રાખી ઊભા અને મારી તરફ સહેજ નજર કરતા કે બેપરવાઇ રાખતા કેટલાક નાના-મોટા સાધકો ત્યાંથી બહાર ગયા. એ બધાએ માથાના વાળ વધાર્યા હતા. દાઢી પણ વધવા દીધી હતી. એકાદ બે યુરોપિયન કે બંગાળીનાં મોઢાં સફાચટ હતાં. વસ્ત્રોમાં પણ એકરૂપતા હતી. બધાએ ધોતિયું પહેર્યું હતું અને એકેક ધોતિયું ઓઢ્યું હતું. બધાની આંખો સમાધિ સેવવા તત્પર લાગતી હતી. આ સૃષ્ટિમાં હું કોઈ ભૂલા પડેલા પામર માનવી સમો લાગતો હોઇશ.

એટલામાં અંબુભાઈ પુરાણી આવી પહોંચ્યા. મને અચાનક આવેલો જોઇ ચકિત થયા; પણ જૂના મિત્રભાવે અમે ભેટીને મળ્યા. મારું આશ્રમમાં આવવાનું કારણ તો સ્પષ્ટ જ હતું પણ તેમની ઇચ્છા દેખાઈ કે મારે મધર (mother)નાં દર્શન કરવાં જ જોઇએ. મધર અથવા માતાજી આશ્રમનાં સર્વોપરિ અધિષ્ઠાત્રી છે. આશ્રમની બધી મિલકતો અને સંપત્તિ શ્રી અરવિંદ અને મધરની માલિકીની જાહેર રીતે ગણાય છે. આશ્રમના દરેક મકાનમાં શ્રી અરવિંદ અને મધરનાં એકસાથે ફ્રેમ કરેલાં બસ્ટ નજરે પડે છે. પોંડીચેરીના સાધકો શ્રી અરવિંદને શ્રી અરબિંદો કહેતા સાંભળ્યા. મધર તેમનાં પ્રતિ-નિધિ રૂપે, આશ્રમનાં સર્વસત્તાધારી અધિષ્ઠાત્રી તરીકે એકેએક જણ પર સીધું નિયંત્રણ ભોગવે છે. એ મધર એટલે સુપ્રસિદ્ધ ફ્રેન્ચ ચિંતક પૉલ રિશારનાં પત્ની. આ પતિપત્ની વર્ષો પહેલાં આ આશ્રમમાં આવ્યાં અને શ્રી અરવિંદના તત્ત્વચિંતનમાં શ્રદ્ધા થવાથી ત્યાં જ રહી ગયાં. તેમના 'આર્ય' નામના સુ-પ્રસિદ્ધ પત્રમાં પણ તેમણે ઘણો ફાળો આપ્યો હતો. પાછળથી પૉલ રિશાર એકલા ચાલ્યા ગયા અને મૅડમ રિશાર ત્યાં રહ્યાં. એમ કહેવાય છે કે તેમને શ્રી અરવિંદ મારફત તત્ત્વસાક્ષાત્કાર થઇ ગયો છે અને શ્રી અરવિંદનો જગત સાથેનો વ્યવહાર તેમને જ સુપ્રત થઇ ગએલો છે. શ્રી અરવિંદ પોતે વર્ષમાં ત્રણ જ વખત જાહેરમાં દર્શન આપે છે, પરંતુ મધર રોજ પ્રાતઃકાળની પ્રાર્થનામાં હાજર રહે છે તેમજ પ્રત્યેક સાધકને વ્યક્તિગત માર્ગરેખા (guidance) સૂચવે છે. કવિને કવિતા-માં પ્રેરે, ચિત્રકારને કળાનો ઉચ્ચ આદર્શ બતાવે, તેમજ તેમના રોજના જીવનની દરેકે દરેક બાબત પર છેવટની આજ્ઞાઓ આપે. કોઈપણ સાધક તેમની સંમતિ વગર કંઇ કરી શકે નહિ. સર્વસ્વ મધરને અર્પણ કરવું એ તેમનો ધ્યાનમંત્ર લાગ્યો.

મધરની અગાઉથી મંજૂરી લીધી હોય તો જ અહીં કોઇને મળી શકાય એવી આશ્રમપ્રણાલિ હતી. છતાં અંબુભાઈને લાગ્યું કે આજ ને આજ મને મુલાકાતનો લાભ મળે તો સારૂં એટલે એ માટે પ્રયત્ન કરવાનું કહી દસ વાગ્યા સુધીમાં તે આશ્રમની કામગરીમાં રોકાયા હોવાનું જણાવી નજીકની એક હૉટેલમાં જઇ ઊતરવાની મને ભલામણ કરી અને ભાઇ કૃષ્ણલાલ ભટ્ટ જેને 'કુમાર'ના વાચકો એક આગળ પડતા ચિત્રકાર તરીકે ઘણાં વર્ષો-થી ઓળખે છે તે હાલ ત્યાં સાધના કરે છે તેમની સાથે હું હૉટેલમાં ગયો.

રસ્તામાં મેં સંખ્યાબંધ મોટા બંગલાઓ જોયા. તેમાંનો મોટો ભાગ આશ્રમની મિલકત છે એમ જણાયું. દરિયા તરફનો આ લત્તો હોવાથી ત્યાં હવા બહુ જ લહેરાતી અને પ્રશાંત લાગે છે. વસ્તીના ભાગ કરતાં અહીં સફાઇ અને વ્યવસ્થા સારાં લાગ્યાં. તેમાં યે આશ્રમનાં મકાનો સૌથી વિશેષ આબાદ સ્થિતિમાં હતાં.

આટલાં બધાં મકાનો આશ્રમ પાસે હોવા છતાં અનુમતિ મેળવ્યા વિના આવેલાઓ માટે તેમાં એક દિવસ બેઠાંબેઠાં કાઢવાની પણ જગ્યા મળી શકે નહિ એ મને વિચિત્ર લાગ્યું.

જે હૉટેલમાં મેં ઉતારો કર્યો ત્યાં એક પણ બીજું માણસ નહોતું. જે એકાદી પાટ અને થોડી નેતરની ખુરશીઓ પર મેં ભોગવટો કર્યો તેનું યે ભાડું મારે એ હૉટેલને ભરવું પડ્યું. તીર્થની ધર્મશાળાઓ આ હિસાબે ઘણું પારમાર્થિક કાર્ય કરે છે.

પરિસ્થિતિનાં આ બંધનોથી મારા મિત્રોને ઘણો સંક્ષોભ થતો હતો તે મને તુરત સમજાયું. મેં તેમના તરફથી સ્વાગત રૂપે મળેલી કૉફી ને નાસ્તો બહુ માની લીધાં છે, પરંતુ મુલાકાતે આવનાર પાસેથી થોડું ખર્ચ પણ લઇને આશ્રમ સાધારણ ગોઠવણ કરાવી ન આપી શકે એ તો નવાઇ જ લાગી. આશ્રમના એકેએક આલીશાન બંગલામાં રસોડું, ઉદ્યોગગૃહ વગેરે જુદી જુદી સંસ્થાઓ ચાલે છે અને તેની વ્યવસ્થા જુદાજુદા સાધકોએ ઉપાડી લીધી છે. અંગમજૂરી સિવાયનું બધું કામકાજ તેઓ સંભાળે છે. ઇજનેર હોય તે મકાનોનું સમારકામ ને ફર્નિચરકામ સંભાળે છે. વીજળીના જ્ઞાતા વીજળીના સંચા વગેરે સંભાળે છે. આમ મોટા પગારોના ખર્ચ વગર તેમને દરેક ખાતાના નિષ્ણાતો મળી રહ્યા છે. સ્ત્રીઓ અને કન્યાઓ રસોડું સંભાળે છે. કોઇપણ માણસ પોતાના કામને હલકું માન્યા વગર નિયત ક્રમે તે તૈયાર રાખે છે. ખોરાક પૌષ્ટિક, સુમધુર અને સાદો હોય છે. દરેક સાધક ઇનૅમલ (ચીનાઇ ગ્લેઝ) વાળાં વાસણ વાપરે છે.

શરીરના ધર્મોની ગોઠવણથી પરવાર્યા બાદ દરેક જણ વ્યક્તિગત અભ્યાસ ચિંતન કે લેખનનું કાર્ય કર્યા જ કરે છે. ત્યાં નથી કોઈ જાતની ધમાલ કે નથી ઉતાવળ. દુનિયાને કોઇ ખૂણે, કૅલેન્ડરનાં પાનાં સામું જોયા વિના કામ કરતી લાગે એવી એ સંસ્થામાં વિદ્યાના ચિંતકો, ને કલાકારો પોતાનું સર્વોચ્ચ સત્ત્વ(very best) ખીલવી રહ્યા છે એમ મને કહેવામાં આવ્યું. આ સાધકો જુદાજુદા અધિકારવાળા હોય છે અને તેમને પસંદગી મળ્યા પછી જ આશ્રમમાં વસી શકે છે. કોઇનો ખર્ચ આશ્રમ ઉપાડે છે, કોઇ ઘેરથી મેળવે છે. આશ્રમના સાધક મંડળમાં ગણાતા છતાં બહાર દૂર વસતા ઘણા જાગીરદારો, વકીલો, ન્યાયાધીશો વગેરે વખતોવખત થોડી મુદત આશ્રમનું જીવન ભોગવી જાય છે. સ્ત્રીઓનું નિવાસસ્થાન જુદું છે. તે સિવાય સ્ત્રીપુરુષોના વ્યવહાર માટે કશી મર્યાદા નથી; છતાં દરેક જણ પોતપોતાના જ કાર્યમાં રચ્યાપચ્યા રહે છે, એટલે બીજા વિનિયમનો ભાગ્યે જ અવકાશ છે. સાધના માટે પણ પરસ્પર કોઇની વચ્ચે વાર્તાલાપ કે વિચારવિનિયમ ન થાય. દરેક જણ પોતાના માનસિક મંથનો અને અભ્યાસની શંકાઓ એક નોંધપોથીમાં લખી રાખે અને રાત્રે એ બધુ માતાજી પાસે રજૂ થાય. લગભગ સો સવાસો જેટલી આવી નોંધો તેઓ તપાસી પોતાની સૂચનાઓ લખી પ્રત્યેક સાધકને સવારમાં આપે. આશ્રમના રોજેરોજ વહીવટ પર ઝીણવટભર્યું ધ્યાન આપવા સાથે તેઓ આ કામ કરે છે તેને સાધકો એક ચમત્કાર લેખે છે.



શ્રી અંબાલાલ પુરાણી પોંડીચેરી આશ્રમમાં



હિંદમાં ફ્રેન્ચ સત્તાના રહ્યાસહ્યા નામનિશાન રૂપ પોંડીચેરીમાં દુપ્લેનું સ્મારક અને દીવાદાંડી

સાધકો કાળને ઘોળી પી ગયા હોય તેમ બધે જ ધીર ગતિથી આરામની સમાધિ ભોગવતા ફરતા લાગે છે. પોતાની મનપસંદગીની હુન્નરબાજી (hobby) પણ તેઓ અહીં નિભાવી શકે છે એ દરેક જણની વિગતો જાણવાનું મારે માટે અશક્ય હતું, કારણકે દરેકે દરેક જણ આશ્રમના સંકેત પ્રમાણે જ બહારના માણસો જોડે સંબંધ રાખી શકે છે. મને મળવાને પણ મારા મિત્રોને મંજૂરી લેવી પડી હતી. ભાઇ પુરાણી ત્યાંના જૂના જોગી થઇ ગયા છે એટલે દરેક સાધક તેમના તરફ સન્માનથી જોતો. તેમની આશ્રમમાં સારી લાગવગ જણાઈ; છતાં મધર તરફથી મને મુલાકાત અપાવવાનો લાભ મેળવી ન જ શક્યા. એમાં નક્કી કરેલા કાર્યક્રમનો પણ બાધ હશે અને કદાચ હું પણ યોગ્ય અધિકારી નહિ હોઉં. મેં તો એ બાબત કેવળ

ઉદાસીન વૃત્તિ રાખી હતી; પરંતુ દૂરથી આવેલા મિત્ર માટે તેમનો ઉમળકો ઓછો નહોતો. આટલે સુધી આવ્યા છો તો દર્શન તો કરતા જ જાઓ એવો તેમનો આગ્રહ હતો. હું જે મુદ્દાથી ત્યાં ગયો હતો તેમાં વધુ રોકાવાથી કંઈ જ વળે એમ નહોતું એટલે મારે તે જ રાત્રે એ સ્થાન છોડી દેવું એવો નિશ્ચય મેં કરી મૂકયો હતો. છેવટે તેમણે એક રસ્તો બતાવ્યો, કે રોજ સાંજે માતાજી આશ્રમની અગાસી ઉપર ફરવા નીકળે છે ત્યારે સાધકો માત્ર નીચેના ચારે તરફના રસ્તા પર દર્શન માટે ઊભા રહે છે ત્યાંથી મારે તેમની ઝાંખી કરી લેવી. સહેજ કુતૂહલ સહેજ આગ્રહને આધીન થઇ સાંજે આશ્રમના રસ્તાને એક ખૂણે હું તેમની જોડે ઊભો રહ્યો.

બીજનો ચંદ્ર નીરખવાને લોકો જેમ રસ્તા પરથી આકાશમાં તાકયા કરે છે તેમ અગાસીના એ ખૂણા પર અમે જોઇ રહ્યા હતા. બીજી બાજુના ખૂણા પર ઊભા રહેલા એક સાધકજૂથને ભાવપૂર્વક નમતું જોઇ હું સમજ્યો કે સવારી ઉપર પધારી છે.

થોડીવારે સંધ્યાના આકાશ નીચે, ફરફરતાં રેશમી વસ્ત્રોમાં સજ્જ એવી એક પાતળી સીધા સોટા જેવા શરીરની નારી-આકૃતિનું અગાશી પર દર્શન થયું. થોડીક ક્ષણો તે અમારી બાજુ સ્થિરતાથી ઉભાં રહ્યાં અને રસ્તા પરના દરેક જણે પ્રણામ કર્યા. તેમને નીરખીને બીજી બાજુ વળ્યાં. નીચે ઊભેલા તેમનો ચહેરો સ્પષ્ટ રૂપે ન જ જોઇ શકે, કારણકે આકાશનું તેજ તેમની પાછળથી આવતું હતું.

આશ્રમનાં સર્વસત્તાધારિણી એ ફ્રેંચ સન્નારી બેશક એક કલામૂર્તિ હોવાં જોઇએ એમ તેમનાં સર્વ નિયંત્રણ, સુશોભન અને વસ્ત્રછટા ઉપરથી કહી શકાય; અને શ્રી અરવિંદનું રહસ્ય ધારણ કરવાને એ એકલાં જ પ્રથમ અધિકારી બન્યાં એથી સાધકોનાં પૂજનીય વંદનીય વ્યક્તિ બન્યાં તેમાં પણ આશ્ચર્ય નથી. સાધકોનું માનવું છે કે શ્રી અરવિંદના સમર્થ તત્વચિંતનને પરિણામે જગતની ગૂઢતમ કેંદ્રસ્થ શક્તિનો તેઓ સંબંધ સાંધી શકયાં છે અને તે દ્વારા વિશ્વનું કલ્યાણ સાધવાની શક્તિ ધરાવતાં થયાં છે.

એ વિષયની વિશેષ ચર્ચામાં ઊતરવાની હું જરૂર જોતો નથી. એ માત્ર શ્રદ્ધાનો વિષય છે અને હિંદુસ્તાનમાં અનેક સંપ્રદાયો અને મંડળો યુગોથી એ દાવો કરતાં આવ્યાં છે. જગતના વ્યવહારોથી અલિપ્ત બની કંઈક યોગીઓએ પોતાની પુણ્ય તપશ્ચર્યાથી આ ભારતવર્ષને પાવન કર્યું છે. એ માર્ગે જનારાની એકાગ્રતા, અડગતા ને સ્વાશ્રયશક્તિ અજબ હોય છે.

પણ એક યુવકને, કકળતી પત્ની, બહોળું કુટુંબ અને વૃદ્ધત્વને છેલ્લે આરે નિશ્વાસ નાખતાં માતપિતાનાં નિર્વાહ તથા સેવાનો માર્ગ છોડી પોતાની ધૂન અને પોતાના એકલાનાં સ્વાસ્થ્ય તથા આરામ મેળવવા આ આશ્રમની છાયામાં ગુમ થતો જોયો ત્યારે મારૂં અંતઃકરણ અત્યંત દુભાયું અને 'મધર'ના માતૃત્વને તથા દયાળુ હૃદયને આ બાબત નજર કરવાથી



થોડી વારે અગાસીપર એક નારીઆકૃતિનું દર્શન થયું

કંઇક અનુકૂળ પરિણામ આવશે એવું ધાર્યું; પરંતુ મને નિરાશા જ મળી. મધર ઉપર કેટલા યે મિત્રોની સંમતિથી એક વિગતવાર મેં પત્ર લખી જોયો. તેની પોસ્ટલ પહોંચ મળી, પણ જવાબ ન જ મળ્યો. હવે કોઇ યોગિક સાધનો દ્વારા તેઓ એ કુટુંબને આશ્વાસન તથા સહાય પહોંચાડશે કે કેમ તેની રાહ જોઉં છું.

પોંડીચેરી આશ્રમ કે આશ્રમનાં મંતવ્યો જોડે મારે વિવાદમાં ઊતરવું નથી. આશ્રમ તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે તે જાહેર સંસ્થા નથી. તેમની મંજૂરી સિવાય ત્યાં કોઇને પ્રવેશ મળતો નથી. સાધકો પણ મંજૂરી વગર કંઇ જ કરી શકતા નથી, એટલે બીજાને તેમની ટીકા કરવાનો પણ હક્ક નથી.

શ્રી અરવિંદ વર્ષમાં ત્રણ જ વખત બહાર આવે છે. ત્યારે પણ દર્શન લેવા ઇચ્છનારાઓ એક માસ આગળથી અરજી કરી મંજૂરી મળે તો જ જઈ શકે છે. કહેવાય છે કે દર્શન કરનારની લાયકીની પરીક્ષા કરીને જ તે આપવામાં આવે છે. કોઇને દર્શનની ઇચ્છા હોય તો આ ત્રણ પૈકી કોઇપણ તારીખે પ્રયત્ન કરવો: ઑગસ્ટની ૧૫મી—શ્રી અરવિંદની જન્મતિથિ; નવેમ્બરની ૨૪મી: તેમનો સાક્ષાત્કારદિન; ફેબ્રુઆરીની ૨૧મી: મધર–માતાજી–મીરાંદેવી અથવા મૅડમ રિશારનો જન્મદિન.

—ર. મ. રા.

જેની કુલ દોલતનો આંકડો એનાં હિસાબી માણસો, સલાહકારો કે ખુદ અમેરિકાનો કાયદો પણ દુનિયાને જણાવી શક્યાં નથી, એવી અટળક સંપત્તિનો માલેક

અમેરિકાનો ધનકુબેર

રૉકફેલર

છેલ્લામાં છેલ્લી ગણતરી પ્રમાણે જગતની મોટા ભાગની લક્ષ્મી થોડા છૂટાછવાયા લોકોના ખિસ્સામાં ભરાઇ બેઠી છે. નાણાંશાસ્ત્રીઓ કહે છે કે જગતનું ભાગ્ય આ બારપંદર વ્યક્તિઓ ઉપર આધાર રાખે છે. એ લક્ષ્મીનંદનો ધારે તો દુનિયાભરમાં ભયંકર વિગ્રહો ફેલાવે; અથવા તો પોતાના ધનના ભંડારો તેઓ જો છૂટે હાથે વહેવડાવી દે તો ધરતીને ખૂણે કોઇ પણ માનવબાળ ટુકડા રોટલા વિના ભૂખે ન મરે!

આ થોડા ધનાઢ્યોમાંનો એક તે રૉકફેલર. જન્મે તે અમેરિકન છે અને સ્વભાવે ને વર્તને પણ અમેરિકન જ! એનાં દાનના પ્રવાહોએ અમેરિકાના સીમાડા ઓળંગ્યા છે એ ખરૂં, પણ એમાંય રૉકફેલર—એક વ્યક્તિ તરીકેની મહત્તા કરતાં અમેરિકા–અનેક વ્યક્તિઓ–ની મહત્તા વધુ દેખાયા સિવાય ન રહે!

રૉકફેલરની દોલતનો છેલ્લો આંકડો એના હિસાબી માણસો કે સલાહકારો પણ નથી જાણી શકયા, અને ભવિષ્યમાં એના દીકરા સિવાય બીજા કોઇને એ આંકડાની ખબર પડશે કે કેમ એ એક શંકા છે. પોતાની સંપત્તિની મોટી મોટી રકમો એણે પોતાનાં બાળકોને નામે ચડાવી દીધી છે. અમેરિકાનો કાયદો પણ જગતને એના ધનના ભંડારોની વિગતો પૂરી પાડી શકે તેમ નથી!

પોતાનું ધન એણે જુદીજુદી દિશાઓમાં રોકયું છે. રૉકફેલર મોટો જમીનદાર છે. એનાં મકાનોનો પાર નથી; એની કેટલી યે પૂંજી રેલવે, તેલની કંપનીઓ અને બીજા અનેક ધંધાના 'શેર'માં રોકાએલી પડી છે. એની કુલ સંપત્તિની વિગતો ભલેને કદાચ જાણી ન શકાય, પણ લગભગ સાડાત્રણ અબજ રૂપિયાની એની સખાવતો તો જગત જાણી શકયું છે.

'જહૉન ડી.'ને નામે લોકોએ ઓળખેલો એ જહૉન ડેવીસન રૉકફેલર સને ૧૮૩૯ના જુલાઇની આઠમી તારીખે ન્યૂયોર્ક સ્ટેટના કોઇ ગામડાની એક ઝુંપડીમાં જન્મ્યો. એનો પિતા સાહસિક વૃત્તિનો, ચપળ અને કાર્યદક્ષ હતો. માતા સ્વભાવે ધાર્મિક વૃત્તિની ને હોશિયાર હતી. પોતાનાં બાળકો આજે જે પ્રાપ્ત કરી શકયાં છે તે જ માતાએ દીધેલી તાલીમના ફળરૂપે એ છે. જહૉન, પાંચ ભાઇબહેનોમાં બીજો છે.

એનું ચરિત્ર આલેખનાર લડવિગના મતે અમેરિકાની બેચાર વ્યક્તિઓમાંનો એ એક છે. બચપણમાં એનું કામ ગામડાની સીમમાં બટાટાનો પાક એકઠો કરવાનું ને સવારસાંજ ગાયો દોહવાનું હતું. યૌવનને આંગણે પગ મૂકતાં ગામડામાં એક નાની દુકાન શરૂ કરી. નહિ જેવું એ ભણ્યો છે. શાળામાં હોશિયાર વિદ્યાર્થી તરીકે એની ગણના કદી ય નથી થઇ. આખા અભ્યાસક્રમમાં એને રસ પડતો હોય તો માત્ર એકલા મુખગણિતમાં. અને એ વિષયના રસે એના જીવનમાં કંઇ નાનોસૂનો ભાગ નથી ભજવ્યો!

જેમાંથી એનું આજનું જીવન વાંચી શકાય એવા કોઈ અસાધારણ પ્રસંગો એના બાળ જીવનમાંથી આપણને નથી મળી શકતા. જડવાદ ભરતી ગરીબાઇમાં એ જન્મ્યો ને ઊછર્યો, અને જીવનતુલાનાં બંને પાસાં સરખાં રહે એમ એ મોટો થયો; ડુંગરાળ પ્રદેશમાં એના શરીરનો બાંધો બંધાયો ને કુટુંબ તરફની વફાદારીએ એનામાં ચારિત્ર્ય ઉદ્દભવ્યું; પોતાનાં નાનાં ભાઇબહેનો તરફની કાળજીએ એનામાં આત્મવિશ્વાસ દેખાયો. પિતાના કાર્યની એને ગમ નહોતી પડતી; એટલે માતાની જરૂરિયાતો ને આફતો એ પિછાણી શકયો. ધાર્મિક માન્યતાઓએ એના જીવન સામે દીવો ધર્યો. રૉકફેલરને મન સદ્દગુણો એ ચર્ચાનો નહિ પણ જીવનમાં ઉતારવાનો ને આચરવાનો વિષય હતો. પોતાના ધર્મગ્રંથ બાઇબલની ગાથાઓ દેવળમાં માત્ર ગાવા માટે નહિ, પણ નિત્ય જીવનમાં આચરવાની અચૂક રીતો હતી.

અને એટલે જ આજ સુધીના એના જીવનની રચના સીડીનાં પગથિયાં જેવી બની રહી છે. એક પછી એક પગથિયે એ વધુ ને વધુ સબળ બનતો

ગયો એ વાતની સાક્ષી પૂરતી સાલો ને ઉમર આ રહી:


ઈ. ૧૮૫૫ ઉમર ૧૬— ઓહિયોના ક્લીવલૅંડ ગામની એક દુકાનમાં કારકૂન.

ઈ. ૧૮૫૮ ઉ૦–૧૯ એ દુકાનમાં ભાગીદારી.

ઈ. ૧૮૬૨ ઉ૦–૨૩ તેલની સુધારણાના અખતરા.

ઈ. ૧૮૬૫ ઉ૦ ૨૫ જીવનભરનો તેલનો ધંધો લીધો.

ઈ. ૧૮૭૦ ઉ૦ ૩૧ ઓહાયોમાં સ્ટૅન્ડર્ડ ઑઇલ કંપનીની સ્થાપના: પછીનાં બે વરસે તેલનો રાજા.



ઈ. ૧૮૮૨ ઉમર ૪૩— સ્ટૅન્ડર્ડ ઑઇલ ટ્રસ્ટ —નવ ટ્રસ્ટીઓ સાથે. અત્યારસુધી રાજકારણમાં એણે ક્યાંયે માથું નથી માર્યું કે નથી વર્તમાનપત્રો તરફ કશું ધ્યાન આપ્યું; છતાં ય તેલની કંપનીઓ, રેલવે કંપનીઓ કે બૅંકો, અમેરિકાનું રાજકારણ ને જગતનાં વર્તમાનપત્રો, એમ અનેક દિશામાં એની અને એના ધંધાની અસર પહોંચી વળી છે. અને એમ બનતાં જગતનો તિરસ્કાર ને ઘૃણા પોતાને ભાગે રાખી નફાની મોટી મોટી રકમોના હિસ્સા પોતાના ભાગીદારોને મળે એટલું એણે ધ્યાનમાં રાખ્યું છે.

ઈ. ૧૮૮૫ ઉમર ૫૬—કંપનીના સક્રિય કામકાજમાંથી ફારગતી લીધી. છતાં તેના પ્રમુખ તરીકે ચાલુ.

ઈ. ૧૯૧૧ ઉમર ૭૨—ચાલીસ ચાલીસ વર્ષો સુધી અયોગ્યરીતે વેપાર જમાવનાર તરીકેનું યુનાઇટેડ સ્ટેટ્સ સુપ્રીમ કોર્ટનું એના ઉપર રૂલિંગ.

અને આ સીડીનાં પગથિયાં મખમલજડ્યા સુંવાળાં કે ગુલાબની પાંદડીઓથી પથરાએલાં નહોતાં, પણ કાંટાળાં ને ખરબચડાં હતાં. છતાં યે હેનરી ફોર્ડની માફક રૉકફેલરે સીડીને છેલ્લે પગથિયે ઊભીને સમતોલપણું સાચવ્યું છે.

૧૯૧૩માં અમેરિકાની કૉંગ્રેસે એના દશ કરોડ ડૉલરના રોકાણનો દસ્તાવેજ આપવાની ના પાડી. જગત સમક્ષ ફરીને એ મોં ન બતાવી શકે એ ઉદ્દેશે એની ત્રણ ત્રણ વખત જડતી લેવાઇ. એને ધુતકારી કાઢ્યો ને અપમાનિત કર્યો. તે વખતે પણ રૉકફેલરે પોતાનો બચાવ કરવાની સાફ ના પાડી. પ્રજા સમક્ષ એણે હસતાં હસતાં મોં બતાવ્યું ને લોકોએ એને માન આપી વધાવી લીધો.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ તે કઇ જાતનો માણસ

છે ? કોના જેવો છે ? એનું વ્યક્તિત્વ કેવુંક છે ? એમિલ લડવિગ કહે છે તેમ એ મિતભાષી ને અગમ્ય છે ? એના કોઇ ચરિત્રલેખકની કલમ કે ચિત્રકારની પીંછી બતાવી શકે તેના કરતાં દૈનિક જીવનનાં એનાં નાનાંમોટાં કૃત્યો જ એને સાચી રીતે રજૂ કરી શકે છે.

આજે ચોરાણું વર્ષે પણ ગૉલ્ફની રમત રમી શકે અને શેરીઓમાં ફરતાં ડાઇમ્સ (૧ ડાઇમ=૪ આના) વહેંચી શકે એવી એની શરીરસંપત્તિ છે. આજે પણ એનું દૈનિક જીવન ચાંદાસૂરજની ગતિની માફક અચૂક એકધારૂં વહી રહ્યું છેઃ ૬–૩૦ વાગે ઊઠવું, ૭થી૮ સુધી વર્તમાનપત્રોનું વાચન, ૮ વાગ્યે નાસ્તો, ૮–૩૦થી ૮–૪૫ સુધી રમતગમત કે વાતચિત, ૮–૪૫થી ૧૦ સુધી વેપારી બાબતો, ૧૦–૧૫થી ૧૨ સુધી ગૉલ્ફની રમત, ૧૨થી૧–૧૫ સુધી નહાવું ને આરામ લેવો, ૧–૧૫ થી ૩ ભોજન ને રમતો, ૩ થી ૫ વાગ્યા સુધી ફરવું, ૫ થી ૭ આરામ, વાતચિત કે વાચન સાંભળવું, ૭ વાગ્યે જમવું, ૮થી૧૦ સુધી ન્યુમેરિકાની રમત, સંગીત કે કોઇને મળવા જવું અને ૧૦ને ટકોરે શયન, એમ એનો દિવસભરનો કાર્યક્રમ પૂરો થાય છે.

રૉકફેલરના જીવનમાં અમુક ગુણો વણાઇ ગયા છે. એની માન્યતાઓ વડે ઘડાએલા એના જીવનમાંથી એ ગુણો સહજ રીતે જોઇ શકાય છે. દૈનિક જીવનમાં એ અત્યંત સાદો છે. જગતમાં પૈસા ખરચી મેળવાતી કોઇપણ ચીજ એ ખરીદી શકે તેમ છે, છતાં યે એની મુસાફરીમાં કે અન્ય બાબતોમાં નરી સાદાઇજ દેખાય છે.

એના જીવનમાં કરકસર છે, પણ કંજુસાઈ નથી. કોઇ મિત્રે લગભગ અરધી બળ્યા વિનાની સિગારેટ ફેંકી દીધી એટલે એ બોલી ઊઠયો, 'હું સિગારેટ પીતો હોઉં તો આટલી ફેંકી ન દઉં. આવો વ્યય કરવો એ મારી શક્તિ બહારની વસ્તુ છે.'

એ ખૂબ જ હિંમતવાન છે. આત્મવિશ્વાસ પણ તેનામાં બહુ છે. પોતાને ઠીક લાગે તે પ્રમાણેનું આચરણ અને વિચારો જાહેર કરવાની એની શક્તિ અગાધ છે. એના ચહેરા પર ગુસ્સાની કે ખોટી ધમાલની એકપણ લાગણી કદી પણ જોવામાં નથી આવતી. લાગણીઓના પ્રવાહમાં એ નથી તણાતો. એના સાથીદારો એના વિચારો નથી વાંચી શકતા; જયારે રૉકફેલર હમેશાં પોતાના મિત્રો તેમજ હાથ નીચે કામ કરતાં માણસોને, એમના ચહેરા વાંચી, પારખી શકયો છે. બહુ મળતાવડા સ્વભાવનો એ નથી. એના એ સ્વભાવે તો રૉકફેલર આજે ધનકુબેર બની શકયો છે. પોતાને સાચું લાગે તે રીતે કામ કરવાની એની હઠ નાના બાળકના જેવી છે.


નિયમિતતાના તો અવતાર સમો એ છે. એ તો કહે છે કે કોઇપણ માણસને કોઇનો જરા જેટલો પણ સમય વ્યય કરવાનો અધિકાર નથી.

સભ્યતાની તો સાક્ષાત મૂર્તિ. એ ખૂબ સંસ્કારી છે. એનાં કપડાંથી માંડીને તેની ભાષા, રીતભાત, ટેવો અને સંબંધીઓ એ સર્વમાં સંસ્કારિતા એને બહુ પ્રિય છે. અસંસ્કારિતાનો એ કટ્ટો દુશ્મન લાગે છે. પોતે વફાદાર છે અને બીજામાં વફાદારી ઉત્પન્ન કરી શકે છે. એ પોતાની ફરજ સમજે છે. ફરજની ધાર્મિક માન્યતા વિષે એ કહે છે કે 'પોતાથી બની શકે તેટલું બધું કમાવું અને બની શકે તેટલું બધું આપી દેવું એ જ માત્ર સાચી ધાર્મિક ફરજ છે.' પોતાનો કટ્ટર વિરોધી પણ એની વાતો કબૂલ રાખે એવી અસરકારક રીતે એ બીજાને અમુક બાબતો સમજાવી શકે છે, ને તેથી જ એ ઉચ્ચ પ્રકારનો વેપારી બની શકયો છે.

નાની મોટી રકમોની સખાવત કરવામાં એ ખૂબ ઉદાર છે. ૧૯૧૩ની સાલથી દર વર્ષે દસ લાખ ડૉલર જાહેર અને બીજા દસ લાખ ડૉલર ખાનગી રીતે, એમ એ રકમો ધર્માદામાં વાપરે છે.


આ ઉપરાંત એના સ્વભાવમાં બીજી કેટલીક બાબતો તરી આવે છે. સમાજનાં સામાન્ય બંધનોથી એ પર છે. સ્વભાવે એ લડાયક છે, પણ એનામાં ક્રૂરતા નથી. જયારે તેને કોઇ પણ ચીજ મેળવવાની ઇચ્છા થાય છે ત્યારે ગમે તે ભોગે તે એ મેળવે છે; પણ સામાન્યરીતે એ વસ્તુ મેળવી શકાય એવી છે કે નહિ, એટલું એ પહેલેથી જ નક્કી કરી લે છે.

જો ડેવીસન નામનો નામીચો શિલ્પકાર એના વિષે કહે છે કે રૉકફેલરમાં બીજાં માટેની સહાનુભૂતિ દેખાઈ આવે છે. બીજાની વાત એ સાંભળે છે અને પિછાણ રાખવામાં એ ખૂબ સાવચેત છે. એના ચહેરા પર દિલગીરી કે અસુખની છાયા કદી પણ જોવામાં નથી આવતી. સ્વભાવે એ બહુ ઉદાર છે, એટલે નવા વિચારો ગ્રહણ કરતાં એ ખંચાતો નથી. એને કોઇ પણ જાતનું વ્યસન નથી.



ગજેન્દ્રશુણ્ડે સરકી ભમતારામ
બેઠો મસ્તક કર્ણમૂલમાં નચવત પદ્માંગુલી સુખધામ
પદ્માંગુલીનૃત્યે નિજ મામ
સીંચત ગજેન્દ્રધ્યાન વિષે અવિરામ.

(જુઓ–આ અંકમાંનું કાવ્ય 'વા વાયાથી નળિયું ખસ્યું')
ચિત્રકાર · રવિશંકર રાવળ



ટોડા લોકોના વાસ

આલેખક · રવિશંકર રાવળ

(ટોડા એ નીલગિરિ—મદ્રાસ ઈલાકામાંના—પ્રદેશમાં વસતા દક્ષિણ હિંદના આદિ વતનીઓ છે.)

આમ એના સ્વભાવની અનેક ઊજળી બાજુઓ છે, અને સાથેસાથે દેખાઇ આવે એવી એના ધંધાને અંગેની કેટલીક આંટીઘૂંટીઓ પણ સારી પેઠે છે. માત્ર વેપારની વાત સિવાય ગમે તે વિષય પર બીજાની સાથે વાતો કરતાં એને હરકત નથી. જાહેરમાં ધંધાને અંગેની પોતાની ભૂલ એ હરગીઝ કબૂલ નથી કરતો.

વેપારને અંગે અને બીજી અનેક બાબતોમાં દુનિયાના જુદાજુદા દેશોએ એનો સહકાર શોધ્યો છે—સહકાર શોધવો પડે એવી સ્થિતિ એણે ઊભી કરી છે—છતાં યે સર્વ રીતે એ અલિપ્ત રહ્યો છે.

અમેરિકાની આજની બધી જ ખૂબીઓ કે ખામીઓની એ જીવતી પ્રતિમા સરખો છે. રૉકફેલરને પૂરી રીતે સમજવો ખરે જ મુશ્કેલ છે.

(અંગ્રેજી પરથી તારવીને) 'મુસાફિર'

રાજારામની વિશ્રામભૂમિ


સિંહગઢ

સિંહગઢ એટલે વીર તાનાજીની બલિદાનભૂમિ. સિંહગઢ એટલે પૂનાનો દક્ષિણ સાથે સંબંધ બાંધનાર મોટા ધોરી રસ્તાના બે ઊંચા ચોકીદારોમાંનો એક—પુરન્દરનો મોટો ભાઇ. સિંહગઢ એટલે પૂનાની ચાવી. શિવાજી જેવા દ્વિજરાજનો બાળપણનો માળો. એવા એવા અનેક નામે સિંહગઢને અનેક વાર વંદન કર્યું છે. છતાં એક વિચાર પા-શતક થયાં છૂપી રીતે મગજમાં ઘર કરી બેઠો છે તે જતો જ નથી. પા-શતકને અંતે એ કાલે જ પ્રસ્ફુટ થયો. સિંહગઢ એટલે મહારાષ્ટ્રના સ્વાતંત્ર્યરક્ષક રાજા રાજારામનું અંતિમ વિશ્રામસ્થાન.

સિંહગઢ ઉપર અમે પહેલવહેલા ચઢ્યા ત્યારે જ આ સ્થાન જોયું હતું. રાજારામની સમાધિનું નાનકડું મંદિર, એનો સુંદર ઘુમ્મટ અને એના પર શોભતો કળશ, પાસે જ ઝરતું નાનકડું પાણીનું વહેણ,—એ બધું એવું તો હૃદયમાં કોતરાઇ ગયું છે કે સિંહગઢ પર આવતાં વેંત પ્રથમ એ તરફ ધ્યાન જાય છે. ભવભૂતિનો રામ પોતાની અકળામણ વ્યક્ત કરતાં કહે છે: दुःखसंवेदनायैव रामे चैतन्यमाहितम् । મહારાષ્ટ્રનો સ્વાતંત્ર્યદીપક રાજારામ એ જ લીટી વધુ યોગ્યતાથી પોતાને લગાડી શકે એમ છે.

ઇ. સ. ૧૬૮૦ સુધીનું રાજારામનું જીવન આપણે કશું જાણતા નથી. પુરુષાર્થી પિતાના પ્રેમાળ પ્રસાદ તળે એમણે સુખના અનેક દિવસો જોયા હશે. પણ ૧૬૮૦ થી ૧૭૦૦ સુધીનાં વીસ વર્ષો તો, મહારાષ્ટ્ર સાથે એકરૂપ થએલા અને મહારાષ્ટ્ર સાથે જ દિલ્હીના બાદશાહ સામે એક ટેકથી અખંડ લડનાર આ રાજાના જીવનમાં, કેવળ દુઃખ, ચિંતા, નિરાશા અને ઉદ્વેગના જ ગયા છે. આ વીસ વર્ષમાં મહારાષ્ટ્ર ઉપર જેટલાં સંકટો આવ્યાં તેટલાં ભાગ્યે જ બીજે સમયે એટલા ગાળામાં આવ્યાં હશે; અને સોનું જેમ તાપણી અને કસણીથી વધારે ઉજ્જ્વલ બને છે તેમ આ વીસ વર્ષમાં મહારાષ્ટ્રે શિવાજીની તાલીમને અંતે પોતાની અગ્નિપરીક્ષા આપી. દિલ્હીનો બાદશાહ ઔરંગઝેબ એક મોટા સામ્રાજ્યની ફોજ અને ખજાનો લઇ મહારાષ્ટ્રમાં ઊતર્યો. મરાઠાઓનું કાસળ કાઢવાં માટે એ ચંગ બાંધીને અહીં આવી પડ્યો. સામ્રાજ્યની યોજનાશક્તિ એની પાછળ હતી. પાણીનો રેલો આવે છે, હાથીપૂર કે ઘોડાપૂર આવે છે તે અમુક કલાક જ ટકે છે; બહુ બહુ તો અમુક દિવસ સુધી ટકે: દિલ્હીથી આવેલું એ સામ્રાજ્યપૂર ૧૯ વરસ સુધી મહારાષ્ટ્ર પર ધસ્યું. મહારાષ્ટ્ર પાસે યોજના ચલાવવા જેટલી પણ સગવડ રહી નહોતી. છતાં કેવળ હૃદયની નિષ્ઠાથી, સ્વાતંત્ર્યની પ્રેરણાથી અને રાજારામની અનુપમ સહનશક્તિથી મહારાષ્ટ્ર લડતું જ રહ્યું. ૧૭૦૦ની સાલમાં ચિંતામાં ને ચિંતામાં રાજારામ એ જ સ્થાને ગુજરી ગયા. પણ એ ઉદાર રાજાએ મરતાંમરતાં પોતાની દેશભક્તિ, પોતાના દેશવાસીઓની અને પોતાની ચિંતા પોતાના મહત્ત્વાકાંક્ષી શત્રુને વારસામાં આપી દીધી. રાજારામ સિંહગઢ ઉપર ૧૭૦૦ની સાલમાં દેવ થયો, જ્યારે ઔરંગઝેબ ઔરંગાબાદમાં ૧૭૦૭માં દેહ છોડ્યો. એ સાત વરસમાં મહારાષ્ટ્રને કોઇ ખાસ નાયક ન હતો. શિવાજીનો પુણ્યસંકલ્પ અને રાજારામની તપશ્ચર્યા બંને દરેક મહારાષ્ટ્રીયના હૃદયમાં વસતા હતા; એ જ એમના નેતા નીવડ્યા.

એ રાજારામનું જીવનચરિત્ર કેટલું ઉદ્બોધક છે એ મહારાષ્ટ્રીયોએ બીજા પ્રાંતના લોકોને હજી બતાવ્યું નથી. સિંહગઢ પર બેઠાબેઠા રાજારામનું એક જીવનચરિત્ર લખી કાઢવું એવું મનમાં થાય છે. થશે કે કેમ એની ખબર નથી, પણ સિંહગઢ એટલે રાજારામની વિશ્રામભૂમિ, એમ દુનિયા સમજતી થાય એટલું કરવાની જરૂર છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**



←સૂર્યમંડળના કુટુમ્બમાં આપણને પૃથ્વીના લોકને જો કોઇ ગ્રહ સૌથી વધુ રસમય લાગતો હોય તો તે મંગળનો; કેમકે તેની સપાટી બીજા ગ્રહોની માફક કોઈ પ્રકારનાં વાતાવરણો કે વાદળોને લીધે ઢંકાઇ જતી ન હોવાને લીધે આપણે સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ. એનો રાતો રંગ તો એટલો બધો જાણીતો છે કે તે લાલ ગ્રહ તરીકે પણ ઓળખાય છે. તેના બે ધ્રુવ-પ્રદેશના છેડાઓ સફેદ દેખાય છે જે 'ધ્રુવટોપીઓ'ને નામે ઓળખાય છે અને ત્યાં બરફ અથવા તો ઠરી ગએલો કાર્બન-ડાયોક્સાઇડ છવાઇ રહેલો મનાય છે. એ ગ્રહ ઉપર જ્યારે ઉનાળો બેસે છે ત્યારે એ સફેદ ટોપીઓ કદમાં નાની થતી જણાય છે અને તે વેળા એ આખા ગ્રહ પરની અમુક ચોક્કસ રેખાઓ વધારે સ્પષ્ટ માલૂમ પડે છે. કેટલાક વૈજ્ઞાનિકોનો એવો મત છે કે આ રેખાઓ એ મંગળના બુદ્ધિશાળી વતનીઓએ બનાવેલી નહેરો છે અને અમુક જ ઋતુમાં એ વધુ સ્પષ્ટ દેખાય છે તે એ ઋતુમાં ત્યાં ઊગતી વનસ્પતિને આભારી હોય.

(COURTESY: WORLD OF WONDER)

લોહિતાંગ મંગળ

ખગોળશાસ્ત્રમાં તમને બહુ રસ નથી?—ભલે; પણ આ જમાનામાં એટલી વાત તો સૌકોઇને કાને આવી હશે કે મંગળ ઉપર વસ્તી હોવાની બધી સંભાવના ખગોળવેત્તાઓએ ભાખી છે.— એ કલ્પનાઓ અને એનાં કારણો, કુતૂહલ ઉપજાવે એવી અવનવ માહીતી સાથે, આ લેખમાં વાંચવા મળશે. . . . . .

સૌર જગતમાં પૃથ્વીવાસીઓનું જો સવિશેષ ધ્યાન કોઇએ ખેંચ્યું હોય તો તે મંગળના ગ્રહે. થોડા સમય પર થએલી રૉકેટ (હવાઇ)માં બેસી ત્યાં પહોંચવાની તૈયારીઓ પણ એ જ બતાવે છે. ત્યાં વસ્તી હોવાનું મોટા ભાગના વૈજ્ઞાનિકો માને છે. આપણી પૃથ્વી કરતાં તે વહેલો ટાઢો પડ્યો હોઇ તેને ઉત્ક્રાન્તિનો પૂરો અવકાશ મળ્યો છે. ત્યાં વસ્તી હશે કે નહિ ને હશે તો કેવી તે આપણે પછી વિચારીશું. પૃથ્વી કરતાં તે નવમા ભાગનો નાનો હોઇ તેનું ગુરુત્વાકર્ષણ આપણા કરતાં અઢીગણું છે. વળી આપણાથી તેનું સૂર્યનું છેટું લગભગ બમણું હોવાથી બહુ નબળાં કિરણો ત્યાં પહોંચવાથી આપણા સરખી મનુષ્યજાતિનું તો હવે તેના ઉપર અસ્તિત્ત્વ જ ન સંભવે. પણ પહેલાં આપણે તેનું નિરીક્ષણ આરંભીએ.

નરી આંખે જોનાર સાધારણ માણસ પણ જોઈ શકે કે તેનો રંગ લાલ છે. આ લાલાશ માટે ઘણાં કારણો બતાવાય છે. પૃથ્વી પર વનસ્પતિનો રંગ જેમ લીલો છે તેમ ત્યાં આગળ લાલ હોવાને લીધે તેની લાલાશનું અસ્તિત્વ આજ કોઇ સ્વીકારે એમ નથી. ત્યાંના વાતાવરણમાં એટલાં બધાં અને એવાં વાદળાં બંધાય છે કે જેમાંથી લાલ રંગનાં કિરણો પ્રવેશ કરી શકે એ સિદ્ધાંત પણ હવે સામાન્ય છે. ત્યાંની સપાટી

લાલ રંગના ભૂખરિયા પથ્થર(Red sandstone)ની બનેલી હોવાને લઇને પણ એ રંગ હોવાનું આજે સર્વમાન્ય છે.

કોઇ સાધારણ દૂરબીનથી પણ મંગળનું નિરીક્ષણ કરીએ તો આપણને તેમાં ચારે તરફથી સીધા આંકા (એટલા સીધા કે જાણે આંકણીથી જ આંકેલા ન હોય એવા) દેખાય છે, અને તેમના કેન્દ્ર તરીકે અમુક કાળા ગોળ ડાઘ જણાય છે. એ ડાઘ વિશાળ રેલવે જંકશન યા તો અસંખ્ય *લાંબી* નહેરોના કેન્દ્રરૂપ વિશાળ સરોવર કાં ન હોય? પહેલવહેલું ૧૮૮૨માં પ્રો. સ્કીઆપારેલીએ તેના નિરીક્ષણ બાદ એ નહેરો હોવાનું અનુમાન બાંધ્યું. પાછળથી પ્રો. પિકેરિંગ, મૉ. ફ્લામારીઆ વગેરેએ પણ તેને ટેકો આપ્યો; છતાં તે પર નિર્ણયાત્મક મત આપવો એટલા માટે અશક્ય છે કે જેમજેમ મંગળ પોતાની પ્રદક્ષિણામાં પૃથ્વીની પાસેપાસે આવતો જાય છે તેમતેમ કોઇ અલાદીનના જાદુઇ ફાનસની પેઠે, તે કુદરતી રીતે ઝાંખા થતા જઇ છેવટ અદસ્ય થઇ જાય છે. નદીઓ તરીકે તો એ ન જ સ્વીકારી શકાય. એટલી બધી સીધી અને એકસરખી જ પહોળાઈની નદીઓ હોવી અસંભવિત છે. સંયોગો અને સાધનો તે પર પૂરતો પ્રકાશ પાડે ત્યારે ખરૂં.

પ્રો. લૉવેલ ઉપરોક્ત નહેરોની કલ્પનાને ટેકો આપતાં ત્યાં કુલ ૪૫૦ નહેરો હોવાની ગણત્રી કહાડે છે. એને અસંભવિત તો ન જ ગણી કઢાય, કારણ કે દિનપ્રતિદિન ત્યાં ઘટતા જતા પાણીના સમૂહને લીધે, ધ્રુવપ્રદેશમાંથી ઓગળતાં બરફનાં પાણી ઝીલવા સારૂ ત્યાંની વસ્તીએ આ ભીમકાર્ય ઉઠાવ્યું હોય તો નવાઈ નહિ.

આપણી પૃથ્વી પેઠે જ ત્યાં વાતાવરણ, ઋતુ, જમીન, પાણી, વાવાઝોડાં, પર્વત ને વાદળાં છે. તેનું નિર્માણ તથા બંધારણ પૃથ્વી કરતાં જરા યે ભિન્ન નથી. ત્યાંનું વર્ષ આપણા કરતાં બમણું–૬૮૭ દિવસોનું ને દિવસ આપણાથી ચાલીસ મિનિટ લાંબો છે. આપણી પૃથ્વીના ઉપગ્રહ તરીકે જેમ એક ચન્દ્ર છે તેમ મંગળને બે છે.



↑સૂર્ય આગળ મંગળ પ્રમાણમાં અતિશય નાનો છે; કેવડો તે ઉપરના ચિત્ર પરથી સમજાશે. ઉપર જે સફેદ કિનારી બતાવી છે તેને સૂર્યના પ્રચંડ બિમ્બની એક કિનાર સમજો. એ કિનારનું પ્રમાણ લઇ તે પરથી સંપૂર્ણ વર્તુલ દોરીએ અને પછી તેના પર, ઉપર જે કાળું ટપકું બતાવ્યું છે એવડું ટપકું મૂકીએ ને જેવડું એ દેખાય તેવડો, મોટા સૂર્ય આગળ મંગળ લાગે! સૂર્યથી તે પોતાની ધરી પરના દૂરમાં દૂરના અંતરે હોય ત્યારે ૧૫૪,૮૯૦,૦૦૦ માઇલ અને નજીકમાં નજીક હોય ત્યારે ૧૨૮,૪૪૦,૦૦૦ માઈલ છેટે હોય છે. સૂર્યનો વ્યાસ ૮૬૭,૦૦૦ માઇલ છે જ્યારે મંગળનો ૪,૩૫૨ માઇલ જ છે; પૃથ્વીના વ્યાસના અરધા ભાગ કરતાં સહેજ વધારે.

આ તમને ખબર હતી?

- કદમાં મંગળનો ગ્રહ પૃથ્વીના પાંચમા ભાગનો છે. પણ . . .
- વજનમાં પૃથ્વીના દસમા ભાગનો! અને તેની સપાટી પૃથ્વીના ચોથા ભાગની છે!
- પૃથ્વીનો વ્યાસ ૭૯૧૮ માઇલનો છે, જ્યારે મંગળનો વ્યાસ ૪૩૫૨ માઈલનો.
- ત્યાંના વતનીઓ ક્રિકેટને એક જ ફટકે દડાને ૫૦ માઇલ મોકલી શકે; આપણને બે ફૂટ કૂદવામાં લાગે એટલા શ્રમથી એ લોકો સાડાઆઠ ફૂટ કૂદી શકે.
- અહીં ૨૦૦ રતલ વજનની ચીજ ત્યાં ૭૫ રતલ જ થાય!
- આપણને એક મોટો ચન્દ્ર છે; ત્યાં નાનકડા બે ચન્દ્ર છે; જેમાંનો એક તો લંડન શહેર જેવડો જ! અગિયાર કલાકમાં તો એની અમાસથી પૂનમ સુધીની બધી કળાઓ પ્રદર્શિત થઇ જાય; અને કોઇવાર એક દિવસમાં બે ગ્રહણ પણ થઇ જાય!
- આપણું વર્ષ ૩૬૫ દિવસનું; ત્યાંનું ૬૮૭ દિવસનું.

એક ઉપગ્રહ તે ફોબોસ. મંગળથી તે ૬૦૦૦ કિલોમીટર દૂર છે. તેનો વિસ્તાર લગભગ લંડન શહેર જેવડો થાય. તેની ઝડપ એટલી છે કે ૭ કલાક ૩૯ મિનિટ ને ૧૫ સેકંડમાં તે મંગળની પરિક્રમા પૂરી કરે છે.

બીજો ઉપગ્રહ તે ડેઇમૉસ. તેને પોતાની પરિક્રમા પૂરી કરવા માટે ૧ દિ. ૬ ક., ૧૭ મિ., ૫૩ સે. લાગે છે. તેનો વિસ્તાર એટલો છે કે આખો ખૂંદી વળતાં ફક્ત ચાર જ કલાક જોઈએ.

આ બંને ગ્રહોની ગતિ એકબીજાથી ઊલટી દિશામાં છે. ડેઇમૉસનું ગ્રહણ ઘણી વખત બનવા પામે છે. એક દિવસમાં બે ગ્રહણ સુદ્ધાં થઇ જાય છે ! અગિયાર કલાકમાં તો એ ચન્દ્રની પૂનમથી અમાસ સુધીની સઘળી કળાઓ પ્રદર્શિત થઇ જાય છે.

સૂર્યથી તે પૃથ્વી કરતાં વધારે દૂર છે, અને સૂર્યની આસપાસ ફરવાની તેની ધરી પૃથ્વી કરતાં દોઢી મોટી છે. આથી બને છે એવું કે ઘણી વાર તે પૃથ્વીથી બહુ નજીક હોય છે, તો કેટલીક વાર અતિશય દૂર જતો રહે છે. નજીકમાં નજીક હોય ત્યારે પૃથ્વીથી ૩૩,૯૧૬,૦૦૦ માઇલ અને દૂર હોય ત્યારે ૨૪૯,૩૮૪,૦૦૦ માઇલ તે હોય છે. આથી તેનું કદ પણ પૃથ્વી પરથી નાનું મોટું જણાયા કરે છે. અને તદ્દન નજીક હોય ત્યારે દૂરના કરતાં સાતગણો મોટો દેખાય છે. પ્રકાશમાં પણ આ જ રીતે ફેર પડી જાય છે. દૂર હોય ત્યારે ધ્રુવના તારા જેટલો એ પ્રકાશમાન લાગે છે, પણ નજીક હોય છે ત્યારે તેનાથી લગભગ પચાસગણો તેજસ્વી—ગુરુના ગ્રહની પણ હરીફાઇ કરે તેવો એ ઝળહળી રહે છે.

મંગળનું વાતાવરણ વખતોવખત વરાળથી પ્રેરાયલું રહેતું હોવાનું સ્પેક્ટ્રોસ્કોપ બતાવી આપે છે. ત્યાંના ધ્રુવપ્રદેશો પણ આપણી પૃથ્વીની જેમ જ બરફથી છવાએલા છે. ત્યાંના ઉનાળામાં જ્યારે ઝાકળ ઊડી જાય છે ત્યારે એના પૃષ્ઠભાગ પર અસંખ્ય સમુદ્રો, સામુદ્રધુનિઓ, અખાતો ને ઉપસાગરો નજરે પડે છે. ત્યાંની જમીન ગ્રહના અવસ્થાંતરના ક્રમ મુજબ આપણી પૃથ્વીની પેઠે જ પ્રાથમિક સમુદ્રોના તળિયાના અવશેષોની બનેલી છે. ત્યાંની ભૂમિની રૂપરેખા જ ત્યાં ઘણી ઉંચાઇની પર્વતમાળાઓ હોવાની સાબિતી આપે છે. ત્યાં પાણી યે છે અને તે પાણીની વરાળ જીરવી શકે તેવું વાતાવરણ પણ છે.

આજ સુધી સાંપડેલાં એ ગ્રહનાં વર્ણનો ઉપરથી આપણી કલ્પના કદાચ, મંગળની ભૂમિને ભેટતી તેની તરંગાવલિ, ઉષા સમયનું ધુમ્મસછાયું તેનું દશ્ય, સૂર્યના ઉદય સાથે અંચળ ઉઘાડતી તેની સપાટીની સુસ્પષ્ટતા, ધોમ ધખતા અનલની ફૂંકે ફૂંકારી ઊઠતો માતરિશ્વા, માત્ર રાત્રિના જ સમયમાં દેખા દેતી તેની ધવલ અભ્રમાળાઓ, ઊંચી–લાંબી કરાડો ને ભેખડો વચ્ચે સારો યે કોલાહલ શમાવતા તેના ઘોષો–પ્રતિઘોષો વગેરે સઘળું કલ્પી શકે; એટલું જ નહિ પણ આપણાથી આછા ત્યાંના વાતાવરણમાં આપણી જેમ જ અન્ય વિશ્વોની દર્શનલબ્ધિ વાસ્તે તલપતા ત્યાંના માનવીઓના બુટ્ટો પણ આપણા કલ્પનાતરંગો કદાચ ઉઠાવે ત્યાં સુધી વિજ્ઞાનનાં સાધનોએ સાથ આપ્યો છે. અને હજી સુધી આ કલ્પનાઓ નાપાયાદાર ગણાઇ નથી જ. ત્યાં વરસાદ, ઝાકળ, કરા, ગર્જના, વિદ્યુત બધું છે; એટલું જ નહિ પણ આપણા કરતાં વધુ ભયંકર છતાં ઓછા વિનાશક ઝંઝાવાતો પણ ત્યાં છે.

આપણા કરતાં સૂર્યથી તે વધુ દૂર હોઇ સૂર્યની સીધી ગરમી તેને આપણા કરતાં ઓછી મળે છે. હવે જો તેનું વાતાવરણ પાંખું–આછું–હોય તો ઉષ્ણતાના ઉતાવળા પ્રસરણ (radiation)ને લઈ તે જલદી ઠરી જાય. આપણી પૃથ્વી કરતાં તેને ઓછી ગરમી (પાંચ અને એના પ્રમાણમાં જ) મળતી હોવાથી તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ટૂંકા કાળને પણ, તે પર વસ્તીનું અસ્તિત્વ હોવાનું વિચારતાં પહેલાં ખ્યાલમાં રાખવાની જરૂર છે. સૂર્યની ગરમી એ ગ્રહ પરની જીવસૃષ્ટિના એક આવશ્યક કારણરૂપ છે એ વિચારીને જ નિર્ણય બાંધવાનો છે. જોકે સજીવસૃષ્ટિધારણ એ ગ્રહની ઉત્ક્રાન્તિમાં, એક સ્થિતિક્રમ હોવાની ના ન જ પાડી શકાય. પ્રકાશ અને ઉષ્ણતાના કેન્દ્રથી દૂર હોવાથી એ ક્રમ આપણી પૃથ્વી જેટલો કદાચ ન લંબાઇ શકે. પ્રલય બાબતની તેની પ્રવૃત્તિ પણ પૃથ્વીથી વધુ વિશાળ ને વિનાશક હશે.


અવકાશમાં તે પૃથ્વી કરતાં વહેલો ઉદ્ભવ્યો હોવાથી જલદી ઠર્યો હશે. વળી નાનો હોવાથી ઉત્ક્રાંતિના સઘળા ક્રમોમાંથી પણ તે જલદીથી પસાર થયો હશે. તેમાંની ગરમી આપણી પૃથ્વીથી ત્રણગણી ઝડપે નીકળતી ગઇ હશે. પૃથ્વીની સ્થિતિમાંથી પસાર થયે આજ તેને કેટલાં વર્ષ થયાં, અગર પૃથ્વીને તેની અવસ્થાએ

પહોંચતાં કેટલાં વર્ષો લાગશે એવી ભૂસ્તરશાસ્ત્રીઓ જેવી પ્રમાણશુદ્ધ ગણત્રી આપણે અત્રે નથી કાઢવી; પરંતુ ગરમીના પ્રસરણના સાદા નિયમ મુજબ આપણે કહીએ કે તેનું પ્રસરણ પૃથ્વીથી ત્રણગણું ઝડપી હશે. એની ગ્રહ તરીકેની નાસ્તિને હજારો વર્ષ લાગે–બલ્કે લાખો કે કરોડો ભલે લાગે, પણ આપણી પૃથ્વીને તેનાથી ત્રણગણાં લાગવાનાં, એટલું નક્કી. બંનેની વૃદ્ધિ અને ઉપક્રમ જોતાં પણ મંગળ વિનાશમાર્ગે ત્રણગણો આગળ વધેલો જણાય છે.


ભવિષ્યના ગ્રહના બંધારણ માટેનું દ્રવ્ય જ્યારથી પોતાનું જૂદું અસ્તિત્વ ધરાવતું થયું ને છેવટે એક સમૂહમાં પરિણમ્યું તેને તો અગમ્ય કાળ વીતી ગયો છે. એ કાળ બાદ તેનું શીતભવન ને સંકોચ ચાલુ થાય છે. તેને પરિણામે ઘટતું રૂપ ધારણ કર્યા બાદ તેનાં જમીન ને પાણી એમ બે ભાગ છૂટા પડી જાય છે; અને ત્યાર પછી કુદરત ઉત્ક્રાન્તિનો નેજો ફરકાવે છે. એના ઉપક્રમાનુસાર એ ગ્રહની જમીન, જળ ને હવામાં પણ જેટલે અંશે જીરવાઇ શકે એટલે અંશે સજીવ-સૃષ્ટિ વિકાસ પામે છે.

પરંતુ ગ્રહોની બાબતમાં માત્ર તેમના પર જીવસૃષ્ટિ હોવાનો જ પ્રશ્ન કંઇ અગત્યનો નથી. મંગળ ઉપર મનુષ્ય-સૃષ્ટિ, બુધ કે શુક્ર ઉપર ઉદ્ભિજ સૃષ્ટિ અથવા બૃહસ્પતિ ને શનિ જેવા યુવાવસ્થામાં રાચતા ગ્રહો પર પૃથ્વીની પ્રાથમિક અવસ્થામાં જણાએલાં ડ્રૅગન, મૅમથ વગેરે રાક્ષસી પ્રાણીઓ હોવાં એટલી જ વાત ખાસ અગત્યની નથી. એમના પર મનઃશક્તિના વિકાસનો પ્રશ્ન પણ અગત્યનો છે. મંગળ ઉપર એ શક્તિ આપણા કરતાં વધુ પ્રમાણમાં ખીલેલી હોવાનું જણાય છે. જોકે આપણે, આપણાથી ત્યાંના મનુષ્યોને હજારગણા મોટા લેખી, હજાર ફૂટ લાંબા ને હજાર ટન વજનનાં દૂરબીનો-થી તેમને જોઇએ તોપણ તે દેખાય તો નહિ જ. એટલે ત્યાંની વસ્તી વિષે તો કેવળ તર્કનો જ આધાર લેવો પડે છે.


મંગળ પરનાં મનુષ્યો વિષે પ્રો. લૉવેલનું અનુ-માન એવું છે કે તેઓ પૃથ્વી પરનાં માણસો જેવાં નહિ પણ અક્કલવાળા સેન્દ્રિય પદાર્થો છે. પાણીનો પ્રશ્ન તેમને સદા મૂંઝવે છે, એટલે નહેરો બનાવવાનું તેમનું જીવનકાર્ય હોવું જોઇએ. ત્યાં પાણીનો જથ્થો ઓછો થતો જતો હોવાનાં અનેક પ્રમાણ છે. આપણી પૃથ્વી-



ધ્રુવપ્રદેશ ઉપર સફેદ ટપકું બતાવતો મંગળનો ફોટોગ્રાફ — કૅલિફૉર્નિયા (અમેરિકા)ની લિક ઑબ્ઝરવેટરીમાં લીધેલો.



પૃથ્વી પરથી એક અત્યંત શક્તિશાળી દૂરબીન દ્વારા દેખાતા મંગળનાં ત્રણ જુદી જુદી વેળાનાં કદ બતાવતાં બિંબ. ડાબી બાજુએ છે તે સૌથી નજીક એ ગ્રહ હોય ત્યારનું કદ બતાવે છે, અને જમણી તરફ છેલ્લે છે તે એ ગ્રહ સૌથી દૂર ગયો હોય ત્યારનું એનું કદ દર્શાવે છે. પોતાના અંતરની બરોબર મધ્યમાં હોય ત્યારના કદનો ફોટોગ્રાફ વચ્ચે છે.



આપણી પૃથ્વી ઉપરથી સૂર્ય જોઇએ તો જમણી તરફ બતાવેલા મોટા બિંબ જેવડો એ દેખાય, તો મંગળ ઉપરથી જોતાં ડાબી તરફના નાના બિંબ જેવડો એ લાગે: એટલું પૃથ્વી કરતાં એનું સૂર્યથી અંતર વધારે. (Courtesy : 'The World of Wonder')

નો પોણો ભાગ હજુ પાણી રોકી રહે છે, જ્યારે ત્યાં માત્ર અર્ધોઅર્ધ જ છે. ત્યાંના સમુદ્રોના કોઇ કોઇ સ્થળે જણાતા ઘેરા રંગ પરથી તેની ઊંડાઈ પણ ઘટતી જતી હોવાનું સાબિત થાય છે. એવા સંયોગોમાં આટલી બધી નહેરો બનાવવા પાછળ જીજિવિષા સિવાય બીજું કયું કારણ હોઇ શકે?

ફ્રેંચ વિદ્વાન મૉ. પેરીયરના કથન મુજબ ત્યાંનાં મનુષ્યો આપણાથી બમણા કદના, કદાવર, મોટા નાક વાળા ને આગળ પડતી વિશાળ આંખોવાળા હશે. આંખો-

નો રંગ આસમાની ને વાળનો લગભગ સફેદ. કાન ઘણા આગળપડતા હોઇ, તેમનું શરીર ગરદન અને કમર વગરનું હશે. માથા અને શરીરના પ્રમાણમાં પંજા એકદમ નાના ને નળા પાતળા હશે. તેઓ જો ક્રિકેટ રમતા હોય તો એક જ ફટકે દડાને પચાસ માઇલ દોડાવી શકે! જેટલા શ્રમથી આપણે બે ફૂટ કૂદી શકીએ એટલો જ શ્રમ તેમને સાડાઆઠ ફીટ કૂદવામાં પડે. તેનું કારણ એકે એ ગ્રહનું કદ, ઘટત્વ વગેરે એટલાં નાનાં છે. અહીં ૨૦૦ રતલ વજનની ચીજ ત્યાં ભાગ્યે જ ૭૫ રતલ થાય. ત્યાંના પથ્થરનું વજન લગભગ આપણા પાણી સરખું જ થાય! બાકી ત્યાં પવન તો એવો ને એટલો બધો ઊનો વાય છે કે ત્યાંના રહેવાસીઓ પાણીની બાજુમાં જ રહેતા હોવા જોઇએ જળાસન્નિધિમાં જ લગભગ ત્યાંની સઘળી વસ્તીનો વસવાટ હોવો જોઇએ.

ઉત્ક્રાન્તિને આરે ઊભેલી મંગળ પરની વસ્તીમાં આપણાથી સવિશેષ મનઃશક્તિ ખીલેલી હોય એ તો સ્પષ્ટ જ છે. તો પછી શું આપણી પૃથ્વીએ તેમનામાં કુતૂહલ પેદા નહિ કર્યું હોય?

મંગળ પર વસ્તી હોવાની તરફેણની દલીલો જેટલી જોઇએ તેટલી મળે છે, ને તે પરથી આપણને તેમ માનવામાં કંઇ બાધ આવે તેમ નથી. માત્ર એટલું કે તેની સ્થિતિ, સંયોગો ને સાધનોને લક્ષમાં લેતાં આપણાથી જુદી અને એ સઘળાંને અનુરૂપની ત્યાં વસ્તી હશે. આપણી પૃથ્વી વિશ્વમાંની અનેક સૃષ્ટિઓમાંની એક હોઇ તેની પરિસ્થિતિ ઉપરથી જ કશા નિર્ણય બાંધી લેવા ડહાપણભર્યા નથી; અને તે પર વસનારી તથા હજુ સુધી તે પર અસ્તિત્વમાં ન આવેલી, પોતાને સર્જનશ્રેષ્ઠ ગણાવતી આપણી માનવજાત એ કંઇ સૌથી સર્જનશ્રેષ્ઠ અને પૃથ્વીને જ્ઞેય એવી છેલ્લી જાતિ નથી, પણ મનોસૃષ્ટિના વિકાસ પૂરતી ઉત્ક્રાંત થએલી એક પ્રાણિજાતિ જ છે, જે પોતાનાથી ઉચ્ચતર બળોને અવકાશ આપવા સારૂ વિનાશના ગર્ભમાં ધસમસતી દોડતી જાય છે.

આમ એક ગ્રહ પોતાની અવધિ પૂરી કરતાં નિકટના ગ્રહ સામે એક કોયડો રજૂ કરતો મૃતત્વ પામે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પરિસ્થિઓમાં વિશ્વના કેટલાયે મણકા ફરતા હશે. 'બ્રહ્માંડો પ્રગટે અને ડૂબે, યુગયુગો પણ ઊગે અને આથમે,' છતાં વિશ્વમાંની સર્જકસૃષ્ટિ જે નવલાં રૂપે તેમને પાછાં ઘડતી જાય આવે છે તેની પાર માનવીનું ચક્ષુ જ્યાં સુધી નહિ નિહાળી શકે ત્યાં સુધી તેનું મનુષ્યત્વ અપૂર્ણ જ રહેવાનું. **અશોક હર્ષ**

મૅટ્રિક તો થયા

હિંદુસ્તાનમાં કોઇપણ વિદ્યાર્થી શાળામાં અભ્યાસ કરવા માંડે છે ત્યારથી તેનું ધ્યેય મૅટ્રિક થવા પૂરતું અથવા તો બી. એ. ની ઉપાધિ મેળવવાનું હોય છે. પરંતુ એ ધ્યેયને પહોંચી ગયા પછી શું કરવું એ પ્રશ્ન દરેક વિદ્યાર્થીને મૂંઝવે છે.

મુંબાઇ યુનિવર્સિટીમાં દર વર્ષે લગભગ પંદરથી વીસ હજાર વિદ્યાર્થીઓ મૅટ્રિકની પરીક્ષા આપે છે, તેમાંથી પાંચસાત હજાર પાસ થાય છે. એ પાસ થનાર તેમજ નાપાસ થનાર દરેક વિદ્યાર્થીને 'મૅટ્રિક થઇને પછી શું કરવું?' એનો વિચાર આવે છે. પાસ થનારમાંથી આશરે ત્રીસેક ટકા તો કૉલેજમાં દાખલ થઇ પોતાની તાત્કાલિક મૂંઝવણને થોડાં વધુ વરસ પૂરતી દૂર ધક્કેલે છે. પરંતુ બાકીના સિત્તેર ટકા વિદ્યાર્થીઓ તેમજ નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે આ કોયડાનો ઉકેલ મહામુશ્કેલ બને છે. એ ઉકેલ મેળવવામા કંઇક અંશે મદદરૂપ થવાય એ ઉદ્દેશથી નીચે જુદાજુદા ધંધાઓની તેમજ તેના શિક્ષણને લગતી કેટલીક માહિતી એકઠી કરીને મૂકી છે.

વ્યાપારી શિક્ષણ

સરકારી કેળવણીખાતાએ માન્ય રાખેલો અને પરીક્ષા આપ્યા પછી પ્રમાણપત્ર મળી શકે એવો વેપારી ધંધાને લગતો એક અભ્યાસક્રમ છે. આ અભ્યાસક્રમ બી. કૉમ કે જી. ડી. એ. જેવી ડિગ્રીઓ જેટલો ઊંચા દરજ્જાનો નથી, છતાં જુદાંજુદાં વેપારી મંડળો કે સંસ્થાઓ તરફથી નક્કી કરેલ અભ્યાસક્રમ કરતાં આ જી. ડી. સી. (ગવર્ન્મેન્ટ ડિપ્લોમા ઈન કૉમર્સ) નો અભ્યાસક્રમ જરૂર વધારે સારો છે. આ શિક્ષણક્રમમાં નીચેના વિષયો આવે છે: અંગ્રેજી, પત્રવ્યવહાર, ભૂગોળ, ગણિત. આ બધા વિષયો વેપારને અંગે ઉપયોગમાં આવે એ દૃષ્ટિએ શીખવાના હોય છે. તે ઉપરાંત નામું, બુકકીપિંગ, ટાઇપરાઇટિંગ અને ઑફિસવ્યવસ્થા પણ હોયછે.

મૅટ્રિક પાસ થએલા વિદ્યાર્થીને અભ્યાસને માટે સાંજે બેત્રણ કલાક શીખવા જવું પડે છે અને એક વર્ષના અભ્યાસને અંતે ડિપ્લોમા મળે છે. આ ડિપ્લોમા ધરાવનારને બૅંક, મ્યુનિસિપાલિટી, વીમા કંપની, કોઇ-

. . . પણ પછી શું?



પણ વેપારી પેઢી અને નિશાળ કે કૉલેજની ઑફિસમાં કામ મળી શકે છે. સરકારે આ ડિપ્લોમા માન્ય કરેલી હોવાથી સરકારી નોકરીમાં પણ આવા વિદ્યાર્થીને પહેલી પસંદગી મળે છે.

આ અભ્યાસક્રમ મુંબાઈમાં ઍલ્ફિન્સ્ટન હાઇ-સ્કૂલના મકાનમાં સરકાર તરફથી તેમજ પૂનામાં નૂતન મરાઠી વિદ્યાલયના મકાનમાં શિક્ષણ પ્રચારક મંડળી તરફથી શીખવાય છે. વર્ષની ફી રૂા. ૭૫.

રજપુતાના બોર્ડ અજમેર તેમજ ઇન્ટરમીજીએટ બોર્ડ અલ્લાહાબાદના અભ્યાસક્રમમાં ગણિતની મૂંઝવણ દૂર થઈ શકે એવી સગવડ છે. આ ઇન્ટરમીજીએટની પરીક્ષાનો અભ્યાસક્રમ બે વર્ષનો હોય છે. એ બે વર્ષને અંતે બોર્ડ તરફથી પરીક્ષા લેવાય છે. આ પરીક્ષા મુંબાઈની ઇન્ટરની પરીક્ષા બરાબર ગણાય છે. આ બોર્ડની પરીક્ષા માટે અંગ્રેજી ઉપરાંત નીચેના પૈકી કોઈપણ ત્રણ વિષય લઇ શકાય છે: કેમિસ્ટ્રી, ફીઝિક્સ, બાયોલૉજી, મૅથેમૅટિક્સ, એન્શ્યન્ટ હિસ્ટરી, મૉડર્ન હિસ્ટરી, લૉજિક, સિવિક્સ, જ્યૉગ્રાફી, ડ્રૉઈંગ, સંસ્કૃત, પર્શિયન અથવા ઍરેબિક, હિન્દી, ઊર્દૂ અથવા મરાઠી બંગાળી વગેરે, અર્થશાસ્ત્ર.

આમાંથી અંગ્રેજી ઉપરાંત પોતાને અનુકૂળ પડે એવા કોઇપણ ત્રણ વિષયો લઇ ઇન્ટરની પરીક્ષા પાસ કરી મુંબાઇ યુનિવર્સિટીમાં દાખલ થઇ શકાય છે અને ગણિત કે એવા અઘરા પડતા વિષયોના અભ્યાસની મુશ્કેલી દૂર કરી શકાય છે. આ અભ્યાસને માટે નજીકમાં નજીક અજમેર અને ઇન્દોરમાં સગવડ છે. દૂર જઇ શકાય તો ઝાંશી, આગ્રા, લખનૌ, કાનપુર અલ્લાહાબાદ વગેરે સ્થળે પણ અભ્યાસ કરી શકાય છે. ઉત્તર હિન્દમાં ઇન્ટરમીજીએટના અભ્યાસ માટે ઘણી કૉલેજો છે અને ખર્ચની દૃષ્ટિએ પણ અનુકૂળ પડે છે. બહુ જ ગરીબ વિદ્યાર્થીઓ માટે જયપુર રાજ્યમાં પિલાનીમાં શ્રી બિરલાજી તરફથી એક સારી કૉલેજ ચાલે છે.

આ પરીક્ષાનો બધો અભ્યાસ અંગ્રેજીમાં કરવાનો હોવાથી ભાષાની અગવડ નથી પડતી, ફક્ત ભાષાંતર અને કૉમ્પોઝીશનના પેપરમાં થોડી અગવડ પડે ખરી; જોકે બે વર્ષ એ તરફ રહ્યા પછી ભાષા આવડી જાય છે ખરી, છતાં અગાઉથી જણાવ્યું હોય તો આપણી માતૃભાષામાં પણ પેપર મળી શકે છે.

ઉત્તર હિન્દમાં કૉલેજો જુલાઇની દસમી તારીખ લગભગમાં ઊઘડે છે અને ફી દર મહિને લગભગ ૭ કે સાત રૂપિયા જેટલી હોય છે. તેમજ માસિક ખર્ચ બધું મળી પચાસથી ત્રીસ રૂપિયા જેટલું આવે.

ઉત્તર હિન્દ વેપારી શિક્ષણ માટે વિશેષ અનુકૂળ પડે છે. મુંબાઇ ઇલાકામાં ફક્ત એક સિડનહામ કૉલેજ-માં જ વેપારી શિક્ષણ મળે છે અને તેથી ઘણા વિદ્યા-ર્થીઓની ઇચ્છા હોવા છતાં આ જાતનું શિક્ષણ લઇ શકતા નથી. ઉત્તર હિંદમાં નીચેનાં સ્થળે વેપારી શિક્ષણ માટે સગવડ છે, જ્યાં બી. કૉમનો પૂરો અભ્યાસક્રમ થઇ શકે છે. (૧) ડી.એ. વી. કૉલેજ, કાનપુર; (૨) સનાતન ધર્મ કૉલેજ, કાનપુર; (૩) સેન્ટ જૉન્સ કૉલેજ, આગ્રા; (૪) લખનૌ યુનિવર્સિટી લખનૌ અને (૫) અલ્લાહાબાદ યુનિવર્સિટી અલ્લાહાબાદ.

આ ઉપરાંત ઇન્ટર કૉમર્સનો અભ્યાસક્રમ નીચેને સ્થળે પણ થઈ શકે છે: (૧) એસ. એમ. કૉલેજ, ચંદોશી (યુક્ત પ્રાંત) (૨) મીરત કૉલેજ, (૩) ખુરની કૉલેજ, (૪) બરેલી કૉલેજ, (૫) ક્રિશ્ચિયન કૉલેજ, લખનૌ (૬) કે. પી. કૉલેજ, અલ્લાહાબાદ (૭) ધર્મ સમાજ કૉલેજ, બીઆવર (૮) જયપુર કૉલેજ અને (૯) પિલાની કૉલેજ.

આ કૉલેજોમાં ઇન્ટર કૉમર્સનો અભ્યાસક્રમ મૅટ્રિક પછી બે વર્ષનો છે. પરીક્ષામાં જો સેકન્ડ ક્લાસ (૪૫ ટકા) માર્ક મળે તો મુંબાઇની સિડનહામ કૉલે-જના બી. કૉમ. વર્ગમાં દાખલ થઇ શકાય છે. બી. કૉમ વર્ગમાં શરૂઆતના વર્ગ જેટલો વિદ્યાર્થીઓનો ધસારો ન હોવાથી દાખલ થવામાં મુશ્કેલી આવવાનો

સંભવ નથી રહેતો.

કાનપુરમાં ડ્રૉઇંગ, છાપકામ, વણાટ, ખાંડ અને તેલના ધંધાને લગતા વિષયો શીખવાની પણ સારી સગવડ છે.

વડોદરાનું કલાભવન

વડોદરા કલાભવનમાં ડિપ્લોમા મળે એવા (૧) મિકૅનિકલ એન્જીનિયરિંગ અને (૨) ઇલેક્ટ્રિકલ એન્જીનિયરિંગના દરેકના ચારચાર વર્ષના અભ્યાસક્રમ છે. (૩) ડાઇંગ, બ્લીચિંગ અને કૅલિકો પ્રિન્ટિંગ (૪) સાબુ તથા તેલની બનાવટ (ટેકનૉલૉજી ઑફ સોપ્સ ઍન્ડ ઑઇલ્સ) આ બંને જુદાંજુદાં બબ્બે વર્ષમાં શીખાય છે. બંને સાથે શીખવાં હોય તો ચાર વર્ષમાં બંનેનો ડિપ્લોમા સાથે પણ મળી શકે છે. (૫) સિવિલ એન્જીનિયરિંગ (સૅનિટરી એન્જીનીયરિંગ સહિત) અને (૬) આર્કિટેકચર (આને માટે આર્ટ્ડ્રૉઇંગ જાણવાની જરૂર રહે છે અને તે કલાભવનમાં શીખવાય છે) આ બંનેના અભ્યાસક્રમ ત્રણ વર્ષના છે ને અંગ્રેજી દ્વારા શિક્ષણ મળે છે.

ફક્ત પ્રમાણપત્ર મળે એવા અભ્યાસક્રમમાં (૧) સ્કૂલ ઑફ કૉમર્સનો બે વર્ષનો અભ્યાસક્રમ છે. અંગ્રેજી મારફત શીખવાનું હોઇને મૅટ્રિક સુધીનો અભ્યાસ હોય તો ચાલે. (૨) વણાટશાળામાં બે વર્ષનો અભ્યાસક્રમ છે અને ગુજરાતીમાં શિક્ષણ અપાય છે. (૩) સ્કૂલ ઑફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સમાં આર્ટ ડ્રૉઇંગનો બે વર્ષનો ક્રમ પૂરો કર્યા પછી આ વિભાગમાં પેઇન્ટિંગ, ફોટોગ્રાફિક પ્રોસેસ કામ, મૉડેલિંગ અને એવા બીજા વિષયોમાંથી એકાદ વિષયનો અભ્યાસ કરવો હોય તેને માટે બે વર્ષનો ક્રમ છે. ઉપરના દરેક અભ્યાસક્રમની પરીક્ષા પછી ડિપ્લોમા કે પ્રમાણપત્ર આપતી વખતે વિદ્યાર્થીની સત્રાંત પરીક્ષા તથા તેની નિયમિત હાજરી વગેરે ધ્યાનમાં લેવાય છે.

શૉર્ટહૅન્ડ, ટાઇપ રાઇટિંગ, બુકકીપિંગ, એકાઉન્ટન્સી એવા વિષયો શીખવા માટે મુંબાઈ, અમદાવાદ વગેરે મોટાં શહેરોમાં ખાનગી પણ સગવડો છે. આજકાલ ગુજરાતી લઘુલેખન તથા ટાઇપરાઇટિંગનું શિક્ષણ પણ સાધારણ થઇ પડ્યું છે. પત્રકારિત્વના ધંધાનો વિકાસ થઇ રહ્યો છે તેની સાથે ગુજરાતી લઘુલેખન અને ટાઇપરાઇટિંગની ઉપયોગિતા વધશે. ફક્ત ચાર કે છ માસમાં એ બંને શીખી શકાય છે.

આ ઉપરાંત હુન્નરઉદ્યોગ તેમજ સંચાકામનું અનુભવ સાથે શિક્ષણ લેવું હોય તો તેવાં કારખાનાં ગૂજરાત, મહારાષ્ટ્રમાં ઘણાં છે. તેમાં તપાસ કરવાથી તેવા શિક્ષણને માટે યોગ્ય સલાહ મળી શકે. કેટલાંક કારખાનાંઓમાં તો ઉમેદવાર તરીકે પણ રહી શકાય છે અને જેમજેમ કામ આવડતું જાય તેમતેમ આગળ વધવાનું બને છે. આવાં કારખાનાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં વિશેષ પ્રમાણમાં છે: (૧) ચોખાની મીલના સંચા બનાવવાનું કારખાનું—ભિવંડી (જિ. થાણા). (૨) કિર્લોસ્કરનું લોઢાનાં યંત્રોનું કારખાનું—કિર્લોસ્કરવાડી. (૩) દાંડેકર બ્રધર્સ—સાંગલી. (૪) સ્વદેશી બ્લુફલેન સ્ટવ્ઝ, એમ. એ. ઍન્ડ સન્સ—મુંબાઇ. (૫) સૅામવંશી બ્રધર્સ, ઑટો ઍરપંપ અને પિત્તળનો માલ બનાવનારા—પૂના. (૬) ઓગ્લે ગ્લાસ વર્ક્સ—ઓગ્લેવાડી. (૭) ધિ ફડકે ટેક્સ્ટાઇલ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઅલ વર્ક્સ લિમિટેડ—મુ. કરાડ (જિ. સતારા). (૮) યશવંત પંપ વર્ક્સ—મળવલી, લોનાવલા. (૯) હિન્દુસ્તાન કલૉક્સ કારખાના—પૂના. (૧૦) સાકર બનાવવાનું કારખાનું—બેલાપુરપેઠ, વડગાંવ, કોલ્હાપુર. (૧૧) દવાઓ બનાવવાનાં કારખાનાં: વિધૂત પાપેશ્વર આરોગ્યમંદિર, આર્યોષધિ કારખાના—પનવેલ (જિ. કુલાબા); શ્રી. રઘુનાથ સમર્થ આર્યોષધી કારખાના ચેંબુર, મુંબઇ. (૧૨) રંગકલા: પાયોનિયર ડાઇંગ હાઉસ—પૂના. (૧૩) બિસ્કિટનું કારખાનું, સાઠે બંધુ—પૂના. (૧૪) બટન વગેરે: એલ્યુમિનિયમનાં બટન તથા પ્યાલા રકાબી વગેરે બનાવવાનું કારખાનું—વિજયદુર્ગ રત્નાગિરી. ગૂજરાતમાં ઝંડુ ફાર્મસી, ઍલેમ્બીક કેમિકલ વર્ક્સ, પારેખ કેમિકલ વર્ક્સ વગેરે દવા બનાવવાનાં કારખાનાં છે.

શીવણકામ

મૅટ્રિક પાસ થયા પછી ડિગ્રી મેળવવા કરતાં શીવણકામ શીખવું પણ લાભકારક છે કારણકે (૧) આ ધંધો ગામડાંમાં કે શહેરમાં ઘેર બેઠાં થઇ શકે છે. (૨) નાના પાયા ઉપર શરૂ કરી ધંધાનો વિકાસ કરી શકાય છે. (૩) મૂડી રોકવી પડતી નથી અને (૪) તેમાં ઉધાર વ્યવહાર નથી રહેતો.

દરજીકામ શીખવા માટે પૂનામાં એક શાળા છે, તેની એક શાખા રાજકોટમાં પણ ખોલવામાં આવી છે.

(મરાઠી 'સાપ્તહિક સકાળ'માંથી) **વેણીલાલ બૂચ**

રાજપૂત યુગના ઈતિહાસનું દર્શન

રાજસ્થાન—'રજપૂતાના' એ નામો સાથે જ કેવી રોમાંચક, શૌર્યથી નીતરતી, ગૌરવભરી ચિત્રાવલિ રજૂ થાય છે! અર્ધ ઇતિહાસ અને અર્ધ દંતકથા જેવી લાગતી રાજસ્થાનની ઘટનાઓનાં પાત્રો આપણા આધુનિક જમાનાને કોઇ મહાકાવ્યનાં પાત્રો જેવાં અપરિચિત લાગે એ સંભવિત છે.

રાજસ્થાનનો ઇતિહાસ એટલે હિંદુત્વના ગૌરવનો ઇતિહાસ. હિંદુ સંસ્કારનાં સર્વે તત્ત્વો કોઇપણ સમાજમાં લાંબા કાળ સુધી જીવંત, જ્વલંત, પ્રેરણાભર્યાં અને પ્રેરક રહ્યાં હોય તો તે રાજપૂતાનામાં. હિંદુ સંસ્કાર એટલે નિષ્ક્રિયતાનો ઇજારો, આર્ય સંસ્કૃતિ એટલે જીવનથી દૂર ભાગનારી ને પ્રધાનપણે ચિંતનશીલ, પ્રભુ-પરાયણ, મોળી સંસ્કૃતિ, એ એકતરફી ખ્યાલ કેટલો અવાસ્તવિક છે તે જાણવા માટે અશોક, ચન્દ્રગુપ્ત, સમુદ્રગુપ્ત, શાલિવાહન, પ્રતાપાદિત્ય વગેરે સમ્રાટોના અને ત્યારપછીનાં મહારાજ્યોના ઇતિહાસ જોવાની જરૂર છે. પ્રજાસત્તાક બંધારણના નમૂના તરીકે પણ પ્રાચીન ગણરાજ્યોની તવારીખ જાણવા જેવી છે. હિંદુત્વ એટલે વીરતા, શૌર્ય અને સાહસ; હિંદુત્વ એટલે ઉદારતા, મહત્ત્વાકાંક્ષા, આર્તનું રક્ષણ, આત્મશ્રદ્ધા અને સ્વમાન પણ ખરૂં. રાજસ્થાનના ઇતિહાસમાં આપણને પ્રાચીન પુરાણયુગની વિરાટ વિભૂતિઓની છાયાઓ સદેહે વિચરતી જણાય છે. વળી હિંદી સમાજ અને સંસ્કૃતિના દેહમાં ક્રમેક્રમે જે ફેરફારો થતા ગયા, જે તડકીછાંયડીઓ આવતી ગઇ, તેમનું આબેહૂબ આલેખન આપણને તે ઇતિહાસમાં દેખાય છે. બહારની અને અંતરની અનેક બદલાતી પરિસ્થિતિને પરિણામે આર્ય સંસ્કૃતિના કલેવરમાં જે સડાઓ પેઠા તેમાં પેઢી દર પેઢી જોઇ શકાય તેવો સ્પષ્ટ વધારો તે ઇતિહાસ આપણને દર્શાવે છે.

એક વખત એ ભૂતકાળમાં વિલીન થઇ ગએલા મધ્યયુગના રાજપૂત કાળમાં આપણો આત્મા ડૂબકી મારે તો કેવું સુંદર ચિત્ર તેને દેખાય છે!

ચારે બાજુ વિશાળ રેતાળ પટ વિસ્તરી રહ્યો છે, અને પ્રાચીનમાં પ્રાચીન મનાતા અરવલ્લી પર્વતની ટેકરીઓ ને ખીણોનો લાભ લઇને રાજપૂતોનાં ટોળાંઓ પોતપોતાની કિલ્લેબંધ રાજધાની વસાવી શૌર્ય અને



સાહસના ઉપર પોતાની કીર્તિ તથા સત્તા ટકાવી રહ્યાં છે. રાજ્યલક્ષ્મી શૂરવીરોને વરતી એ તે જમાનો હતો. બાપા રાવળના ઘોડેસવારો ખોરાસાન સુધીના પ્રદેશને ઘોડાની ખરી તળે કરી અનેક પહાડી, રાની અને લડાયક જાતોને શૌર્યમાં માગ મુકાવતા દેખાય છે. સૂર્યવંશી–સિસોદિયા–ના એ આદિ પુરુષના જનાનામાં યવનીઓ પણ હતી એમ દંતકથા કહે છે.

અરવલ્લીની ખીણોમાં અને નીચેના સપાટ મેદાનમાં આપણા જમાના કરતાં કેટલું જુદા પ્રકારનું જીવન તે સમયનો હિંદ જીવી રહ્યો છે! કેવા કદાવર પુરુષો! કાળી દાઢી, વાંકડિયા વાળ, ભરાઉ થોભિયાં, શૌર્યથી તરવરતાં તેજસ્વી નેત્રો, લોહીઆળ ચહેરાઓ, માથે જરકસી ફેંટાઓ, કાંડે ચપસીને બેઠેલાં કરચલીઓવાળાં અંગરખાંઓ, કમ્મરે વીંટાળેલાં કિંમતી શેલાંઓ, પગને બંધબેસતી સુરવાલો, ચામડાના ભારે કમ્મરપટામાંથી બહાર પડતી સોનેરી મૂઠ અને મ્યાનવાળી વાંકી તલવારો, કોણી આગળથી ચામડાના પટા વડે ઝોકભેર પાછળ લટકતા, નાનીસરખી ધજાવાળા ભાલાઓ, પીઠ પર લટકતી ગોળ કાળી ઢાલ,—જાણે પૌરુષની પ્રતિમા! પ્રેમ-શૌર્યના આદર્શોને જીવનમાં જીવતો સમાજનો એ લડાયક વર્ગ રાજકીય તેમજ સામાજિક નેતૃત્વ ભોગવે છે. સમાજના બીજા વર્ગો પોતપોતાના વ્યાપાર, વાણિજ્ય, ખેતી અને ધંધા વગેરેમાં મચેલા છે. સ્ત્રીસ્વાતંત્ર્યનો કાલ અસ્ત થએલો લાગે છે.

મલાયજો, રણવાસ પડદો વગેરે સ્ત્રીરક્ષણની જરૂરિયાતમાં ઊભી થએલી રૂઢિઓ પ્રચારમાં આવી ચૂકી છે. રાજ્ય તરફથી ગામડાની પ્રજાનું રક્ષણ હમેશાં થઇ શકતું નથી યા તો પૂરતા પ્રમાણમાં થઇ શકતું નથી તેથી સ્વાશ્રયી ખેડુત મજૂરી ઉપરાંત લડાયક જુસ્સો ટકાવી રાખવા પ્રયત્ન કરી રહ્યો છે. પ્રજામાં સ્વતંત્ર પ્રજાની કે ગણરાજ્યોની ખુમારી કે પ્રાણ દેખાતા નથી. પાઠશાળાઓમાં અને ગામઠી શાળાઓમાં મળે તેટલું ભણતર સામાન્ય વર્ગને મળી શકે છે. જિજ્ઞાસુઓને વધારે ભણવાની તક તો રાજ્યધાનીઓમાં કે વારાણસી, નદીયા જેવી દૂરની વિદ્યાપીઠોમાં જ મળી શકે છે.

અરધી માગધી, અરધી શૌરસેની એવી ભાષા—જે અત્યારની મારવાડીને ઘણી મળતી આવે છે-તેઓ બોલી રહ્યા છે. દેવદેવીઓ, આખ્યાનોને પુરાણોમાં શ્રદ્ધાવાળો વર્ગ રૂઢિબદ્ધ ધર્મનું આચરણ કરતો જણાય છે. છતાં પ્રજાવર્ગનાં હૃદયના ઊંડાણમાં આસ્તિકતા ઘર કરી રહેલી છે. રાજસ્થાનના હિંસક ગણાતા આ જનગણને જૈન ધર્મ ધીમેધીમે પોતાનો અહિંસાનો સંદેશો આપવા પ્રયત્ન કરી રહ્યો છે. શૈવ અને વિષ્ણુ માર્ગના અનુયાયીઓ પણ હિંદુ સમાજમાં સારા પ્રમાણમાં છે. ગૌતમ બુદ્ધના ધર્મના અસ્ત પછી ઉદય પામેલી શંકર ભગવાનની પ્રતિભા ચારે બાજુ પૂજાય છે. સંસ્કૃત કવિઓ, શાસ્ત્રજ્ઞો, ન્યાયવિદો, જ્યોતિષીઓ, ચારણો, ભાટો વગેરે લોકભાષા તેમજ સંસ્કૃતમાં લેખનપ્રવૃત્તિ કરી રહ્યા છે. સંગીત અને નૃત્યકલા, શિલ્પ અને સ્થાપત્ય, ચિત્ર અને મીનાકારીની કલા રાજ્યાશ્રય પામી વિકાસ કરી રહી છે.

'આવા વિચિત્ર જણાતા હિંદ-સમાજમાં કાંઇ સત્ત્વ હશે ખરૂં?' એવો પ્રશ્ન એ અપરિચિત જગતમાં આપણા મનમાં થાય છે; પરંતુ એ થતાંવેંત થોડા જ સમયમાં આપણી દૃષ્ટિ આગળ કેટલાંક રજૂ થતાં ચિત્રો જોવામાં આપણે લીન થઇ જઇએ છીએ.

મધ્યયુગના તે જમાનામાં મેવાડના ભાયાતોમાં મુખ્ય ગણાતા ચંપાવતોના આદિ પુરુષ ચંદ્રસિંહે પોતાના વૃદ્ધ પિતાની ઇચ્છા સંતોષવા ખાતર પાટવી કુંવર તરીકે ગાદી ઉપરનો પોતાનો હક્ક જતો કર્યો, એટલું જ નહિ પણ વધારે ઉદાર થઇને તેણે પોતાના સાવકા ભાઇ મોકળનું રક્ષણ કરવાનું પણ પોતાના માથે લીધું અને જ્યારે રાણો મરણપથારીએ પડયો તથા આજુબાજુનાં માણસોની ભંભેરણીથી તેના મનમાં ચંદ્રસિંહના વચનની સચ્ચાઇ વિષે શંકા ઉત્પન્ન થઇ ત્યારે તેણે પોતે બાળક મોકળને પોતાને હાથે પિતાના દેખતાં રાજ્યતિલક કરી ગાદી પર બેસાડયો!! પોતાના મરણ પછી ચંદ્રસિંહ વચન પાળશે તેની મરતા રાણાને ખાત્રી થઇ અને તેણે દેહ છોડયો.

રાણાના મરણ પછી સાવકી માતાનું મન શંકાયેલું જોઇને અપમાનિત ચંદ્રસિંહ પોતાની જાગીર પર સલુંબરે ચાલ્યો ગયો,—એમ વચન આપીને કે 'જ્યારે મુશ્કેલીનો પ્રસંગ આવે ત્યારે હું મોકળને માટે માથું આપવા તૈયાર છું.' અને એ મૂર્ખ વિધવા રાણીને ચંદ્રસિંહને પાછો બોલાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો પણ ખરો. ચંદ્રસિંહની ગેરહાજરી, મોકળની બાલ્યાવસ્થા, રાણીની કમઅક્કલ વગેરેનો લાભ લઇ મોકળના મોસાળ તરફથી રાઠોડ લોકોએ ચિતોડની ગાદી પચાવી પાડવાની પેરવી કરી, એટલું નહિ પણ આખરે બાળક મોકળને લઇ તેની માતાનો બાપ મેવાડની ગાદી ઉપર બેસવા લાગ્યો. રાણીએ ચંદ્રસિંહની મદદ માગી. રાઠોડોના પરિબળ વચ્ચે પોતાનો હેતુ પાર પાડતાં ચંદ્રસિંહને જાનનું જોખમ ખેડવું પડયું. ધીમેધીમે પોતાના મિત્રો, મળતિયા વગેરેને ચિતોડમાં મોકલી તેણે લાગ જોઇને રાઠોડોનો વિનાશ કર્યો તેમજ મોકળને ગાદી ઉપર બેસાડયો અને પોતે તેનો રક્ષક થઇ રહ્યો.

શાંતિના સમયમાં પણ જોખમ ખેડીને શૌર્યને સતેજ રાખવાના હેતુથી શિકાર—મૃગયા—નો શોખ ક્ષત્રિયો કેળવતા હતા. જંગલી હિંસક પ્રાણીઓનો વિનાશ થઇ પ્રજાની સલામતી વધતી અને સાથેસાથે પોતાની લડાયક શક્તિ અજમાવાતી, ખીલતી અને દૃઢ થતી. એક વખત આખો દિવસ તડકામાં શિકાર કરીને થોડા ઘોડેસવાર સૈનિકો સાથે મેવાડનો રાણો હમીર પાછો વળતો હતો, એવામાં ચિતોડ નજીકનાં ખેતરોમાંથી પસાર થતાં એક સરદારના ઘોડાને 'સટ' દઇને કાંઇક વાગ્યું. ઘોડો લંગડાવા લાગ્યો. પોતાની જ રાજધાની પાસે આમ ઘા કરનાર કોણ હશે?—એ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરતા રાણા હમીરનું ધ્યાન ખેતરના માળા તરફ ખેંચાયું. તપાસ કરતાં જણાયું કે એ કાંઇ પથરો

કે લોઢાનો ગોળો ન હતો, પણ કેવળ સૂકી માટીનું ઢેફું ખેતર સાચવનારી કોઇ કન્યા એ ફેંક્યું હતું ! હમીર અને તેના ઘોડેસવારો આશ્ચર્ય પામ્યા. પાસેની પર્વતની ખોડમાં સિંહ પડ્યો છે તેમ જાણ થતાં એ સ્ત્રી જરા યે ભય પામી નહિ, એટલું જ નહિ પરંતુ હથિયાર હોય તો પોતે તે બૉડ બતાવવા આવવા પણ તૈયાર થઇ. હાથમા ભાલો લઈ, સૂતેલા સિંહને જગાડી, કોઇ પણ પ્રકારની શિકારીઓની વિદ્યા પ્રમાણે લેવામાં આવતી એકપણ સાવચેતી કે બચવાનો ઉપાય લીધા વિના તેણે સિંહને વીંધી નાખ્યો ! આ નીડરતા, આ અભય વરદાન પામેલી ખેડુત બાળા ઉપર હમીર મોહી ગયો. થોડા જ વખતમાં બંનેનાં લગ્ન થયાં !

મેવાડના કુલાભિમાની સૂર્યવંશના રાણાએ એક ખેડુત કન્યા જોડે કરેલું એ લગ્ન પાછળથી થએલા મિથ્યા વંશાભિમાની રાજાઓની સરખામણીમાં મને ઘણું રમણીય અને ઉદાત્ત લાગે છે.

અલ્લાઉદ્દીન ખિલજીના લશ્કરે જ્યારે ચિતોડને ઘેરો ઘાલ્યો ત્યારે રાણો ભીમસિંહ લગભગ હિંમત હારી ગયો અને છેવટે પદ્મિનીનું પ્રતિબિંબ દર્પણમાં જોઇને પાછા જવાની અલ્લાઉદ્દીનની માગણી તેણે મંજૂર કરી એમ કહેવાય છે. તે ગમે તેમ હોય, પરંતુ પછી પદ્મિનીને મોકલવાની તેની માગણી સ્વીકારવાનો દેખાવ કરી, રજપૂત લશ્કરના એકેક સૈનિકને દાસીઓના મ્યાનામાં બેસાડી, મ્યાના ઉપાડનાર મજૂર તરીકે પણ સૈનિકોને મોકલીને મેવાડના સરદારોએ અલ્લાઉદ્દીનના લશ્કર ઉપર કેર વર્તાવ્યો. ત્યાર પછી મેવાડે છેલવેલ્લી 'જુવાર' કરવાની તૈયારી કરી. પદ્મિની સહિત તેર હજાર સ્ત્રીઓ 'જુવાર' પહેલાં સતી થઈ અને પછી રજપૂત સૈનિકોએ કેસરિયાં કર્યાં !!

રજપૂતોમાં પ્રગટ થએલી એ સ્ત્રીશક્તિ જો પુરુષમાં શૂરાતન ન પ્રગટાવી શકે તો જગતમાં બીજી કોઇ શક્તિ તે પ્રગટાવી શકે તેમ નથી.

રાણા રાજસિંહના જીવનનો એક પ્રસંગ પણ ચિરસ્મરણીય છે. જોધપુરના રાજાની પુત્રી ઔરંગઝેબ વેરે પરણાવી હતી, અને એવા નિકટ સંબંધને લઇને જોધપુર દરબારનું દિલ્હીમાં બીજા રાજપૂતો કરતાં વધારે માન હતું. બાદશાહના જનાનામાં, કદાચ રાજપૂત રીતિએ જ રહેતી, એ જોધપુરની રાણી સર્વે મુસલમાનો અને હિંદુઓને મન તો 'બેગમ' હતી. રાજકીય સ્વાર્થ સાધવા પરધર્મી અને પરસંસ્કારી બળવાન રાજા જોડે લગ્ન થતાં કાંઇ માતાપિતાનો સંબંધ રાજારજવાડાઓમાં છેક છૂટી જતો નહિ. પોતાના પિતાને ઘેર આવેલી મોગલ ઝનાનાની જોધપુરી બેગમ પોતાની એક વિધવા થએલી બહેન ચારૂમતીને મળવા ગઇ એમ કહેવાય છે. ચારૂમતીને મળવાની અધીરાઇમાં હો કે ગમે તે કારણે, પરંતુ પોતાની દેવમંદિરમાં ધસી આવતી વિધર્મી યવન બહેનને ચારૂમતિએ વારી અને પોતે બહાર આવી તેને મળી. દિલ્હીના બાદશાહની બેગમનો હોદ્દો ધરાવનારીને એ અપમાન અસહ્ય લાગ્યું. તેણે નિશ્ચય કર્યો કે ચારૂમતીને એ અધમ જનાનામાં લાવું તો જ હું ખરી.

દિલ્હી જઇ પોતાની એક વિધવા બેન બાદશાહ માટે ઝૂરે છે એમ ખોટું સમજાવી બાદશાહ પાસે પોતાની બેનનું માગું કરાવ્યું. લાટ સાહેબ કોઇ વસ્તુ તે 'ઘણી જ સુંદર છે' એમ કહે એનો અર્થ તે તેમને અર્પણ થવી જોઇએ એવો અર્થ જેમ આજે રજવાડાઓમાં થાય છે તેમ બાદશાહ સામું કન્યાનું માગું કરે એ તો સદ્‌ભાગ્યનો આંક મનાતો. અબુધ ચારૂમતીને તો વિવાહની તૈયારીઓ થઇ ગઇ ત્યારે જ ખબર પડી કે પોતાની બેને વ્યાજ સાથે અપમાન પાછું આપવાની કેવી બાજી રચી છે !

ચારે બાજુથી મુશ્કેલીઓ વચ્ચે ઘેરાએલી એ અબળાએ મેવાડના મહારાણા રાજસિંહને ઐતિહાસિક પત્ર લખી પોતાની વહારે ચઢવાની માગણી કરી. સર્વે દૃષ્ટિએ નુકસાનકારક ગણાય એવું એ પગલું લેતાં પણ રાણો રાજસિંહ ડર્યો નહિ એ તેની હિંમતનો, રાજપૂતીનો અને વ્યક્તિત્વની લાક્ષણિકતાનો જ્વલંત પુરાવો છે. ઔરંગઝેબ જેવા બળવાન ને ધર્માંધ બાદશાહના હાથમાંથી કન્યા પડાવી લેવા જઇને દિલ્હી સાથેના બળતા ઝગડામાં ઘી હોમવાનું સાહસ ખેડનાર રાજસિંહ તે સમયે સમસ્ત હિંદુ જનતાને તારણહાર જેવો લાગતો તેમાં આશ્ચર્ય નથી જ. બાદશાહની જાનનો રસ્તો ચંદાવત સરદારને મોકલીને તેણે રોક્યો અને લીધેલે લગ્ને, લશ્કર સાથે—અને કદાચ રાજપૂત સગાંઓની અનુમતિ સાથે–જઇ ચારૂમતી જોડે તેણે લગ્ન કર્યાં

અને તેને લઇને ચિતોડ ચાલ્યો ગયો.

એ રાજસિંહને ચારૂમતી જોડે લગ્ન કરવાના કાર્યમાં મદદ કરનાર મુખ્ય સરદાર સંલુબરાના જુવાન ચંદાવતની કથા પણ ઓછી રોમાંચક નથી.

કહેવાય છે કે રાજસિંહે જ્યારે પડો વગડાવ્યો ત્યારે ચંદાવત સરદારે લગ્ન કરીને મીંઢળ પણ છોડ્યાં ન હતાં, અને જ્યારે ઔરંગઝેબને જાનસહિત રોકવાની ગંભીર જવાબદારી તેને સોંપવામાં આવી ત્યારે તે રાજપૂત જુવાન સમજી ગએલો કે યુદ્ધના મેદાનમાંથી જ પોતાને કદાચ સ્વર્ગની વાટ લેવી પડશે. અને એનો તેને મન શોક પણ ન હતો! પરંતુ—પોતાની નવપરિણીત પત્નીનું શું થશે? એના વિચારમાં તે ગમગીન બની ગયો.

પોતાને સરદારી મળી અને પોતાને જ પડો વગડાવવાનો અધિકાર મળ્યો, ત્યારે પણ રહી રહીને તેના મનમાં થવા લાગ્યું–'હું તો ઠીક, પરંતુ . . . એનું શું? આશાભરેલી એ કન્યા મારૂં મરણ થાય તો પણ પોતાનો ધર્મ પાળી શકશે? કેવી રીતે પાળી શકે? શું પોતે રણવાસનાં મલિન અને અધમ જીવનો જોયાં ન હતાં? અને નિર્દોષ એ નવોઢા એવી મલિનતાથી કેવી રીતે ઊગરી શકશે? પોતાના પ્રાણની વાસનાઓને તે જીતશે જ એવી ખાત્રી કોણ આપી શકે? અને એનું પતન થાય તો? ચંદાવતકુળને કેટલી હિણપત?—' આવાઆવા અનેક વિચારવમળોમાં ચડીને પડાની શૌર્યગર્જના પણ સાંભળવી એ ભૂલી જતો.

છેલ્લે દિવસે યુદ્ધમાં જતાં, પ્રભાતથી માંડીને બપોરે પ્રયાણ કરતાં સુધીમાં તેણે બેત્રણ વાર નવપરિણીત વધુને પોતે રણમા ખપી જાય તો શું કરવું અને શું ન કરવું તે સમજાવ્યું. સજ્જ થએલા સૈનિકોની હારને જતી જોવાને એકઠી મળેલી મેદિનીમાંથી પણ તેણે પોતાનો અંગરક્ષક મોકલી સતીને પોતાનો ધર્મ બજાવવાનું સ્મરણ કરાવ્યું. છેવટે ચિતોડ છોડતી વખતે આખરનો સંદેશો મોકલ્યો ત્યારે એ નવપરિણીત વધુને પણ કાંઇક અપમાનનો ઝાટકો લાગ્યો હોવો જોઇએ. તેને ખાતરી થઇ કે પોતાના પતિનું ચિત્ત લડાઇમાં પૂરેપૂરૂં પરોવાઇ શકશે નહિ—જ્યાંસુધી તેની નજર પોતાના તરફ પાછી ફરતી રહેશે ત્યાંસુધી; અને કદાચ પોતાને જ ખાતર–પોતાના ભાવિની ચિંતાને જ લઇને ચંદાવત સરદાર કાયરની પેઠે રણમાં પ્રાણ બચાવે તો? અને પોતાના ભાવિ માટે આટલી બધી આશંકા શા માટે? શું પોતે સતી થઈ જાણતી ન હતી?'—ચંદાવતને ચિંતામુક્ત કરવા માટે તેણે તરત જ નિશ્ચય કરી લીધો. પોતાની દાસી પાસે ખાંડું મંગાવી ચંદાવત તરફથી આવેલા દૂતને ઊભો રહેવા કહ્યું. દાસીને સંદેશો આપ્યો કે 'આગળથી જ હું સતી થઇ છું એમ કહેવડાવી સરદારને નિશ્ચિત થવા કહેજે.' અને આ મોકલજે'—એમ કહી પોતાને હાથે પોતાનું મસ્તક કાપી આપ્યું!

થાળીમાં સતીમાતાનું મસ્તક લઇ સ્તબ્ધ દૂત પાછો ફર્યો ત્યારે ચંદાવતનો જ નહિ, આખા લશ્કરનો પ્રાણ પલટાઈ ગયો!! કહે છે કે એ પ્રિય મસ્તકની ફૂલમાળ કરી ચંદાવતે પોતાના હાર તરીકે તે પહેર્યું અને રાજસિંહ ચારૂમતીને લઇ જાય ત્યાંસુધી અતુલ પરાક્રમ દાખવી મુઠ્ઠીભર લશ્કર સાથે ઔરંગઝેબના લશ્કરને આબાદ અટકાવી રાખ્યું!

વર્તમાનને આ ઘટના કદાચ ભયાનક ઘૃણાસ્પદ અને ન સમજાય તેવી લાગે; પણ જાપાનમાં હજી આજદિન સુધી ચાલુ રહેલી ધાર્મિક ને શિષ્ટ ગણાતી 'હારિકારિ' (સ્વાર્પણ)ની વિધિ વિષે વધારે વિચાર કરતાં આપણા આવા રિવાજમાં રહેલું સત્ય આપણને સમજાય એ સંભવિત છે.

વફાદારીનાં જ્વલંત ઉદાહરણો પણ રજપૂતોના ઇતિહાસમાં ઘણાં છે—જેમ નિમકહરામીનાં પણ છે તેમ.

પ્રતાપનો વિશ્વાસુ મંત્રી ભામાશા જાણીતો છે જ; પરંતુ પન્ના નામની ધાવે મેવાડના રાજશિશુને બચાવવા ખાતર પોતાના બાળકનો ભોગ આપ્યો એ ઘટના ઇતિહાસમાં નોંધવા જેવી છે. અશિક્ષિત એક પરિચારિકા—કદાચ રાણીએ તેને પોતાની દુ:ખી અવસ્થામાં સખી ગણીને વિશ્વાસપાત્ર બનાવી હશે તે—મેવાડના રાણાના સાચા વારસનું રક્ષણ કરવા ખાતર પોતાના બાળકને મેવાડના વારસની જગ્યાએ મૂકીને સાચા વારસને પોતાનું સંતાન કરી સાચી માતાની સઘળી કાળજીપૂર્વક તેને ઊછેરવા માટે ગામેગામ ભટકે છે અને અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાનું કામ પાર પાડે છે.

ચિતોડના કિલ્લાને અકબરના લશ્કરે ઘેરો નાખ્યો છે. મેવાડના સિપાઇઓની સંખ્યા ઓછી થઇ ગઇ છે. કિલ્લાની દિવાલમાં ગાબડાં પડયાં છે. રાત્રે કંદીલ લઈ સમારકામ કરાવતો જયમલ રાઠોડ અકબરે મારેલી ગોળીથી વીંધાઇ મરણ પામ્યો છેઃત્યાર પછીના મરણિયા યુદ્ધમાં જુવાન ફતેહસિંહની માતા ને તેની પત્ની બંને પુરુષનો પહેરવેશ પહેરીને ભાલા સાથે મેવાડના કિલ્લાની બહાર યુદ્ધના મેદાનમાં પડે છે. કહે છે કે સાસુએ પોતે પોતાની પુત્રવધુને યુદ્ધમાં ઊતરવાને ઉત્તેજન આપ્યું હતું!! બે સ્ત્રીઓને પોતાની સાથે રણમાં ઘૂમતી જોઇને મેવાડના યોદ્ધાઓએ અસાધારણ વીરતા દાખવી! અકબર પણ આશ્ચર્ય પામ્યો.

અને ખુદ મેવાડના જ ઇતિહાસમાં અવનતિનો આડો આંક પણ આવ્યો. *

ઈ.સ. ૧૮૧૦ના જુલાઇ માસની ૨૧મી તારીખે ભીમસિંહના અમલમાં કૃષ્ણાકુમારીનો જે કરુણ કિસ્સો બન્યો તે કોઈ કવિની કલ્પના કે નવલકર્તાની સર્જકતાને પણ વટાવી જાય તેવો છે.

મેવાડનો તે સમયનો રાણો ભીમસિંહ ઘણો રૂપાળો હતો અને બુંદીની ચાવડા વંશની રાણીથી થએલી તેની કન્યા કૃષ્ણાકુમારી રૂપરૂપનો અવતાર ગણાતી. એનો વિવાહ સલૂંબરા સરદારની લાગવગને લઇને જોધપુરના એક રાજકુમાર સાથે કરવામાં આવ્યો હતો; પરંતુ ઇ.૧૮૦૩માં લગ્ન થતાં પહેલાં તે કુમાર ગુજરી ગયો એટલે જયપુરના રાજા જગતસિંહ સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો. પરંતુ ગ્વાલિયરના દોલતરાવ સિંધિયાએ એ લગ્ન સામે વાંધો લીધો, કારણકે જગતસિંહે તેનું દેવું હજી વસૂલ આપ્યું ન હતું!

દોલતરાવનો આ ઉદ્ધત હુકમ પાળવાની કુદરતીરીતે જ મેવાડના ભીમસિંહે ના પાડી. ગ્વાલિયરનું લશ્કર મેવાડ પર ચડ્યું. ને મેવાડના રાણાને એ અપમાનકારક હુકમ પાળવાની ફરજ પડી!

જોધપુર રિયાસતના એક ભાયાત સવાઇસિંહની પુત્રી પણ જયપુરના જગતસિંહ જોડે પરણાવવાની હતી. જોધપુરના રાજા માનસિંહે તેને હુકમ કર્યો કે 'લગ્ન જોધપુર તાબે પોકરણમાં કરવાં, જયપુરમાં નહિ!' સવાઇસિંહે લખ્યું કે 'મારા ભાઇ ઉમેદસિંહ જયપુરમાં રહે છે એટલે ત્યાં લગ્ન કરવામાં રાઠોડોની માનહાનિ નથી; પણ જોધપુરના (મૃત) ભીમસિંહ સાથે જેનું સગપણ થએલું તે કૃષ્ણાકુમારી જગતસિંહને પરણાવવાની છે તેમાં તો રાઠોડોની માનહાનિ છે!'

જોધપુરના માનસિંહે ઉદેપુર પર ચડાઇ કરી. જગતસિંહ પણ જોધપુર સામે ગયો અને પોતાની મદદમાં બિકાનેર તથા અમીરખાં નામના નવાબને લીધા. લડાઇ થઇ તેમાં જોધપુરના લશ્કરનો ફૂટેલો ભાગ જયપુરને મળી ગયો. માનસિંહ નાસીને બચી ગયો અને મહા મુસીબતે જોધપુર પહોંચ્યો.

આ બધાં કાવત્રાંમાં અમીરખાંને માનસિંહે લાંચ આપી ફોડયો. જગતસિંહ પાછો ફર્યો. એનો વિચાર જયપુર જઇ પછી લગ્ન કરવાનો હતો. એટલામાં અમીરખાં મેવાડમાં આવ્યો અને તેણે ચુંડાવત અજીતસિંહ દ્વારા રાણાને કહેવડાવ્યું કે 'કૃષ્ણાકુમારીને માનસિંહ સાથે પરણાવો યા તો મારી નંખાવો.' અજીતસિંહ ફૂટેલો હતો એવો શક ઘણાને હતો.

મેવાડના ઇતિહાસના એ યાદગાર દિને રાણા ભીમસિંહે દોલતસિંહ નામના શક્તાવતને કૃષ્ણાકુમારીને મારી નાખવાની સૂચના કરી! રહીસહી રજપૂતી દોલતસિંહના કોપાગ્નિ રૂપે ભભૂકી ઊઠી. તેણે ભરદરબારમાં રાણાને સંભળાવી દીધું કે 'આવો તે હુકમ હોય? એ હુકમ આપનારની જીભ કપાઇ પડવી જોઇએ! નિરપરાધી અબળા પર હાથ ઉઠાવવો એ મારો ધર્મ નથી, એ તો હત્યારાનું કામ છે!' આખો દરબાર સ્તબ્ધ થઇ ગયો!

છેવટે અરિસિંહ નામના મેવાડના રાણાનો અનૌરસ પુત્ર જવાનદાસ કરીને હતો તેને એ હીણું કામ સોંપાયું. કટાર લઇને તે અંતઃપુરમાં ગયો તો ખરો, પરંતુ નિર્દોષ કૃષ્ણાકુમારીને જોઇને તે અપરાધી પેઠે કંપવા લાગ્યો, તેના હાથમાંથી કટાર પડી ગઇ. રણવાસમાં બધાંને જાણ થતાં કુમારીની માતા રડવા લાગી. જવાનદાસ પણ રડી પડયો ને રણવાસમાંથી નાસી ગયો!

છેવટે ઝેર ભેળવેલો શરબતનો પ્યાલો તે કુમારીને આપવામાં આવ્યો. તે કરુણ પ્રસંગે કલ્પાંત કરતી

* આ હકીકત રા. ગૌરીશંકર ઓઝાના 'રાજસ્થાનના ઇતિહાસ'ને આધારે લખેલી છે. રાજપૂત કાળનો સપ્રમાણ ઇતિહાસ એ એક જ છે.

માતાને એ અલ્પ વયની કુમારિકાએ જે દિલાસો આપ્યો છે તેમાં તે સમયના રાજપૂત સમાજની અધમતાનો અને કુટુંબજીવનની કરુણતાનો આબેહૂબ ચિતાર આપણને મળે છે. તેણે કહ્યું, 'મા ! તું શા માટે વિલાપ કરે છે? હું મોતથી નથી ડરતી. શું હું તારી બેટી નથી? હું શા માટે મોતથી ડરું? રાજકન્યાઓનો જન્મ તો આત્મબલિદાન માટે જ થાય છે. મારા પિતાની કૃપાથી જ અત્યાર સુધી હું જીવતી રહી છું. મારા પિતાનું કષ્ટ દૂર થઇને તેમના રાજ્યની રક્ષામાં મારૂં જીવન મને સફળ કરવાની તક મળી છે તે મારે જવા દેવી ન જોઇએ.' કોઈ દરેલ પ્રૌઢાને શોભે એવાં તેનાં આ વાક્યો આખી રાજપૂત જાતને હમેશને માટે શરમાવશે ! અબળાનું રક્ષણ કરવામાં 'ધર્મ' ગણતા અને તેમાં ગર્વ લેતા એ જ રાજપૂતોના સૂર્યવંશના રાજ્યની રક્ષા નિર્દોષ પુત્રીનું ખૂન કરીને કરવાનો પ્રસંગ આવ્યો એના કરતાં બીજી કઇ અધોગતિ કલ્પી શકાય?

પરંતુ ઝેરની અસર થઇ નહિ, કારણકે ઊલટી થઈ તે નીકળી ગયું. ત્રણવાર એ પ્રમાણે પ્રયોગ કર્યા પછી અફીણ પાઇને તેને મારી નાખવામાં આવી!! અને તેના દેહમાંથી ઓસરતી પ્રાણલહરી સાથે જાણે સમગ્ર રાજપૂત સમાજમાંથી ક્ષાત્રધર્મની લહરીનો પણ વિલય થઇ ગયો !

ચાર દિવસ પછી શકતાવત સંગ્રામસિંહે વગર પરવાનગીએ દરબારમાં દાખલ થઇ ચુંડાવત અજીતસિંહને કહ્યું, 'તેં તારા નિષ્કલંક વંશના નામ ઉપર એટલો કાળો ડાઘ લગાડયો છે કે હવે તેને કોઇ ધોઇ શકે તેમ નથી. બાપા રાવળના વંશનો વિનાશ નિકટ છે અને આ દુર્ઘટના એ તેનું નિશાન છે.! . . . . તું તારા પૂર્વજોની પેઠે મરી જાણતો ન હતો? ચિતોડના શકતાવતોને ભૂલી ગયો?'

અજીતસિંહની સ્ત્રી અને પુત્રો મરણ પામ્યાં અને થોડા જ વખતમાં તે પોતે મંદિરેમંદિરે માળા લઇ 'રામ' નામ જપતો થઇ ગયો !

આ વર્ષો દરમ્યાન મેવાડની રાજપૂતીમાં એટલી તો ઓટ આવી ગઇ કે મેવાડના રાણાને ૫૦૦ પગારદાર પઠાણ સિપાઇઓ રાખવા પડ્યા! સિંધના સિંધીઓ પણ પગારદાર તરીકે રોકવા પડયા ! પગાર ચઢી જવાને પરિણામે તેમણે તોફાન જગાવી રાણાની જિંદગી જોખમમાં નાખી. શૂરવીરોની ગણાતી માતૃભૂમિમાં વીર યોદ્ધો શોધ્યો મળવો મુશ્કેલ થઈ પડયો!! અને સરદારો, ભાયાતો, ઠાકોરો વગેરેનાં માંહોમાંહેનાં કાવત્રાં તથા ઝઘડાઓમાં બહારના ને વિધર્મી સૈનિકો રાખવાની તેમને ફરજ પડી! રાજપૂતસમાજની નાલાયકી ઉપર આના કરતાં બીજી વધારે કડક ટીકા ભાગ્યે જ સંભવે છે!

રાજપૂત સત્તાના ઉદયમાં આર્યાવર્તની જૂની સંયુક્ત કુટુંબની ભાવનાએ મોટો ભાગ ભજવ્યો છે. વળી તે કાળની સંસ્કૃતિ ઉચ્ચ વર્ગની જનતા માટે હતી; સામાન્ય પ્રજાવર્ગનું સ્થાન તેમાં ગૌણ હતું. કુટુંબમાં પુરુષ અને સ્ત્રીનો સંબંધ—ખાસ કરીને ઉચ્ચ ગણાતા વર્ગોમાં—ઘણો અસ્વાભાવિક થઈ ગયો હતો. મુસલમાન સત્તાના આક્રમણને લીધે તથા બદલાતી રાજકીય તેમજ સામાજિક પરિસ્થિતિને લઇને પણ સ્ત્રીઓની સ્થિતિ ઘણી ખરાબ હતી—અલબત્ત, અપવાદો બાદ કરતાં.

સામાન્ય કુટુંબોની વાત બાજુએ રાખતાં, ઉદેપુરના રાણાઓના અને તેમના ભાયાતોના કૌટુંબિક જીવનની જે હકીકતો મળી આવી છે તે ઉપરથી જે કરુણ, હૃદયભેદક અને તિરસ્કાર ઉપજાવે એવું ચિત્ર રજૂ થાય છે તે જોતાં દરેક હિંદુને એ સામાજિક બંધારણમાં ફેરફાર કરવો કેટલો બધો અગત્યનો છે તે ધ્યાનમાં આવ્યા વિના નહિ જ રહે. ઇતિહાસની તુલના કરતાં આજકાલનાં ધોરણો વડે ભૂતકાળનું મૂલ્ય ન આંકવું જોઇએ એ સ્વીકારતાં પણ પ્રતાપસિંહ પછી રાજસ્થાની રિયાસતોની જે ક્રમસર પડતી થતી આપણે જોઇ શકીએ છીએ તેનાં અનેક કારણોમાં કૌટુંબિક જીવનની અધોગતિનો ફાળો જેવોતેવો નથી એમ કહેવું જ પડે તેમ છે.

ચંદ્રસિંહે રાજ્યગાદી ઉપરથી પોતાનો હક્ક સર્વથા ઉઠાવી લઇ પોતાના સાવકા ભાઇ મોકળને મેવાડની ગાદી આપી તેમાં સંયુક્ત કુટુંબની ભાવનાનું એક ઉત્તમોત્તમ અને જ્વલંત તત્ત્વ જગત આગળ પ્રકટ થયું. એ જ ભાવનાને આધીન થઇ ભરતે રામની પાદુકાને રાજ્યગાદી પર બેસાડી હતી. એને જ લીધે આજે જ઼ઘણાં દૂરનાં ગણાય એવાં સગાંઓ એકત્ર રહીને વડીલની આજ્ઞા પ્રમાણે વર્તવામાં તે સમયે શ્રેય માનતાં. કુટુંબમાં પરસ્પર ઉન્નતિ સાધવા માટે સહકાર સધાતો અને સમગ્રના હિતને ખાતર વ્યક્તિ રાજીખુશીથી પોતાનું

બલિદાન કરતી. નિરાધારને કુટુંબ નિભાવી લેતું.

પ્રતાપ અને તેની આગળના રાણાઓને એ ભાવનાએ ઘણો ટેકો આપ્યો. રાજપૂત રાજાઓનાં ઘણાંખરા ભાયાતો પણખરૂં જોતાં મૂળ સંયુક્ત કુટુંબના અને કાળબળે છૂટાં પડેલા, પરંતુ સ્વાર્થ,પ્રેમ તેમજ વફાદારીને બળે એકબીજાને વળગી રહેતા ભાગો જ છે. આ પ્રમાણે કુટુંબનો સંઘ (family federation) જામતો અને ઐકયબળે તે સત્તા જમાવતો. શરૂઆતનાં કુટુંબોમાં ભાઇચારો હતો, પરસ્પર વિશ્વાસ હતો, સાદાઇ અને સરળતા હતી. સબળા શૂરવીર, સ્વમાની તથા ટેકીલા હતા. આમ એકસ્વાર્થ, એકસંપ, શૂરવીરતા અને વડીલની આજ્ઞાપાલન વગેરે ગુણોને લઇને એ સમાજે ઘણી શક્તિ પ્રાપ્ત કરી અને એક વખતે હિંદના ચક્રવર્તીપણા માટે પણ પાસો નાખ્યો.

પરંતુ એ જ સંયુક્ત કુટુંબની પ્રથા પાછળથી રાજપૂત સમાજની નિર્બળતાનું કારણ બની. ચંદાવત અને શકતાવત વચ્ચે જાગેલા કૌટુંબિક કલહે મેવાડમાં એવો કુસંપ પેદા કર્યો કે જેનો અંત હજી પણ ન આવ્યો ગણાય. રાજ્યસત્તા, જાગીર વગેરે માટેના આંતરિક ઝઘડાઓ, તેમજ એક જ રાજ્યના ભાયાતો અને રાજપૂત રિયાસતો વચ્ચેની ઇર્ષ્યાને કારણે રાજસ્થાને મુસલમાનોના આક્રમણ કરતાં પણ વધારે સહન કરેલું છે. વિશાળ દૃષ્ટિબિંદુના અભાવને લઇને આંતરરાજ્યનાં કાવત્રાં અને રણવાસના કાવાદાવાઓએ આખા કૌટુંબિક બંધારણનું ખોખું કોતરી ખાધું હતું.

જે સમાજની સ્ત્રીઓમાં ફતેહસિંહની પત્ની અને માતા જેવી શૂરવીર વીરાંગનાઓ પાકી શકતી હતી, જેમાં પતિના જુવાર કરતાં પણ પૂર્વે 'સતી' થવાની અસાધારણ શીલતા હતી, જે સમાજમાં જોરજુલમથી ધર્મભ્રષ્ટ થતી અબળાની વહારે ચઢતાં બળવાન પાદશાહી જોડે પણ વેર વધારતાં રાજસિંહ અટક્યો નહોતો, તે જ સમાજમાં સ્ત્રીઓની દશા એવી કરુણ થઈ, કૌટુંબિક જીવન એવું નીરસ, દુઃખદ અને કૃત્રિમ થઇ ગયું કે તેનો વિચાર પણ કરતાં શોક થાય. અનેકપત્નીત્વને લઇને કુટુંબમાં જીવન પણ અસલામત થઈ પડયું. મુસાફરી કે યાત્રા કરવા માટે નીકળેલો રાજા કે સરદાર ભાગ્યે નવી રાજકન્યા પરણ્યા વિના પાછો ફરતો; અને તે પ્રસંગે બહારના ભપકા, હારતોરા અને સામૈયા, નાચરંગ અને ઉત્સવની પાછળ રણવાસમાં રડારોડ થતી તથા કેટલીક વાર તો તેની ખબર લોકોમાં પણ ઊડયા વિના રહેતી નહિ. એ સ્થિતિમાં સ્ત્રીસ્વાતંત્ર્ય કયાંથી સંભવે? એમનું જીવન અજ્ઞાન, પરતંત્ર અને સંકુચિત જ રહેતું. એવી માતાઓની પ્રજા કેવી થાય? એવું સામાજિક જીવન કેટલું રૂઢિબદ્ધ અને યાંત્રિક થઇ જાય?

પુત્રીઓ અને બહેનો કેવળ રાજપૂત રાજકુટુંબોમાં જ નહિ પરંતુ સર્વત્ર રાજકાર્યસંબંધ, કુલમોટપ, ધન, સત્તા કે જાગીરીના ફાયદા જોઇને જ આપવામાં આવતી; એ તો કુટુંબની ચઢતીમાં ઉપયોગી સોગટાં જેવી ગણાતી. એની અનુમતિ ઘણુંખરૂં પૂછવામાં પણ ભાગ્યે આવતી. વરની ઉમર, તેની શારીરિક કે માનસિક સ્થિતિ વગેરે મુદ્દાઓ ગૌણ હતા. તેની જાગીર, રિયાસત, વારસને મળનાર મિલકત, વેવાઇને મળનાર ઑથ, રાજકીય લાભો એ જ મુખ્ય તો વિચારાતા. આ પ્રમાણે સમાજના અર્ધ જેટલો ભાગ સક્રિય ફાળો આપવાને અશક્ત જ રહેતો; અને મુસલમાનોની સત્તા જામ્યા પછી તો પોતાની લાગવગ વધારવા માટે રાજપૂતોએ પોતાની બહેન દીકરીઓ તેમને આપીને તેમનો આત્મા કચરવામાં બાકી રાખી નહિ. સામાન્ય પ્રજાજનની સંભાળ લેવાનું કાર્ય બહુ જ અપૂર્ણપણે છેવટના કાળમાં થતું હોવું જોઇએ. રાજ્ય તરફથી થતાં શિલ્પકાર્યોમાં અને કેટલીક બીજી રીતે પ્રજાના કારીગરવર્ગને તથા ભણેલા વર્ગને પોષણ મળતું એ ખરૂં છે, પરંતુ ખેડૂત અને સામાન્ય પ્રજાજન રાજસત્તાને માટે ધન નીચોવવાના સાધન તરીકે જ ગણાતો. પ્રજાજન વધારે દરિદ્ર થયો ને માનસિક ગુલામીમાં ડૂબ્યો. રાજપૂતો પોતાનાથી હલકી વર્ણના લોકોને ગુલામ તરીકે ગણતા ને તે પ્રમાણે વર્તતા.

કચડાએલા આમવર્ગવાળો આ રજપૂત સમાજ અને ઉદય પામતા મહારાષ્ટ્રનો સમાજ એ બેની સરખામણી અહીં કરીએ. કહેવાય છે કે જ્યારે જ્ઞાનેશ્વરે ઉત્તર હિંદનાં તીર્થસ્થળોની યાત્રા કરી ત્યારે દિલ્હીમાં ખિલજી વંશના જુલમથી તેને ઘણી લાગણી થઈ હતી. મહારાષ્ટ્રમાં પ્રજાજાગ્રતિનું કાર્ય તેણે શરૂ કર્યું નહિ. સૈકાઓ પછી સ્વામી રામદાસે ગોદાવરીતીરે બાર વર્ષનું તપ પૂર્ણ કરીને પરિવ્રાજક તરીકે જ્યારે હિંદનું પર્યટન કર્યું ત્યારે હિંદુ સંસ્કૃતિની અધોગતિ તેમણે બરાબર જોઇ

અને સમાજરક્ષા તેમજ શિક્ષાનું ધર્મનેતાનું કાર્ય તેમણે મહારાષ્ટ્રમાં આરંભ્યું. મહારાષ્ટ્રમાં વ્યક્તિપ્રધાન સમાજરચના હતી. સરદારો, અમીરો, જાગીરદારો વગેરે હતા ખરા, પરંતુ તેમની સત્તા તેમના પોતાના સંઘબળ ઉપર નહિ પરતુ આમવર્ગના ટેકા ઉપર પ્રતિષ્ઠિત હતી. રામદાસે સમસ્ત મહારાષ્ટ્રમાં ધર્મજાગ્રતિ ને ઐહિક ઉન્નતિનાં કેન્દ્રો ઊભાં કર્યાં: સામાન્ય પ્રજાજનમાં તેણે આત્મગૌરવ, સમાન સ્વાર્થની ભાવના અને આદર્શની જ્યોત પ્રગટ કરી. પરિણામે એકએ જમાનામાં જ નવો ધસારો કરનારા મોગલ રાજ્યના અને વિજાપુરના હૂમલાઓ સામે થવાની મહત્ત્વાકાંક્ષા તે સમાજમાં પ્રગટી. અકિંચન, સાધનહીન પરંતુ મહત્ત્વાકાંક્ષી શૂરવીર શિવાજીમાં હિંદુધર્મની રક્ષા કરવાની વૃત્તિએ મૂર્ત સ્વરૂપ લીધું. સાધારણ સ્થિતિના અને સમાન વયના ભેરૂઓ ભેગા કરી તેણે પોતાના સ્વપ્નને મૂર્તિમંત કરવાનો તેણે પ્રયત્ન કર્યો. રાજપૂતો પેઠે ડુંગરાળ પ્રદેશનો લાભ લઇને હિંદની સૌથી સમર્થ એવી મોગલ સલ્તનતને પડકાર કર્યો અને સમયસૂચકતા, શૂરવીરતા, સાહસ, શામ, દામ, ભેદ અને દંડનો આશ્રય લઇ તેને તારા જ કરી. મરાઠા લશ્કર એટલે ખેતી કરનાર ખેડૂતોમાંથી વખત બચાવી છઆઠ મહિના લડી આવનાર લશ્કર. એ સમાજમાં વ્યક્તિવિકાસની તકો વધારે હતી. ઘેટાંનો ચારનાર ભરવાડ, ધનગર જાતિનો મલ્હાર સિપાઇગિરીમાંથી સેનાપતિપણા સુધી પહોંચી શકતો. સામાન્ય પ્રજાવર્ગમાંથી કાળે કરીને મરાઠી સત્તાનો સંઘ ઉદય પામ્યો એ વીરતા અને મુત્સદ્દીપણું—બુદ્ધિ, શૌર્ય અને સંઘજીવન ગાળવાની શક્તિનું પરિણામ હતું. મરાઠા સમાજની નિર્બળતાઓ અને મર્યાદાઓ જુદા પ્રકારની હતી. તેનો વિચાર બીજે વખતે કરીશું.

મુસલમાનોના સામાજિક બંધારણ ઉપર હિંદુ સમાજની ભારે અસર થઇ છે એ અહીં નોંધવાની પ્રથમ જરૂર છે. ખુદ અફઘાનિસ્તાનમાં વંશની ઉચ્ચતા પ્રમાણે અનુક્રમે ૩૩ જાતો—નાતો—આજે પણ હયાતિમાં છે.! એમાંની કેટલીક પોતાને ભારે 'કુલીન' પણ ગણે છે! પરંતુ રાજપૂત યુગમાં જ્યારે મુસલમાનો પહેલવહેલા આવ્યા ત્યારે તેઓ પયગમ્બરનાં મંતવ્યોનું આચરણ વધારે સારીરીતે કરતા હતા. બલ્બન ગુલામમાંથી સેનાપતિ થઇ શકયો અને હિંદુઓની હલકી જાતિનાં ઘણાં માણસો મુસલમાન થઇને મોટે હોદ્દે ચઢી શકેલા. વળી મુસ્લીમ સમાજમાં સિપાહીગિરી ગમે તે માણસ કરી શકતો;ક્ષત્રિયના જેવો જન્મ અને ધર્મથી જ લડાયક ગણાતો વર્ગ તેમનામાં ન હતો. શાંતિ અને ચિંતનને બદલે ઝનૂન, ધર્માંધતા અને અસહિષ્ણુતા ઘણા વધારે પ્રમાણમાં હોવાથી પરિણામે મુસ્લીમ સમાજમાં એક પ્રકારની સચોટ ક્રિયાશીલતા આવી, અને જ્યારે રાજપૂત સમાજ સાથે તેને સામનો કરવાનો વખત આવ્યો ત્યારે રાજપૂતોએ પોતાના સામાન્ય પ્રજાજનને જાગ્રત કરીને સ્વરક્ષણ, સંસ્કૃતિ રક્ષણ અને સ્વમાન માટે ઝૂઝવાને આમંત્રણ કર્યું નહિ.

શૂરવીર છતાં મુસ્લીમ અને પાછળથી મરાઠાઓના આક્રમણ વખતે રાજપૂત રિયાસતો ભેગીમળીને સ્વરક્ષણની યોજના કરી શકયા નહિ શા માટે ?—એક જ વાર એ વિચારથી તેઓ મરાઠાઓના કાળમાં ભેગા મળેલા—અને કોઇપણ પ્રકારના સંગીન વિચારોની પણ આપલે કર્યા વિના વીખરાઇ ગયા કારણકે પ્રત્યેક પોતાના સંકુચિત સ્વાર્થમાં જ ડુબેલો રહેતો. તે પછી મરાઠાઓની ભેદનીતિ,ધનલોભ વગેરેના તેઓ એક પછી એક ભોગ થઇ પડચા ! કુળવાનપણું ઘણી વાર તેમને નજીવી બાબતોને મોટી બનાવી આપતું અને એકસંપ જામવામાં હમેશાં વિઘ્ન નડતાં.જે સંજોગોએ ફ્રાંસમાં ક્રાંતિ ઉપજાવી તેની જ અસર હિંદના રાજપૂત સમાજ ઉપર જુદા જ પ્રકારની થઇ. **અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી**

થોડાક સુધારાવધારા

આ અંકમાંની 'માધુકરી'માંનો 'ઍડમિરલ ટોગો'નો લેખ 'કુલછાબ'માંથી તારવીને ઉતારેલો છે.

ગયા અંકમાં પ્રકટ થએલા શ્રી મુનિકુમાર મ. ભટ્ટના નાટક 'રાજ્યનાં પૈડાં' વિષે લેખકની એક અગત્યની ચેતવણી નાટકસાથેછાપવાની રહી ગએલી, તે એ કે એ નાટક કે તેનો ભાગ, એ રૂપમાં કે કશા ફેરફાર સાથે, તેના લેખકની અનુમતિ વિના કોઈ ભજવી કે ભજવાવી શકે નહિ.

જીવન-નૃત્ય . . . .



મકાનો બાંધવાની અને નાચવાની એ બે કળાઓ મુખ્ય અને પુરાણી છે. મનુષ્યજીવનમાં આંતરિક ભાવો પ્રદર્શિત કરવાની જે જે કળાઓ છે તેમાં નૃત્ય એ સૌના મૂળમાં છે. અને મકાનો બાંધવાની કે સ્થાપત્યકલા તે મનુષ્યદેહની બહાર રહેલી જે કળાઓ છે તેમાં સૌથી શરૂઆતની કે મૂળમાં રહેલી છે. આંતરિક ભાવોનું પ્રદર્શન મનુષ્ય નૃત્યથી કરતો અને દેહની બહાર જે જગત છે તેને અનુસરીને રહેલા ભાવો તથા લાગણીઓને મૂર્ત સ્વરૂપ આપવા માટે મનુષ્ય છેક જંગલી અવસ્થાથી મકાનો બાંધવા લાગ્યો હતો.

સંગીત, અભિનય અને કવિતા એ એક જ મહાન પ્રવાહનાં અંગ છે. મનુષ્યચેતનની પ્રવૃત્તિનો બીજો પ્રવાહ તે શિલ્પ, ચિત્રવિદ્યા ને યોજના તથા માપથી જે જે કલાઓ ઉદ્ભવે છે તે છે. મકાનો, દેવળો, પૂલો, બાગબગીચા, રાજ્યમહેલો, ઓવારા, નગરરચના, યાત્રાનાં સ્થળો એ બધું બાહ્ય જગતની સાથે મનુષ્યને જે ગાઢ સંબંધો ઉપજાવવાના છે તેમાંથી ઉદ્ભવે છે.

આંતિરક ને બાહ્ય આ બે જગતની કલાપ્રવૃત્તિઓની બહાર બીજી કોઈ મુખ્ય કલાઓ નથી. મનુષ્ય પૃથ્વી પર અવતર્યો તે પહેલાંની આ કલાઓ અવતરી છે ને એમાં યે નૃત્ય સૌ પહેલાં આવિર્ભાવ પામ્યું છે!

પૃથ્વી પર જ્યારે મનુષ્યો ન હતાં ત્યારનાં પક્ષીઓનાં જીવનમાં અવલોકન કરતાં એમ પણ લાગે છે કે નૃત્ય અને બાંધકામકલા એ બન્ને એક જ ઊર્મિનાં પરિણામ હોય. એડમન્ડ સીલસ 'ઝૂલૉજિસ્ટ' (પ્રાણીવિદ્યા)ના ડિસેમ્બર ૧૯૦૧ના અંકમાં સૂચવે છે એમ મકાનોનું સૌથી મૂળ રૂપ પક્ષીઓના માળા છે અને એ બાંધવાની પ્રેરણા પક્ષીઓને વિષયસંભોગના તાન માટે થતાં નૃત્યોમાંથી અકસ્માત પ્રાપ્ત થઈ ગઈ હોય.

આમ હોવાથી નૃત્યની અસર મનુષ્ય સ્વભાવમાં ઊંડી રહેલી છે; અને એનું આકર્ષણ પણ સનાતન છે. બાળકો તાલ દેતાં દેતાં આનંદથી કૂદે છે અને તત્ત્વજ્ઞાનીઓના વિશ્વવ્યાપી વિચારો રમતા રમતા ઊછળે છે, એ બંને અજાણતાં પણ સૃષ્ટિમાં જે તાલબદ્ધ નિયમન વ્યાપી રહ્યું છે, તેનું અનુકરણ કરે છે. નૃત્યકલા તરફ જો આપણે બેદરકાર રહીએ તો પાર્થિવ જીવનનું દિવ્ય દર્શન સમજવામાં આપણે નિષ્ફળ રહીએ છીએ એટલું જ નહિ પણ આધ્યાત્મિક જીવનનું સર્વોત્કૃષ્ટ સૂચન કરવા આપણે અશક્ત રહીએ છીએ.

વિશાળ અર્થમાં નૃત્યકલાનું મહત્ત્વ આ પ્રકારનું છે. સમગ્ર જીવનની જે જે અસરો આપણને પહોંચી શકે છે એ અસરોની તાલમયતા તેમજ સમગ્ર મનુષ્યજીવન તથા ચેતનતત્ત્વના વ્યાપારોમાં અવ્યક્ત રૂપે વ્યાપી રહેલું સંગીત એ બંને મૂર્તરૂપ ધારણ કરીને નૃત્ય દ્વારા, આપણે બરાબર સમજી શકીએ એવી રીતે, નાના પ્રકારની અસરો કરે છે. નિહારિકા, ગ્રહો, ઉપગ્રહો અને તારાઓ તેમજ નક્ષત્રોના જે અદ્ભુત ભવ્ય રાસ ચાલી રહ્યા છે તે ઉપર સહેજ પણ ધ્યાન ધરો અને પછી આપણી આ નાની પૃથ્વીના કોઈ સમુદ્રકિનારે ઊભા રહો! જલધિતરંગોના તાલ ત્યાં પણ કેવા જામી રહ્યા છે! 'સાગરસંગીત' એ શું માત્ર કવિઓની કલ્પના છે? એકધારો તાલ દઈને નિયમિત માપસર ગતિ કરતાં દરિયાનાં મોજાં કોઈ ગૂઢ લાસ્ય નૃત્ય કરતાં હોય એમ નથી લાગતું?

આ જ પ્રમાણે જગતમાં એક જાતનો અદશ્ય તાલ જામેલો છે; એ તાલોનું સંગીત પણ વહી રહેલું છે. સંગીતમાં નૃત્ય ગીત ને વાજિંત્રોનો સમાવેશ થાય છે. એવું દિવ્ય સંગીત આખા વિશ્વમાં માધુર્ય રેલી રહ્યું છે.

પ્રેમ અને ધર્મના વ્યાપાર મનુષ્યોએ પુરાણા સમયથી નૃત્ય દ્વારા વ્યક્ત કર્યા હતા એમાં નવાઈ નથી, કારણકે એ બંનેમાં લોકો પોતાની કુદરતી ઊર્મિઓને

જ શુદ્ધ ભાવથી અનુસર્યાં હતા. પછી તો ધીમેધીમે યુદ્ધ, મજૂરી, રમતગમત ને કેળવણીના કાર્યક્રમોમાં પણ નૃત્ય દાખલ થઈ ગયું ને એ પરથી અસલના કેટલાક ડાહ્યામાં ડાહ્યા તત્ત્વજ્ઞાનીઓએ નક્કી કર્યું કે નૃત્યના નમૂના ઉપરથી જ આપણે નીતિશાસ્ત્ર રચવું જોઇએ. ઘણી પ્રાચીન સંસ્કૃતિઓએ નૃત્યના ધોરણ પરથી જ નીતિના નિયમો રચ્યા હોય એમ લાગે છે.

આમ છે તો પછી નૃત્યકલા મનુષ્યસમાજને માટે એ કેવી ગંભીર અર્થવાળી વસ્તુ થઈ પડે છે તેનો વિચાર કરો. ઘણી બાજુઓથી તીક્ષ્ણ રૂપે આપણાં હૃદય ને મન પર નાના પ્રકારની ઊંડી અસરો ઉપજાવે છે.

સમગ્ર સંસારનું અવલોકન કરો. મનુષ્યો પોતાના જીવનની ઉચ્ચમાં ઉચ્ચ અને ગંભીરમાં ગંભીર ક્ષણોએ કેવી પ્રેરણાઓની અપેક્ષા કરે એ દૃષ્ટિથી નૃત્યકલાને સમજવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ.

જંગલમાં વસતી રાનીપરજ જાતો પોતાનો ધર્મ બોલીને નહિ પણ નાચીને સમજાવે છે. આદિ કોમ-માં પણ મનુષ્ય પોતાનું સમગ્ર અંતર નૃત્ય દ્વારા જ દર્શાવતો હતો. મહાકાવ્યોની યે પહેલાં મનુષ્ય જાતિ-માં મહાન રાસ કે મધુર અને અદ્‌ભુત નૃત્યો રચાયાં છે.

પુરાતન પ્રજાઓમાં જીવનનો મોટો ભાગ ધર્મ રોકતો હતો, તેથી ત્યાં નૃત્યનું સ્વરૂપ બહુ જ ધાર્મિક મહત્ત્વવાળું રહેલું. એમની પૂજા અને પ્રાર્થના નૃત્ય દ્વારા જ થતાં. જન્મ, લગ્ન, ઋતુઓના ફેરફારના સમય, દુષ્કાળ, વર્ષા, યુદ્ધ, વિરામ, જીવનના ઉલ્લાસ અને મૃત્યુનાં દુઃખ એ તમામ સમયના વિવિધ જુદાં નૃત્ય હતાં. ખેતીના પાક લેવાનો સમય, વસંતઋતુ-નો સમય, ઇત્યાદિ સમયના ઉત્સવો યોજાતા અને એ ઉત્સવોમાં સમયસમયને અનુકૂળ નૃત્ય હતાં.

પુરાણી પ્રજાઓના દેવો પણ નાચતા, આકા-શમાં તારાઓ નાચતા, અને નાચવું એ દેવો અને તારાઓને પગલે પગલે ચાલવા જેવું મહાન વિભૂ-તિઓનું અનુકરણ ગણાતું. આમ દેવોનાં કર્તવ્યકર્મમાં નૃત્યથી મનુષ્યો ભાગ લેતાં અને દેવોની પાસે એમની રાહમાં રહીને તે સમયના લોકો પોતાની મનોકામના-ઓ સિદ્ધ કરાવતા.

'મા, તું પાવાની પટરાણી
કે ગરબે નીસરી રે લોલ.'

એવાં આપણા જેવાં જ દેવદેવીઓ આપણાં જીવનમાં સાથેસાથે આપણને સહાય કરવા પૃથ્વી પર ઊતર્યાં છે એવી યોગદૃષ્ટિ સામાન્ય અભણ લોકો પોતાનાં નૃત્યોમાં બધા દેશોમાં અનુભવતાં જોવાયાં છે. તારા-ઓ જેમ સૂર્યની આસપાસ ફરે છે તેમ યજ્ઞરૂપી સૂર્ય બનાવીને કે કોરેલા ઘડામાંથી જરા જરા ઝબુકતા દીવાનો પ્રકાશ જોતાંજોતાં લગભગ બધી જ પ્રજાઓ-ના પૂર્વજો રાસ ખેલતા હતા. અસલના વખતમાં સૃષ્ટિના કલ્યાણકારી નિયમોનો લાભ લેવા માટે જ જાણે નૃત્યો યોજાયાં હોય એમ ખાતરી થાય છે.

અમેરિકાના મૂળ વતની (ઇન્ડિયનો)માં જાત-જાતના અને ઊંડી ઝીણવટથી જુદાજુદા અર્થ સમજી શકાય એવી રીતના ઘણા નાચ છે. તુર્કી દરવેશો આજ પણ ભક્તિના આવેશમાં પ્રાર્થના અને ભજનો સાથે આનંદસમાધિમાં લીન થઇ જઇને અદ્‌ભુત રહસ્ય-મય નૃત્ય કરે છે.

ધાર્મિક નૃત્યો કોઇવાર ભક્તિના ઉલ્લાસથી પ્રેરા-એલાં, અને કોઇવાર દેવદેવીઓના રસિક કે ભવ્ય જીવનના અનુસરણમાં અભિનય સાથે નાટ્યપ્રયોગો થતાં હોય એવાં પણ હોય છે. આપણા રાસધારીઓ ને ભવાઇ કરનારા આવા હતા. મુરલીઓ ને ભોજક લોકોનાં નૃત્ય તથા નાટકો મંદિરોમાં જ થતાં હતાં.

અને આ બધું તદ્દન કુદરતી છે. જગતની અલક્ષ્ય વિભૂતિમાં પ્રવેશ કરવાના આ બધા જુદાજુદા રસ્તા છે. ભક્તજનો અને સાધુસાધ્વી અનાદિ કાળથી પરમા-ત્મતત્ત્વને શોધી રહ્યાં છે. નૃત્યની ઉલ્લાસમય ગતિથી એક જાતનો ભક્તિભાવનો નશો ચડે છે અને એ નશાની કોઈ ધન્ય ક્ષણમાં પોતાની જાતને ભૂલી જઈ ભક્તજન પ્રભુ સાથે ક્ષણભર પણ લીન થઇ જઇને યોગનું પરમ સુખ અનુભવે છે.

આર્ય લોકો હિંદુસ્તાનમાં આવ્યા તે પહેલાંના ડમરૂ સાથે નાચ કરતા શિવભક્તો તાંડવ નૃત્ય કરતા હતા. એ નૃત્ય પણ આનંદસમાધિ જેવું, જીવશિવની એકતાનો અનુભવ કરાવે એવું પ્રબળ હતું. પાછળથી એ તાંડવ નૃત્ય તો પૂજવાલાયક ને અર્થસૂચક નૃત્ય થઇ પડ્યું. ઇશ્વરની અનંત પ્રવૃત્તિ છતાં અપાર શાન્તિનું સૂચક એ નટરાજનું નૃત્ય આજ સુધી હિન્દુ પ્રજા અદ્‌ભુત ગણી રહી છે. કોઇ પણ પ્રજા નૃત્યના એવા



ઉદયશંકરનાં વિખ્યાત ભારતીય નૃત્યોનાં દશ્યો: (૧) શ્રીકૃષ્ણ તરીકે (૨) શિકારી તરીકે (૩) શિવ તરીકે


ભવ્ય આદર્શ રચીને વ્યાજબી રીતે ગૌરવ પામી શકે.

હર્ષ, શોક, શૃંગાર, વીર, કરુણા ઇત્યાદિ રસો ધીમેધીમે નૃત્ય અને નાટકોમાં ઊતર્યા. એ પણ બરાબર છે. પણ ઉત્તમ કલાકારો અભિનયકલા દ્વારા સંસારમાં જે જે પ્રસંગો મનુષ્યજીવનને હલાવી નાખે છે તેનો આબેહુબ ચિતાર આપણી સમક્ષ રજુ કરી દે છે. એ લોકો પણ મનુષ્ય જીવનના જુદાજુદા પ્રસંગોના સર્જક બને છે અને દેવતાઈ કામ કરે છે. પ્રભુના જાણે એ સેવકો બને છે અને જે સૃષ્ટિનું રહસ્ય નરી આંખે આપણે જોઈ શકતા નથી તે નૃત્ય, અભિનય અને નાટકો દ્વારા તે કલાકારો આપણી સમક્ષ ખડું કરે છે

નૃત્યોની પાછળ દેવોનાં જીવન રૂપી નાટકોના ઇતિહાસ રચાય છે. ભક્ત એ નાટકમાં પોતાનું સ્થાન ઝટ સમજી જાય છે અને પછી કર્મકાંડ તથા પૂજાવિધિઓ યોજાય છે.

જ્યાંજ્યાં ધર્મો અધોગતિને નહોતા પામ્યા ત્યાં ત્યાં જગતભરમાં નૃત્ય બહુ અગત્યનો અને મહત્ત્વનો ભાગ ભજવતું જોવામાં આવ્યું છે અને હજી પણ જેનાં આધ્યાત્મિક જીવન ફિક્કાં લોહી વગરનાં અને નિર્બળ નહિ હોય તથા જ્યાંજ્યાં માત્ર બુદ્ધિની ડાહી ડાહી વાતોમાં જ ધર્મ રહેલો નહિ ગણાતો હોય ત્યાં ત્યાં એક કે બીજારૂપમાં નૃત્ય આવશે જ. અભિનય નાટક, ભાવનાનો ઉલ્લાસ, ગરબા, રાસ, ભજનકીર્તન પૂજાપાઠના ચિત્તાકર્ષક દેખાવો એ બધું ઉચ્ચ જીવનના ઘડતરમાં યોજાશે અને બાન્ટુ જાતના લોકો 'તમારો શો ધર્મ' એમ નહિ પૂછતાં એકબીજાને 'તમે શું નાચો છો' એમ જે હાલ પણ પૂછે છે તે જ પ્રમાણે આપણે પણ એકબીજાને પૂછી શું કે 'તમે શું નાચો છો?'

નૃત્ય જેમ ધર્મની સામે ગાઢ સંબંધ ધરાવે છે તે જ પ્રમાણે પ્રેમ સાથે પણ એનો સંબંધ એટલો જ ગાઢ છે. પ્રેમ અને નૃત્યનો સંબંધ તો મનુષ્યો પૃથ્વી ઉપર ઉત્પન્ન પણ નહોતાં થયાં એટલો જૂનો છે.



પતંગિયાં, જીવડાં, જીવજંતુ અને પક્ષીઓમાં, લ્યુશિયન કહે છે કે, નૃત્ય એ પ્રેમનું મુખ્ય અંગ છે. પ્રણય અને સંવનનમાં નર નાચે છે. માદાના મનનું હરણ કરવા કેટલીક વખત તો બીજા નરોની હરીફાઈમાં એ નૃત્ય કરે છે. પછી કોઇવાર થોડી કે કોઇવાર જરા વધારે વાર થાય એટલે માદા પણ એને નાચતો જોઇને ઉશ્કેરાય છે અને નર સાથે નારી પણ નાચવા માંડે છે. નાચનું અંતિમ પરિણામ પ્રેમીઓના દેહના મિલનમાં આવે છે. આંચળવાળાં પ્રાણીઓમાં નૃત્ય બહુ જ થોડું ખીલ્યું છે, પણ પક્ષીઓમાં તો એનો વિકાસ બહુ સુંદર થયો છે. કબૂતરો, કુકડાઓ અને મોરની નૃત્યકલા જોવાલાયક હોય છે.

બરકાની કરોડવાળાં અને આંચળવાળાં પ્રાણીઓની શક્તિ એમના શરીરની ક્રિયાઓમાં એટલી બધી પ્રસરી જાય છે કે એ બરાબર નાચી શકતાં નથી; પરંતુ વાંદરાં અને માંકડાંના જીવનનું સૂક્ષ્મ અવલોકન કરનાર ડૉ. લૂઇ રૉબિન્સન કહે છે કે શિમ્પાન્ઝીના નબળા પગની તાણ આવતી હોય એવી રીતની મચકો એ નૃત્યની જ ગતિ છે, અને એ જ ગતિનો ધીમેધીમે વિકાસ કરીને નૃત્યકલાના સ્વર્ગીય રસાયણે પાવલોવાના નૃત્યની દિવ્ય ગતિ સર્જી છે.

જીવજંતુઓ અને પક્ષીઓનાં પુરાણકાળથી ઊતરી આવેલાં પ્રેમનૃત્ય આફ્રિકા તેમજ બીજા ભાગના જંગલી લોકોમાં આવિષ્કાર પામ્યાં છે અને સુધરેલી પ્રજાઓમાં પણ રૂઢિઓમાં ઢંકાઇને તેમજ શૃંગાર રસનાં સૂચનોના સ્વરૂપમાં જુદેજુદે રૂપે હાલ પણ તે નૃત્ય ચાલે છે. જે પ્રકારના નૃત્યમાં આજે નીતિ અને ધર્મની દૃષ્ટિએ વાંધો લેવામાં આવે છે અને જે ક્ષેત્રમાં નૃત્યો માત્ર ઇન્દ્રિયવિલાસ તેમજ વિષયવૃત્તિની ઉશ્કેરણી કરતાં ગણાયાથી વાંધાભરેલાં ગણાયાં છે તે મૂળ તો પ્રેમનૃત્યો જ હતાં.

નૃત્યમાં વિવેક વગરના અને નિર્લજ્જ અંગમરોડ એવા પ્રકારના થવા લાગ્યા કે જેનાથી માત્ર કામવાસના જ ઉશ્કેરાય પરંતુ કુદરતમાં તેમજ જંગલી ગણાતી પૃથ્વીભરની રાનીપરજ જાતોમાં તો શૃંગાર નૃત્યો એ જ કારણથી અમૂલ્ય ગણાય છે. ત્યાં નૃત્ય એ સંવનનનો એક પ્રકાર છે અને પ્રેમમાર્ગે ચડનારને દીક્ષા આપનારી એ કલા ગણાય છે. રાનીપરજ કોમોનાં કિશોર કિશોરી પ્રેમનું શિક્ષણ નૃત્યમાંથી જ મેળવે છે અને એમાં નિપુણતા મેળવવી એ તો ત્યાં પ્રશંસનીય ગણાય છે. નૃત્યથી સૌન્દર્ય, શક્તિ અને ચતુરાઇ કેળવી, યુવકે યુવતીના મનનું હરણ કરવું જ જોઇએ. યુવતીની માનસિક સૃષ્ટિમાં એણે પોતાના સ્વરૂપની એવી પ્રબળ છાપ પાડવી જોઇએ કે આખરે યુવતી પોતાની લજ્જા ને મર્યાદા મૂકી પ્રેમવાસનાથી ઉશ્કેરાઇ જાય. અને જીવનસૃષ્ટિમાં પણ બધે જ નર મુખ્ય નટ હોય છે, અને નારીઓ તો પાછળથી જોડાય છે.

આ રીતે નૃત્યનો ઇતિહાસ જોતાં જણાશે કે નૃત્યનો ઉપયોગ પ્રભુભક્તિ અને પ્રેમ ખીલવવા એમ બે રીતના સાધન તરીકે થયો છે. એનાથી મનુષ્યોની ઘણી ગુપ્ત શક્તિઓ ખીલી ઊઠી છે. નૃત્યથી સ્ત્રીપુરુષો ચપળ, બલવાન, ચાલાક અને સુંદર બન્યાં છે.

નૃત્યથી રૂપ અને લાવણ્યનો સ્ત્રીઓમાં અને પુરુષોમાં જે વિકાસ થાય છે, સંગીતથી એમના કંઠમાં જે મિઠાશ આવે છે તે ખરેખર મોહક છે! ભગવાને 'એક છું તે બહુ થવું' એમ જે ઇચ્છા કરી હતી તે ઇચ્છાના રહસ્યનો જ આ સૌંદર્ય, લાવણ્ય અને મધુરતા એ આવિર્ભાવ છે કે નહિ એ નિશ્ચયપૂર્વક તો કહી શકાતું નથી, પણ એ એક અદ્‌ભુત ચમત્કાર તો છે જ.

પરંતુ નીતિ વગર તો સમાજ ભ્રષ્ટ થઈ જાય; એનું 'સૌંદર્ય, આરોગ્ય લાવણ્ય ને માધુર્ય' પણ પતંગિયાંના ક્ષણભંગુર જીવન જેવું બને. તેથી નૃત્યનો ઇતિહાસ જાણી એનો વિવેકસર તેમજ ધર્મની મર્યાદાઓ બાંધીને સમાજે લાભ લેવો ઘટે. રસિકતા, સંગીત અને કલા જીવનને ઉન્નત કરવા માટે છે, અધમ કરવા માટે નથી એ વાત હમેશાં ધ્યાનમાં રહેવી જોઇએ. સોનાની કટારી કેડે બાંધવા માટે હોય છે પેટમાં ખોસવા માટે નહિ.


પૃથ્વી પરનાં મનુષ્યલોકમાં પ્રાણીવર્ગના શૃંગારી (Erotic) નાચ વિશેષ આગળ વધ્યા છે. એમની અસર ઓછી નથી થઇ, પણ વધી છે. પુરુષો જ એકલા ત્યાં સ્ત્રીઓનો પ્રેમ મેળવવા નૃત્ય નથી કરતા, પણ સ્ત્રીઓ યે પુરુષોનાં મન હરણ કરવા જાતજાતનાં નૃત્ય કરે છે.

નૃત્યથી ખૂબ કસરત મળે છે. એકેએક અવયવ ચપળ બને છે, સહનશક્તિ વધે છે, ચાલાકી આવે છે, સૌંદર્ય તેમજ રૂપલાવણ્યમાં ઉમેરો થાય છે, રસિકતા સૌંદર્ય ગ્રાહકશક્તિ અને મૃદુતાના ગુણ ખીલી ઊઠે છે, હૃદય પ્રેમાળ બને છે, આંગળીઓ, હાથ, પગ, પેટ, મુખ, આંખ, નાક, ભૃકુટી, કપાળ ઇત્યાદિ શરીરના કદી પણ કાબૂમાં ન આવે એવા સ્નાયુઓ તાલમય અને સંગીતમય બની જાય છે. જે નૃત્યમાં શરીરના તમામ સ્નાયુઓ યથાયોગ્ય અભિનય તથા અંગમરોડ કરી શકે તેમજ સંગીત સાથે એકરસ બની લેશમાત્ર તાલભંગ ન થાય એને સંપૂર્ણ નૃત્યકલા કહે છે.

(ચાલુ) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

(હેવલૉક એલિસના 'ડાન્સ ઑફ લાઈફ' નામના પુસ્તક ઉપરથી લીધેલા વિચારોને આધારે.)

'વા વાયાથી નળિયું ખસ્યું'



['વા વાયાથી નળિયું ખસ્યું' વાળી કવિતા અને તેનો ભાવાર્થ તો જાણીતો છે. સહેજ ખખડાટ થતાં બીકણ કલ્પના તેને કેવું ખોટું રૂપ આપીને નાશ નોતરે છે એ બાબતની એક કથા જૂની જાતકમાલામાં પણ છે. તેને શ્રી ઠાકોરે કવિતા રૂપે અવનવી તાલબદ્ધ બાનીમાં અહીં ઉતારી છે. નીચેની પોતાની નોંધમાં એઓ જણાવે છે તે મુજબ તેમાંથી જાતકમાલાનો ચમત્કારઅંશ ઉડાવી દઈને તેમાં એમણે નવું ભમતારામનું કલ્પનાપાત્ર ઉમેર્યું છે, જે કાળ કરાડના મોંમાં ઓરાઈ જતા-તી અણીપર આવેલા કોટિ જીવને ખુબીથી બચાવી લે છે.]

૧

પડ્યું બીલૂં તાડછે,
તાડછું ફાટ્યું ચડડડડ!
સૂતું સસલું ભડક્યું જાણે
ધરણી ફાટે ધડડડડ!
ભાગ્યું સસલું ઊભે પૂછ,
એક સસલું, સો સસલાં, જોતજોતાંમાં લાખ સસલાં
જાય ભાગ્યાં ઊભે પૂછ!

'શૂં છે સસલાં? શૂં છે સસલાં?'
'ધરા ત્રૂટે તડડડડ!'

સસલાં હારે હરણાં ભાગ્યાં,
બંદર ભાગ્યાં, ધણ ભાગ્યાં,
રોઝ ભાગ્યાં, જાનવર તમામ ભાગ્યાં!
જાય ભાગ્યાં પૂરપાટ,
ચારે પગે ઠેકતાં,
ઊંધે માથે, ઊભે પૂછ!
ન જુવે જંગલ, ન જુવે વાટ,
ન જુવે કોતર, ન જુવે ખાત, કોટિ જાનવર!

૨

ધાર ઊપર ભમતારામ,
ગાતારામ, રમતારામ,
પંખીશૂં કિલબિલતારામ,
વીણે તોડે ફળ અભિરામ.

સ્કન્ધે બેઠો પોપટ ભડક્યો,
ગગને ઉડતા સમડા ભડક્યા,
ડાળે માળે તેતર કાબર હોલાં ભડક્યાં,
પગ પાસેનાં ચકલાં ભડક્યાં,
ધાર ઉપરની ભડકી પંખીજાત તમામ.

ભમતારામ થયો ટટાર,
વળી, નજર માંડી જ્યાં ક્ષિતિજે કાળી હાર:
માઝા મૂકી ઉલટ્યો જાણે દરિયો આવે હારકતાર.

ચોપાઇ

તરુવર કેરે માથે ચડ્યો, જોતામાં ચિત ચીરો પડ્યો;
કોટિ જીવ આ ઘડિ બે ઘડી મહીં જાનથી જાયે ખડી.
લૅભાકળ દ્રોડે લઇ જીવ, આંખ છતે પણ અંધ અતીવ,
શ્વાસ નાકમાં માયે નહીં, દ્રોડ તથાપી વિસમે નહીં.

ફાટી પડશે?
કાંપમહીં શૂં ગરકી પડશે?
કરાડમાં કે કડડભૂંસ પિષ્ટાઇ જશે?
ને કરાડ તો આ ધારસોંડમાં
વકાસિ મોં પાતાળઊંડિ ઊભી છ કરાલ,
—એ કોટિ જીવનો એ જ એ જ શૂં નિશ્ચે કાળ?

ક્ષણમાં સૌ જોઈ એ લીધ
દરિયો તો એ ઉલટ્યો આવે, ભમતારામ:
તરુવર પર પદ્માસન કીધ,
કુમ્ભક ઘૂંટિલગણનો પૂર્યો, ભમતારામ.
શઙ્ખમહીં ઠલવ્યો એ ઘેરો
શ્વાસ ઘુમડિયો, ભમતારામ.
બીજો કુમ્ભક, અને અનેરો
શઙ્ખનાદ કરિ, ભમતારામ.

ધાર ઉઠી આખી યે ગાજી,
ડુંગર ડુંગર કોતર કોતર
મહાશઙ્ખ બનિ ગયાં તતક્ષણ,

દશગુણ શતગુણ ઘોષ બની એ
વિલમ્બિ પડઘે રહ્યો ગજાવિ આખૂં ગગનાઙ્ગણ.

ડુંગર ડુંગર કોતર ગહ્વર
વિષે હતા જે ગજવર એકલ,
ગજગર્જિનીકુલ કલભ હતાં જે,
ન્હાનાંમોટાં જૂથ હતાં જે,
સૌને એ ઘેરા ઘૂમટિયા
શઙ્ખધ્વનિની પ્હોંચી હાકલ.

૩

પંખીમાં પોપટ છે શાણો,
સર્પોમાં છે પન્નગ શાણો,
વનચર સકલે હાથી શાણો.

મેઘગર્જનાથકી અનેરી
સહસ્ર ત્રમ્બાળાંથિ વડેરી
ડુંગર કંદર શિખર ખાડથી
વધી ગગનગુંબજ ગડગડતી
કાન પડી એ હાકલ કાતિલ,
જ્યહાં ગજેન્દ્ર હતો મદમાતિલ,
બત્રિશ લક્ષણ, વીર, સાહસિક,
કુમ્ભ દન્ત ઊંચાઇ અલૌકિક,
–તેણે શુણ્ડતણે રણતૂરે
'આવો પાછળ ! આવો સત્વર !'
એમ સાકર્યા ગિરિમાલામાં
હતા એટલા તમામ ગયવર.
અને નીકળી સીધો પોતે
સદ્ય ઉભો આવી જ્યાં તરુવર.
બીજી પાંચ મિનિટમાં પાછળ
આવિ ચડ્યૂં ગજકેરૂં લશકર.

૪

ગજેન્દ્રશુણ્ડે સરકી ભમતારામ
બેઠો મસ્તક, કર્ણમૂલમાં નચવત પદ્માઙ્ગુલી સુખધામ.
પદ્માઙ્ગુલીનૃત્યે નિજ મામ
સીંચત ગજેન્દ્રળીનવિષે અવિરામ.

ગજસેના ઉતરી ગૈ ધાર ોડી જ્યાં વિકરાલ કરાડ.
સસલાં હરણાં કુક્કર બંદર,
જાતજાતનાં કોટિ જાનવર,

ચોપાઇ

બની જૂથ જોજન વિસ્તાર જોજનઉંડૂં હારકતાર,
આવે ઉલટચો દરિયો યથા, માઝા મૂકી ઉછળ્યો જથા:
અગ્ર અગ્ર ધપતા ચીત્કાર, ભુમ્બા પ્રલયકેરા સર્વથા.

પા ખેતરવા બાકી જ્યહાં, પ્હોંચી ગૈ ગજસેના ત્યહાં.
આંતરિ લીધી કરાડ ટોચ, ખોડી પગ ઊભો ગજકોટ:
સ્તમ્ભ પાંચસો સીધી હાર, વચ્ચે માગ ન જડે લગાર:
કતરાતા બીજા પાંચસો ધાર ચડંતા ઉભા ટટાર.
ત્યાં તો ભેંભાકળ એ પૂર પછડાયૂં ગજકોટે ભૂર.
સસલાં ઊપર સસલાં ચડે દશમૂં કુમ્ભસ્થલને અડે;
જે બળથી આવે પછડાતાં તે જ બળે ઉડિ પડતાં પરાં.

૫

ત્યાં વાંસલડી ભમતારામ વાય મન્દ મૃદુ મઞ્જુલગ્રામ.
પ્રલયતણા ભુમ્બારવ માંહ્ય ઝીણા મધુરા સૂર શ્રુણાય;
સસલાં હરણાં કાને પડે, ચાર પેયનાં સમણાં સ્ફુરે;
સુધામધુર જોજનવિસ્તાર, હિંસક કેરો નહિ સઞ્ચાર.
ગજેન્દ્ર ઊપર ભમતારામ વાય વાંસળી શી અભિરામ!
ગાય, મન્દગતિ ધાર જ ચડે, સસલાં હરણાં પાછળ પડે.
ચડાવનો પથ ખેડે મન્દ, વાય વાંસળી અતિસુખકન્દ.
સસલાં હરણાં પાછળ ધાય, બીજાં પ્રાણી સર્વ તણાય.
ઊછળતા દરિયાનો વેગ ચડાવ ચડતાં ઉંચો વિશેક
પડે મન્દ, ને વાધે ગાન, ભય ત્રાસ ત્યમ શમે નિદાન.
ટોચ ન પ્હોંચ્યાં ત્યાં તો સર્વ થયાં સાંસતાં, જાગ્યાં સર્વ.
શમ્યો ત્રાસ, અનુભવિયો થાક; જે જ્યાં તે ત્યાં પડે અવાક.

કોટિ જીવ આંધીમાં ફસ્યાં ભેંભાકળ યમ મૌંએ ધસ્યાં,
લીધ ઉગારી ભમતારામ, સાધુ, દયાધન, રમતારામ.
બનાવ અદ્ભુત રોમાઞ્ચક એ શ્રુણ્યો પુરાણા જાતક-શઙ્ખે
કવ્યો ફરી બલવન્ત ઉમઙ્ગે, ગુર્જર વાંસલડીમાં રઙ્ગે

બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર

[મૂલ માટે જુવો 'જાતકમાલા'માંની જાતકકથા ૩૨૨મી, અથવા તેનો અંગ્રેજી તરજુમો; અથવા ઇ ડબ્લ્યૂ. બર્લિંગેહૅમ કૃત 'બુદ્ધિસ્ટ પૅરેબલ્સ (Buddhist Parables)', પૃ. ૫૫ થી ૫૮. મૂલવાર્તા ચમત્કારવાર્તા જ છે. અહીં ચમત્કારનો અંશ ઉડાવી દેવા માટે રૉબર્ટ બ્રાઉનિંગની જગજાણીતી 'પાઇડ પાઇપર (Pied Piper)' ઉપરની કવિતામાં સંગીતની જાદુઇ અસર નિરૂપેલી છે, એ નવો તન્તુ જાતકની વિગતો જોડે વણી લીધો છે.]

કાબરે ગરોળી મારી

બે ગરોળી હતી. ગરોળી છાપરામાં દોડાદોડી કરતી હતી. એકાદ જીવડું જુએ કે બંને દોડે. બંને તરાપ મારે. જે પકડે તે ખાઇ જાય.

એક જીવડું છાપરાને મોભે બેઠું. બે ય ગરોળીએ જોયું. બે ય દોડી. એક ઉત્તરમાંથી ને બીજી દક્ષિણમાંથી. બે ય ભેગી પહોંચી. બંનેએ જીવડા ઉપર સાથે તરાપ મારી. બે ય ભટકાણી. બે ય ગભરાણી. બે ય પાછી ભાગવા દોડી. બે ય હેઠે પડી. બે ય ચત્તી પડી. પેટ ઉપર ને પીઠ નીચે. બંનેને કળ વળી ગઇ.

ઘરને ટોડલે કાબર બેઠી હતી. કાબરે બે ય ગરોળીને પડતી જોઇ. કાબર ઊડીને નીચે આવી. એક ગરોળી ઝટપટ ઊઠીને દોડી ગઇ. બીજી દોડવા ગઇ ત્યાં કાબરે ચાંચ મારી. ગરોળી દોડી ન શકી. થોડી વારે ફરી દોડવા ગઇ કે કાબરે ચાંચ મારી. ગરોળી તરફડવા લાગી. બીજી કાબર આવી. બીજી કાબરે પણ ચાંચ મારી. બે ય કાબર ચાંચ મારે ને ખેંચતાણ કરે. ગરોળીની પૂંછડી કપાઇને છુટી પડી ગઇ. પૂંછડી તરફડવા લાગી. ગરોળીયે તરફડે ને પૂંછડીયે તરફડે. બે ય કાબરે ધરાઇ ધરાઇને ચાંચો મારી. છેવટે એક કાબર ગરોળીને ચાંચમાં પકડીને ઊડી. ઊડીને છાપરે બેઠી. બીજી કાબર પણ ઊડીને છાપરે બેઠી. બે ય કાબર વઢી પડી. ચાંચમાંથી ગરોળી હેઠે પડી. બે ય કાબર ઊડી ગઇ.

ગરોળી નીચે ઓટલા ઉપર પડી. થોડી વારે ત્યાં એક કીડી આવી. પછી બીજી કીડી આવી; ત્રીજી કીડી આવી. કીડી ઉપર કીડી આવવા લાગી. કીડીનાં જૂથ ઉપર જૂથ ઊભરાવા લાગ્યાં. ઘણી બધી કીડીઓ ગરોળીને વળગી પડી. બધી કીડીએ મળીને ગરોળીને ઉપાડી. થોડી કીડી આગળ ચાલે, થોડી કીડી વચ્ચે ચાલે. ગરોળી ઉપાડનારી ઘણી બધી કીડીઓ પાછળ ચાલે. જાણે ગરોળીબાઇનો જનાજો નીકળ્યો. કીડીઓ દરમાં ગઇ. ગરોળીને દરમાં લઇ ગઇ. કીડીઓ બધી વિખરાઇ ગઈ. ગરોળી મરી ગઇ, કાબર ઊડી ગઇ, કીડીઓ ચાલી ગઇ.

વેણીલાલ બૂચ




ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ



¶ હરીફાઇ માટે મોકલાતા ફોટોગ્રાફો સાથે કૃપા કરી કોઈ પણ જાતનો પત્રવ્યવહાર બીડવો નહિ ¶ ફોટોગ્રાફને લગતી કાંઇ વિગત દર્શાવવી હોય તો તેની પાછળ જ ટૂંકાણમાં લખવી. એટલે કે કવરમાં ફોટોગ્રાફ સિવાય બીજું છુટું કશું બીડેલું હોવું જોઇએ નહિ. ¶ પોસ્ટેજ તથા સરનામાવાળું કવર સાથે મોકલ્યા વિના ફોટોગ્રાફો પાછા મોકલાતા નથી.

આ માસની હરીફાઈમાં પણ સારી સંખ્યામાં ફોટોગ્રાફ આવ્યા છે અને તેમાંનાં કેટલાકના વિષય પણ આકર્ષક ગણાય; પરંતુ આ વખતે એક વાત ફરી કહેવાની જરૂર છે, કે ચિત્રને ન ઘટે એવાં આડંબરી નામો ચડાવી દેવાની રીત વખાણવા જેવી નથી. આ વખતે ઇનામને પાત્ર ઠરેલાં ત્રણે ચિત્રો માટે આ ટીકા એકસરખી લાગુ પડે છે. (જુઓ પાછળ)

ચિત્રની આગળપાછળની રચનાઓ (ફોર ગ્રાઉન્ડ કે બૅક ગ્રાઉન્ડ) ચિત્રને સુધારે કે બગાડે છે. આસપાસની અનુરૂપતાના અભાવથી સુંદર અને આકર્ષક કે સૂચક વસ્તુ પણ તદ્દન સર્વસામાન્ય બની જઇ ચિત્ર નમાલું થઇ જાય છે. સાથેના દૃશ્યની યોગ્ય પસંદગી મૂળ વસ્તુને કેવો ઉઠાવ આપે છે તેના નમૂના તરીકે આ માસની હરીફાઇમાં પહેલું ઇનામ મેળવનાર, ભાઇ રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ)નું ચિત્ર 'જીવનચક્ર' જુઓ. બીજું ઇનામ લેનાર ભાઇ શ્રીદામ ભટ્ટ (અમદાવાદ)ના ચિત્ર 'જીવન-વમળ'માં તેમજ ત્રીજા ઇનામને પાત્ર ઠરેલ ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)ના ચિત્ર 'શાંત સૃષ્ટિ'માં બધી સામગ્રી ચિત્ર-વિષયને અનુકૂળ છે; માત્ર નામકરણ બરોબર નથી થયાં. 'જીવનચક્ર'માં આવેલા જૂનાં ખંડેરોની યાદરૂપ કાળથી ઘસાએલા પથ્થરો અને ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરેલા છરી-સૂડીની ધાર કાઢનારાઓ વચ્ચે અચૂક સામ્ય જણાય છે. આ ચિત્ર ફોટોગ્રાફી તરીકે સારૂં હોવા ઉપરાંત પેટ ભરવાને મહેનત કરતી જાતિનું એક લાક્ષણિક ચિત્ર છે. લોપ થતી જાતિનાં આવાં ચિત્રોના સંગ્રહમાં એમેચ્યોઅર્સ ઘણો સારો ફાળો આપી શકે. સરાણ ખેંચનારનો ડાબો હાથ પાછળ જતી ગતિ સૂચવી ચિત્રને વધુ જમાવટ આપે છે. 'જીવન-વમળ', 'જીવનચક્ર' કરતાં જુદો જ પ્રકાર સૂચવે છે, છતાં એના જેટલો જ આકર્ષક છે. તેનો એન્લાર્જ વધારે કાળજીપૂર્વક થવો જોઇતો હતો. ચિત્રમાંના ઉપરના કાળા પડછાયા કઢાવી પાત્રને વધુ ઉઠાવ આપવાની જરૂર હતી. ભાઇ પ્રાણલાલ પટેલના 'શાંત સૃષ્ટિ'નું ચિત્ર તદ્દન સામાન્ય પદાર્થો વડે ઉપજાવેલું છે. કામથી થાકી બપોરનો વિસામો લેતા કોઇ મજૂરની નજીવી વસ્તુઓ ચિત્રમાં દેખાય છે. જોડાટોપી ને પાવડા-ટોપલીથી કોઇ શ્રમિત મજૂર બાજુમાં વિશ્રાંતી લેતો કલ્પી શકાય છે. પાવડા પરની કાળી



(૧) 'શાંત સૃષ્ટિ'–પ્રાણલાલ પટેલ (મણિનગર–અમદાવાદ) ત્રીજું ઈનામ; (૨) 'જીવનચક્ર'–રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ) પહેલું ઇનામ; 'જીવન-વગળ'–શ્રીરામ ભટ્ટ (અમદાવાદ) બીજું ઇનામ; 'ગોળ-પોઢિયો'–રમેશ મહેતા (પાલનપુર) નોંધપાત્ર

ટોપી ચિત્રરચનામાં કુરૂપતા અને ભાવક્ષતિ પેદા કરે છે.

'ગોળ ગોઠિયો'–રમેશ મહેતા (પાલણપુર)નું ચિત્ર—નોંધપાત્ર ચિત્રોમાં લેવા લાયક છે. ભાઇ મધુસૂદન ભટ્ટ (ચીંચણ)નું 'મચ્છીની શોધમાં' તેમ જ ભાઈ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'બે વાછરેનું યુદ્ધ' પણ નોંધપાત્ર છે. 'મચ્છીની શોધમાં સારો વિષય હોવા છતાં પ્રિન્ટિંગની કારીગરીની કચાશથી પાછળ રહી જાય છે. અસદ સૈયદ (પાલણપુર) અને જયંતી મહેતા (મુંબાઇ) એ મોકલેલાં ચિત્રોના વિષયની પસંદગી ઠીક ગણાય. તેમાંની બીજી કેટલીક ખામીઓને લીધે તે ચિત્રો પ્રસિદ્ધિપાત્ર ઠર્યાં નથી.

બલવન્ત ભટ્ટ

બે ચિત્રશિક્ષકોનાં પ્રકાશનો

કરાંચીથી મિ. એસ. બી કુલકર્ણી, એ. એમ નું 'ચિલ્ડ્રન્સ પિક્ચર આલ્બમ' બહાર પડ્યું છે તેમાં ચાર આનાની કીમતે નવ ચિત્રોની 'કુમાર'ના કદની પ્લેટો આપી છે એટલે તે સસ્તું ગણાય. ચિત્રકાર પોતાના નગરની આમ સેવા કરે તે અભિનંદનપાત્ર છે, પરંતુ વિષયના ઔચિત્ય તેમજ મૌલિકતાનો ભોગ આપી સંખ્યા વધારી દેવાથી કલાનો આદર્શ સિદ્ધ થતો નથી એટલી વાત અમે તેમની નજરે લાવીએ છીએ કરાચીના લોકપ્રિય મેયર શ્રી જમશેદજીએ તેમાં આમુખની થોડી લીટીઓ લખી આલ્બમનું ગૌરવ વધાર્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કન્યાવિદ્યાલયના ચિત્રશિક્ષક **શ્રી** કલ્યાણજી પ્રા. શુકલે બાળકો માટે 'નવી ચિત્રપોથી' માત્ર ત્રણ આનાની કીમતે પ્રકટ કરી બાળકો તેમજ પ્રાથમિક શાળાઓ માટે ચિત્ર શીખવાનું એક સાધન પૂરૂં પાડ્યું છે. પોતાના ધંધાના અનુભવ પછી તેને લગતાં પુસ્તક બહાર પાડનારા ચિત્રશિક્ષકો થોડા છે તેમાં શ્રી કલ્યાણજી શુકલની સેવા નોંધપાત્ર ગણાવી જોઇએ.



માધુકરી

મોરલા હો ! મુને થોડી ઘડી તારો આપ આશાઢીલો કંઠ;
ખોવાએલી વાદળીને હું, છેલ્લીવાર સાદ પાડી લઉં.
ઇંદ્રધનુ ! તારા રંગ–ધોધોમાંથી એક માગું લીલું બુન્દ;
સાંભરતાંને આંકવા કાજે, પીછી એક બોળવા દેજે.
મેઘમાલા ! તારા લાખ તારોમાંથી ખેંચવા દે એક તાર;
બેસાડીને સૂર બાકીના, પાછી સોંપી દેશ હું વીણા.
રાતરાણી ! તારા ઝાકઝમાળાનું કોઈ નથી મારે કામ;
ગાઢા અંધકાર–પછેડા, ઓઢાડી દે ! ઊંઘની વેળા.
કાળસિંધુ ! તારા વીંઝણાનું નાનું એક તો આપ 'કલ્લોલ;
(જન્મભૂમિ)   હૈડું એક નીંદવિહોણું. ભાલે એને વાયરો ઢોળું. –ઝવેરચંદ મેઘાણી

ઍડમિરલ ટોગો

ઍડમિરલ ટોગોના અવસાન સાથે એશિયાના ઇતિહાસનું એક પ્રકરણ પૂરૂં થાય છે. એ વીર જાપાનીના જવા સાથે એશિયાની અધ્યાત્મવાદ અને રાષ્ટ્રવાદ વચ્ચેની કડી તૂટી ગઇ છે એશિયાસમસ્તની જાગૃતિના ઇતિહાસમાં, એશિયા સમસ્તની પ્રજાઓની આશાના ઉત્થાનની કથામાં ઍડમિરલ ટોગોનું સ્થાન પહેલું જ હતું અને પહેલું જ રહેશે.

આજે એવા કેટલા યે હશે કે જેઓએ ઍડમિરલ ટોગોનું નામ પણ સાંભળ્યું નહિ હોય. આજે કેટલાક એવા જુવાનો છે કે જેમને, પોતે જ એશિયામાં જગવેલી ઉજ્જ્વલ આશાને પોતાને જ હાથે જમીનદોસ્ત કરનાર જાપાનના નામની સૂગ આવે છે. એવા યે કેટલાક છે કે જેઓ જાપાનના અત્યારના ખૂનપરંપરાથી નિત્ય લાલ રહેતા આંતરિક શાસનમાં, જાપાનના ઇજારદાર મૂડીવાદમાં, જાપાનના મજૂરીના કારમા શોષણમાં, જાપાનની અતિ વ્યાપક બાળમજૂરીમાં જર્મનીના નાઝી શાસનની પ્રતિછાયા માત્ર જુએ છે.

પરંતુ એક યુગ એવો હતો કે જ્યારે એશિયા કમજોર હતું ને મેલી યુરોપિયન રાજખટપટની રમતમાં ફૂટબૉલની માફક આમતેમ ઊડતું હતું. ઝારનું રશિયા યુરોપિયન મુત્સદ્દીગીરીનું પ્રતિનિધિ હતું યુરોપ એશિયાને પૂર્વમાંથી, પશ્ચિમમાંથી, દક્ષિણમાંથી, ઉત્તરમાંથી ભીંસતું હતું. એશિયાના વેપાર ઉપર, એશિયાની સમૃદ્ધિ ઉપર, એશિયાની સંસ્કૃતિ ઉપર યુરોપની પેશકદમીની ભરતીનાં જાણે પૂર ઉમટ્યાં હતાં. એ આ પ્રચંડ રેલમાંથી ઉગરવાનો કોઇને રસ્તો નહોતો દેખાતો. બે બે સૈકાની આ ભયંકર ચોકસાઇવાળી રેલ જાણે બીજા હિમપ્રલયની નેમ સારતી હોય એમ એની નીચે એશિયાઇ પ્રજાનાં સ્વમાન, સ્વાધીનતા અને ગૌરવ થીજી ગયાં હતાં; જાણેકે કોઇ અફર એવી આફતથી એશિયા ખંડ સમસ્ત થીજી જ ગયો હતો.

ઈ.સ. ૧૯૦૪માં જાપાને યુરોપની બે બે સૈકાથી વિજયવંતી નીવડેલી પેશકદમી સામે પહેલું માથું ઊંચક્યું. ઝારનું રશિયા એ યુરોપી પેશકદમીના પ્રતિનિધિ રૂપ હતું, ને એશિયાના એક વિશાળ દેશને—ફ્રાંસ અને જર્મની બંનેના સંયુક્ત ક્ષેત્રફળ જેટલા વિસ્તારવાળા મંચુરિયાના મુલકને—એની તમામ સંપત્તિ સાથે એને પચાવી પાડવો હતો. રશિયાને એશિયામાંથી કોઇ ના કહેનાર ન હતું. એણે તો એ મુલક પોતાનો જ હોય એમ ત્યાં રેલવે બાંધી ને કિલ્લા બાંધ્યા; બંદરો બાંધ્યાં ને તારની લાઇનો નાખી. રશિયન ફોજો ગોઠવી ને રશિયન અમલ ચલાવવા માંડયો. એશિયાની સંપત્તિ ને એશિયાના મુલક ઉપર નામની માલિકી ગમે તે ખંડસ્થ પ્રજાની હોય, તોપણ સાચી માલિકી કોની છે એનો પૂરો ખ્યાલ રશિયાના મંચુરિયન સાહસે એશિયાને આપ્યો.

પ્રચંડકાય રશિયા સામે મુઠ્ઠીભર જાપાને માથું ઊંચક્યું. જાપાનને સામે કાંઠે રશિયાએ પોર્ટ આર્થર, ડાલની અને મુકડનમાં નાખેલાં કિલ્લેબંધ થાણાંઓમાં જાપાનને આત્મહ્રાસનો ભય દેખાયો. જાપાનને એટલો યશ છે કે એશિયાના બીજા દેશોની જેમ આવનારી આફતનો નિષ્ક્રિય ભય સેવીને એ શેહ ખાઇ ન ગયું, પરંતુ સ્વાધીન જીવન માટે એણે લડી લેવાનો નિરધાર કર્યો. ટોકિયોના રાજમહેલમાં મિકાડોએ સભા ભરી. માર્શલ, ઓયામા, જનરલ નોઝુ, જનરલ કુરોન, કાઉન્ટ ઓકુમા, નોગી અને ટોગો એટલા હાજર હતા. માત્ર નોગી અને ટોગો સિવાય બધાની સલાહ હતી મૌન સેવવાની. બધાનો મત હતો રશિયાની પ્રચંડ અને અખૂટ રણસામગ્રી



સામે વામન અને ખૂટી જાય એવી જાપાનીઝ સામગ્રી પરત્વે દહેશતનો. માત્ર તત્કાળ, હમણાં ને હમણાં જ લડાઇ લડી કાઢવાનો આગ્રહ હતો નોગી અને ટોગોનો. અને એ બે ઉપર લડાઇનો ભાર મૂકી જાપાને ઇ.સ. ૧૯૦૪ના ફેબ્રુઆરીની ૭મી તારીખે રશિયા સામે વિગ્રહ જાહેર કર્યો. નોગીને જાપાનની આક્રમક ફોજનો સિપેહસાલાર નીમવામાં આવ્યો; ટોગોને જાપાનના તરી સૈન્યનો ઍડમિરલ નીમવામાં આવ્યો.

આજે નોગી આ દુનિયામાં હયાત નથી. એને અવસાન પામ્યે ય વરસો વીતી ગયાં છે, ને આજ એનું ય નામ ઘણાને યાદ પણ નહિ હોય. પરંતુ એશિયાનો એ પહેલો વિજયવંતો સરદાર હતો. જે ખમીરવંતી એશિયાટિક ઓલાદમાંથી કમાલ પાશા અને રિઝાશાહ, ઇબ્ને સાઉદ ને શાહ વલીખાન, ફે–હ–લી–આંગ અને ચુગેન ચેન પાકયા છે એનો એ સ્થાપક હતો. બાર માસમાં એણે સમસ્ત યુરોપને હેબતાવી નાખે એવા દિગ્વિજયી જંગ ખેડચો. એણે પોર્ટ આર્થર લીધું, ડાલની લીધું, મુકદન લીધું. ભયાનક ખુવારી સાથે ઝારના સૈન્યોને એણે મંચુરિયામાંથી સતત વિજયપરંપરા વડે હાંકી કાઢ્યાં. બાર મહીનામાં તો એ જાગૃત થએલા એશિયાના ગૌરવની મૂર્તિ શો રશિયાની ખુદની સરહદ ઉપર જઇને ઊભો રહ્યો.

તરી લડાઇઓનો બધો કસબ યુરોપ જ સમજે, એશિયાને એમાં સમજ પડે જ નહિ, એશિયાનું એ ક્ષેત્ર જ નહિ, એ યુરોપીય માનસ ટોગોએ વિદાર્યું એણે રશિયાના એશિયાટિક કાફલાનો નાશ કર્યો; રશિયાના બાલ્ટિક કાફલાનો પણ નાશ કર્યો. એશિયા માણસ સામે માણસે, સાધન સામે સાધને, સાહસ સામે સાહસે, ખમીર સામે ખમીરે યુરોપની બરાબર ટક્કર ઝીલી શકે છે એ એણે બતાવ્યું ઇ સ. ૧૯૦૫ની ૨૭મી મેના રોજ જાપાનના સમુદ્રમાં મધદરિયે થએલી દરિયાઇ લડાઇમાં ઍડમિરલ ટોગોએ જાપાન કરતાં લગભગ બમણા એવા રશિયાના પ્રચંડ બાલ્ટિક કાફલાનો સર્વનાશ કર્યો. નાનાંમોટાં બસો ને એકવીસ રશિયન જહાજોમાંથી સિર્ફ પાંચ જ જહાજો બચ્યાં. બાકી બધાં દરિયાને તળે ડૂબ્યાં. રશિયન કાફલાનો ઍડમિરલ કેદ પકડાયો. જાપાનીઝ સમુદ્રના આ દરિયાઇ યુદ્ધે રશિયાને જીવલેણ ફટકો માર્યો ને તે દિવસે એશિયાએ યુરોપની બસોબસો વર્ષની સતત પેશકદમીનો અંત આણ્યો.

ઍડમિરલ ટોગોના આ અભૂતપૂર્વ વિજયે એશિયામાં સ્થળેસ્થળે રાષ્ટ્રીય અસ્મિતા જગાવી. ઇ.સ. ૧૯૦૫માં હિંદમાં પહેલી જ વાર પ્રજાકીય અસ્મિતાનાં દર્શન થયાં. ઇ.સ. ૧૯૦૬–૭માં દૂરદૂર તુર્કીના સીમાડા ઉપર પણ ટોગોના વિજયના પડઘામાંથી નવજુવાન તુર્કનો પક્ષ જાગ્યો. એશિયામાં આત્મભાન આવ્યું; આત્મભાનની અસ્વસ્થતા આવી એશિયાને આંગણે રાષ્ટ્રવાદનો ઉદય થયો. જાપાનીઝ દરિયાઈ લડાઇમાં વછોડાએલી તોપોની જ્વાળામાંથી આખા એશિયા ઉપર એ જ્વાળા આજે ફેલાઇ છે.

જાપાનમાં રાષ્ટ્રવાદે મૂડીવાદનું સ્વરૂપ લીધું. મૂડીવાદમાંથી જાપાનમાં આજે Monopoly Capital ઇજારદાર મૂડીનું શાસન વ્યાપ્યું છે. રાષ્ટ્રવાદ ને શાહીવાદની મેલી દોસ્તીમાંથી જાપાન આજે તો યુરોપની પ્રતિછાયા જ બન્યું છે. જાપાન આજે એશિયાની નવજાગૃતિનું પિતૃસ્થાન નથી ભોગવતું. આજે જાપાનમાં ઇજારદાર મૂડીનાં શાસન છે. વિરોધી મુત્સદ્દીઓ કે લોકનેતાઓનાં યા તો ખૂન થયાં છે યા તો તેઓ લાંબી મુદ્દતની જેલમાં છે. ટોગો જાપાનની આ રીતિનીતિનો વિરોધી હતો. એશિયામાં પ્રત્યેક દેશની સંપૂર્ણ સ્વાધીનતાના સ્વીકાર ઉપર મંડાએલો ને પૂરા એખલાસ ઉપર રચાએલો જેટલો નિકાસ વેપાર થાય એટલો જ જાપાને કરવો જોઇએ ને તેણે એશિયામાં સંસ્કૃતિના રક્ષક તરીકે જીવવું જોઇએ એમ એ માગતો. એના અવસાનથી એશિયાએ જૂના યુગનો પરંતુ જૂનાવાણીના તમામ શુભ તત્ત્વોનો પ્રતિનિધિ ખોયો છે. એ અવસાને એશિયા દરિદ્ર બન્યું છે.

ચોપડીઓનો ચોર !

'જુવાન આરોપી, યુનિવર્સિટીના પુસ્તકાલયમાંથી તેં આઠ વાર પુસ્તકો ચોર્યાં, એવો હું તારા પર આરોપ ઘડું છું. તારે કશું કહેવું છે ?'

'જી હા નામદાર!' વીસ વર્ષના કેદીએ પીંજરામાંથી જવાબ આપ્યો: 'એ આઠે ગુનાહ હું કબૂલ કરું છું, અને એ ઉપરાંત બે વાર બીજા પુસ્તકાલયમાંથી પણ મેં ચોપડીઓ ચોરી છે.

તે પણ તોહમતનામાની અંદર ઉમેરો.' એકંદર ૫૦૮ પુસ્તકોની એણે ચોરી કરી હતી. એની કુલ કીમતનો સરવાળો એક હજાર રૂપીઆ નક્કી થયો.

'તેજસ્વી જુવાન, વિદ્યાર્થી તરીકેની તારી કારકિર્દી આટલી ઉજ્જવલ; પરીક્ષામાં તું સહુની ટોચે; વિદ્યાલયની અંદર શરીરની તેમજ બુદ્ધિની તમામ હરીફાઇઓમાં તું પહેલું ઈનામ જીતનારો; ખુદ રાજાજીએ સ્વહસ્તે તારી છાતી પર સોનાનો ચંદ્રક પહેરાવ્યો;—તને ઊઠીને ચોપડીઓ ચોરવાનું શે સૂઝ્યું?'

'રાજાજીના હાથ જ્યારે મારી છાતી પર ચાંદ ચોડતા હતા ત્યારે, નામદાર, એ છાતીની નીચે મારૂં પાપી કલેજું થડક થડક થતું હતું.'

આથી વધુ એ કશું ન બોલ્યો. પણ અદાલતમાં પડેલી જુબાનીઓએ આ જુવાનની આખી જીવનકથા કહી દીધી:

એનાં માબાપ દૂધ વેચે છે. બાળકનાં અસાધારણ બુદ્ધિતેજ દેખી ગરીબ માતપિતાના હૃદયમાં મહેચ્છા જાગી: ગમે તેમ કરીને પણ દીકરાને ખૂબ ભણતર ભણાવીએ.

પેટ પાટા બાંધીને માબાપ દૂધ વેચવા મંડયાં. ભૂખ, તરસ, કે થાક ઉજાગરા સામે ન જોયું. દીકરાને એક પછી એક ચડિયાતી નિશાળમાં બેસાડી ખર્ચાળ કેળવણીમાં નાણાં વેર્યાં. એવાં વીસ વર્ષો. એ વીસ વર્ષમાં એક દહાડાનો પણ વિસામો ન લીધો. ન એકેય રવિવાર, ન એકેય વારતહેવાર.

પુત્ર રજાના દિવસોમાં યુનિવર્સિટીમાથી ઘેર આવતો. ત્યારે એ પહેલું કામ ઘરાકોને ઘેરેઘેર જઇ દૂધ પહોંચાડવાનું કરતો. ભાઇબહેનોને કહેતો કે 'તમે થોડા દિવસ આરામ લ્યો.'

આટલું આટલું તૂટી મરતાં માબાપ તથા ભાંડુઓ; તે છતાં કેંબ્રિજ યુનિવર્સિટીનાં ખર્ચોને ન પહોંચાયું. ચોપડીઓ બહુ મોંઘી હતી.

કેટકેટલી વાર તો એ જુવાને બીલકુલ ખોરાક વિના ચલાવ્યું. ભૂખમરો વેઠીને બચાવેલા પૈસા પણ પૂરાં પુસ્તકો ન અપાવી શકયા. પછી એણે આ ચોરી આદરી. પણ એ ચોરેલી ચોપડીઓમાંથી એક પણ એણે વેચી નહોતી ભણવા ખાતર જ ચોરી કરી હતી.

એની કૉલેજવાળાઓએ કહાવ્યું આ વિદ્યાર્થીને ગુમાવવા અમે તૈયાર નથી. કોઇપણ રીતે એને બચાવો.

અદાલતે ફક્ત બે વર્ષોના જામીનખત ઉપર એ જુવાનને છુટો કર્યો. (જન્મભૂમિ)

સ્વદેશના ગૌરવરક્ષણાર્થ

ફ્રાન્સનો યશોગૌરવ દશે દિશામાં ગજવનાર નેપોલિયન પોતે રણપંડિત હતો એટલું જ નહિ પણ પોતાના અનુયાયીઓમાં વીરભાવ ઉત્પન્ન કરવાનું અપ્રતિમ કૌશલ્ય પણ તેનામાં હતું. અને એથી એને માટે આત્મત્યાગ કરવાને હજારો વીર આગળ આવતા. વીર પુરુષ લાટુર ડોવર્ન એ પણ એવા જ વીરશ્રેષ્ઠો પૈકી એક હતો.

તીક્ષ્ણ નજરવાળા નેપોલિયને તેની કીમત થોડા જ કાળમાં બરાબર પિછાની લીધી. ક્રમ પ્રમાણે તેને ઉચ્ચ અધિકાર આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે ડોવર્ને નેપોલિયનને પ્રાર્થના કરી કે 'મહારાજ, મને આ માનમરતબો નથી જોઇતો. હું એક સામાન્ય સિપાઇ છું તે જ ઠીક છે; અને સાદા સિપાઇ તરીકે જ માતૃભૂમિની સેવા કરવામાં ખરો આનંદ છે.' નેપોલિયને તેની આ વિનતિ માન્ય કરી. પરંતુ એથી એનો દરજ્જો એટલો વધ્યો કે લોકો તેને 'ફ્રાન્સનો મુખ્ય સિપાઇ' એવા ઉપનામથી જ સંબોધવા લાગ્યા.

ડોવર્નનું વય આશરે ૪૦ વર્ષનું થવા આવ્યું તે વખતે તે એકવાર રજા લઇને પોતાના સ્નેહી મંડળને મળવા સારૂ બહારગામ ગયો. ડોવર્ન પોતે જન્મજાત સૈનિક હોવાને લીધે તે જે ગામે ગયો હતો એ ગામની આસપાસ તેણે યુદ્ધક્ષેત્રની દૃષ્ટિથી તપાસણી શરૂ કરી ને તેની આ ચોક્કસપણાની વૃત્તિને લીધે જ એક અકલ્પિત ફાયદો થયો.

આ વખતે ફ્રાન્સનું ઑસ્ટ્રિયાની સાથેનું યુદ્ધ ચાલુ હતું. ડોવર્ન જે ગામમાં આવ્યો હતો તે ગામની નજીકમાં જ ફ્રેન્ચોનો એક કિલ્લો હતો. કિલ્લો તદ્દન સામાન્ય પ્રકારનો હોવાથી ત્યાં આગળ વિશેષ સૈન્ય પણ નહોતું, પરંતુ કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિને લીધે એ કિલ્લો એવી મહત્ત્વની જગ્યાએ હતો કે ફ્રાન્સના હાથમાંથી જવામાં ફ્રાન્સનું બહુ નુકસાન થાય એમ હતું. ડોવર્ને આ સ્થિતિ જોઇ લીધી. એટલામાં તેને એવી ગુપ્ત બાતમી મળી કે આ કિલ્લો હસ્તગત કરવા માટે ઑસ્ટ્રિયન સૈન્ય ગુપચુપ હલ્લો કરવા સારૂ નીકળ્યું છે. આ ગુપ્ત છાપાની ખબર નેપોલિયનને મળી નહોતી, એથી કિલ્લા ઉપર ફક્ત ત્રીસ જ સૈનિક હતા. આ બધી બાબતનો વિચાર કરીને ડોવર્ને ત્યાંના સૈનિકોને આ પ્રકારની ખબર આપીને સાવધ કરવાનું ઠરાવ્યું ને તરત જ તે એ કામને માટે નીકળ્યો; કેમકે વિલંબ કરવાથી નુકસાન થવાનો સંભવ હતો. ઑસ્ટ્રિયન સૈન્ય કયે વખતે આક્રમણ કરશે એનો અંદાજ નહોતો.

સાંજનો સમય થયો હતો. તદ્દન થાકી ગયેલો ડોવર્ન જેવો કિલ્લાના દરવાજા પાસે આવી પહોંચ્યો ને જુએ છે તો દરવાજો ઊઘાડો પડયો હતો! જેમના ઉપર કિલ્લાના રક્ષણનો ભાર સોંપ્યો હતો તે બધા નાસી ગયા હતા. આવા નિર્જન પર્વતના કિલ્લાના ઉચ્ચ સ્થાને ફ્રાન્સનો વૈભવશાલી ધ્વજ ફરકી રહ્યો હતો, જાણે કે આથમી જતા સૂર્યની સાથે પોતાનો પણ અસ્ત થવાનો હોય એવી ખબર તે ફેલાવતો હતો! ડોવર્નનું વીર હૃદય કકળી ઊઠયું!

પરંતુ વધુ વિચાર કરવાનો વખત નહોતો. એક એક ક્ષણ મહા કીમતી હતી. દૃઢપ્રતિજ્ઞ ડોવર્ન એ નિર્જન, પરિત્યક્ત કિલ્લામાં પેઠો ને પ્રવેશદ્વાર બંધ કરી લીધું. ગમે તેમ કરીને પણ એક દિવસ તો કિલ્લાનું રક્ષણ કરવું એવી તેણે પ્રતિજ્ઞા લીધી. ડોવર્ને પોતાના પ્રાણનું જ 'પણ' કર્યું હતું!

કિલ્લામાં પેઠા પછી તેણે જોયું તો ત્યાં ફક્ત ત્રીસ બંદુકો ને થોડો દારૂગોળો હતો. ડોવર્નને હવે મરવાની યે ફુરસદ નહોતી. દુર્ગદ્વાર સારી રીતે મજબૂતાઇથી બંધ થાય એટલા સારૂ તેણે હાથ લાગી તે વસ્તુ વડે કરવાજાની ચોકટ ભરી કાઢી. પછી ત્રીસે બંદુકો લઇને એમાં દારૂગોળો ભરીને કિલ્લાના ગોળીબાર કરવાનાં બાકોરાંઓમાં ગોઠવી રાખી ને બાકીનો દારૂગોળો પોતાની પાસે રાખી લીધો.

કિલ્લામાં અન્નપાણી પુષ્કળ હતું. એમાંથી એણે બે કોળિયા ખાઈ લીધું. કોને ખબર, કદાચિત તેનું આ છેલ્લું જ ભોજન હોય!

આટલું કામ થતાં સુધીમાં સંધ્યાકાળ વીતી જઈને રાત પડી ચારે તરફ અંધકાર છવાયો. એટલા મોટા કિલ્લામાં એકલો ડોવર્ન નિર્ભય અંતઃકરણે આમથી તેમ ફરતો હતો. અત્યાર સુધી ઑસ્ટ્રિયન સેના આવી નહિ. જરાકે ક્યાંક અવાજ થતો કે ડોવર્ન કાન ઊંચા કરી ચમકીને જોવા લાગતો. એનાથી વિલંબ સહન થતો નહિ ને શત્રુનો પણ ક્યાંઈ પત્તો નહોતો. છેવટે તેને લાગ્યું કે શત્રુએ પોતાનો માર્ગ બદલ્યો હશે.

પરંતુ થોડી જ વારે તેને દૂરથી કશોક અવાજ આવતો સંભળાયો ને તેના યુદ્ધપરિચિત કાનોએ તેને કહ્યું કે સાવધાન! શત્રુ આવ્યા! થોડીક જ ક્ષણ પછી તેને ઘોડાના ડાબલાના અવાજ સંભળાવા લાગ્યા ને ધીમેધીમે તે નજીક ને નજીક આવવા લાગ્યા. શત્રુસૈન્ય કિલ્લા આગળ આવી પહોંચ્યું હતું.

ડોવર્ને બંદુકોની એકવાર ફરી તપાસણી કરી કિલ્લા ઉપરથી એકાએક બંદુકો ફૂટી અને તેના ધડુમ ધડુમ અવાજોથ એ પહાડી પ્રદેશ ગાજી ઊઠચો થોડો વખત સર્વત્ર શાંતિ પ્રસરી રહી ઑસ્ટ્રિયન સેનાનાયકે જાણ્યું કે પોતાના આગમનની બાતમી કિલ્લા ઉપરના લોકોને મળી ચૂકી છે ને કિલ્લો સહજમાં હાથ નહિ લાગે.

કિલ્લો અત્યંત ઉચ્ચ એવા પર્વતશિખર ઉપર હતો અને તેના પર મારો કરવા યોગ્ય તોપો પણ તેની પાસે નહોતી. વળી કિલ્લા ઉપર જવાનો રસ્તો પણ એટલો સાંકડો હતો કે એકીસાથે બે માણસો કરતાં વધારે માણસો જવાં એ શક્ય નહોતું. અને રાત્રે તો બિલકુલ જઇ શકાય તેમ જ નહોતું આથી ઑસ્ટ્રિયન સેનાપતિ રાત્રે લડાઇ કરવાનું બંધ કરી પાછો હઠ્યો ને સૈન્યને વિસામો આપ્યો.

બીજે દિવસે સવારે ઑસ્ટ્રિયન સૈન્ય તરફથી ધોળું નિશાન લઇને એક દૂત કિલ્લા આગળ આવ્યો ને બોલ્યોઃ 'અમારી પાસે મોટું લશ્કર છે; તો પરાજય કબૂલ કરીને કિલ્લો અમારે સ્વાધીન કરો. નકામા પ્રાણ શા સારૂ ગુમાવો છો?'

આનો પ્રત્યુત્તર આપવા સારૂ એક સૈનિક બહાર આવ્યો ને બોલ્યોઃ 'જા અને તારા સેનાપતિને કહે કે મરતાં સુધી પણ અમે કિલ્લો બચાવીશું. નેપોલિયનના સિપાઈ આત્મસમર્પણ કેવું કરે છે એ એકવાર જુઓ તો ખરા!'

કિલ્લાની બારી બંધ થઈ અને યુદ્ધની પુનઃ શરૂઆત થઈ. શત્રુપક્ષે કિલ્લા ઉપર મારો કરવા સારૂ એક ઊંચી ટેકરી ઉપર તોપ ચડાવી ને તોપના મારાનો આરંભ થાય છે એટલામાં કિલ્લાની અંદરથી ગોળીઓનો એવો તો વર્ષાવ શરૂ થયો કે ગોલંદાજોથી તે મારો સહન થઇ ન શક્યો. અને તે તોપ લઇને પાછો ફર્યો. તોપથી કામ થતું નથી એમ જોતાં જ ઑસ્ટ્રિયન સેનાપતિએ બંદુકો લઇને કિલ્લાપર હલ્લો કરવાનો હુકમ કર્યો.

ઑસ્ટ્રિયન વીરો પ્રચંડ ગર્જના કરતા કિલ્લા તરફ ચાલ્યા. કિલ્લા ઉપરથી ગોળીઓનો વર્ષાવ થવા લાગ્યો. જાણે કે ફ્રાન્સના માનરક્ષણ સારૂ તે નાનકડો ગિરિદુર્ગ પોતાના સહસ્ર કરોથી અગ્નિવર્ષાવ કરવા લાગ્યો. ઑસ્ટ્રિયન સૈનિકોને ફરીથી પાછા હઠવું પડ્યું. આ પ્રમાણે ત્રણવાર આસ્ટ્રિયન સૈનિકોએ પ્રયત્ન કર્યો, પરન્તુ ત્રણેવાર તેમને હતાશ થઇને પાછા ફરવું પડ્યું અને એ કામમાં તેના ૫૦ સૈનિક ખપી ગયા. આમ આજે પણ ઑસ્ટ્રિયાના સર્વ પ્રયત્ન નિષ્ફળ થયા ને રાત્રે યુદ્ધ મોકૂફ રહ્યું.

ડોવર્ને આ ભીષણ રાત કેવી રીતે કાઢી હશે એની કલ્પના પણ થવી કઠણ છે પરંતુ આવી રીતે તે એક આખો દિવસ લડયો ને હવે કિલ્લો છોડી દેવાથી કંઇ આપત્તિ આવે એમ નથી એમ તેને લાગ્યું.

રાતના બાર વાગ્યાનો વખત હતો શત્રુની છાવણીમાં પહેરાવાળા સિવાય સર્વત્ર સૂમસામ હતું. આવે વખતે કિલ્લામાંથી એક દૂત શત્રુની છાવણી પાસે આવ્યો અને અમને શસ્ત્રાસ્ત્ર લઇને જવા દેતા હો તો કાલે સવારે કિલ્લો તમારે સ્વાધીન કરીશું આવો સંદેશો સેનાપતિને મોકલ્યો. ઑસ્ટ્રિયન સેનાધ્યક્ષે એ વિનતિ માન્ય કરી.

બીજે દિવસે સવારે ઑસ્ટ્રિયન સેના વિનાવિરોધે કિલ્લા પાસે આવી. દુર્ગદ્વાર ઉઘાડવામાં આવ્યું. ઑસ્ટ્રિયન સૈનિકોએ અત્યંત આશ્ચર્યયુક્ત થઇને જોયું કે માત્ર એક જ આધેડ સૈનિક બંદુકોનો ભારો બાંધીને ઑસ્ટ્રિયન સૈન્યની વચમાંથી પસાર થાય છે!

ઑસ્ટ્રિયન સેનાપતિએ આશ્ચર્યથી પૂછ્યું, 'કેમ ભાઈ, તારા બીજા સાથીઓ ક્યાં છે?' વીર ડોવર્ને અત્યંત ગૌરવપૂર્વક જવાબ આપ્યો કે કિલ્લામાં હું એકલો જ સિપાઈ હતો.'

'ત્યારે શું તેં એકલાએ આ કિલ્લાનું રક્ષણ કર્યું?'

ડોવર્ને નમ્રતાપૂર્વક જવાબ આપ્યોઃ જી હા, હું એકલો જ હતો.'

'બહાદુર સિપાઇ, ભલું તેં એકલાએ આવું દુસ્સાહસ કર્યું?!'

બંદુકોનો ભારો જમીનપર મૂકીને ડોવર્ન બોલ્યો 'કેવળ ફ્રાન્સના ગૌરવરક્ષણાર્થં.'

સર્વે સૈનિક વિસ્મિત થઇ ગયા! સેનાપતિએ પોતાની ટોપી હાથમાં લઇને ડોવર્નને પ્રેમપુરઃસર અભિવંદન કર્યું ને બોલ્યો, સિપાઈ બચ્ચા, તું વીર નહિ પણ વીરશિરોમણિ છે.'

સેનાપતિએ ડોવર્નની બંદુકો પોતાનાં માણસો દ્વારા ફ્રેન્ચોના લશ્કરમાં પહોંચાડી ને મુક્ત કંઠે તેની પ્રશંસા કરતો

ત્ર પણ સાથે આપ્યો.

આ અમાનુષી વીરતાની કથા જ્યારે નેપોલિયનના જાણવામાં આવી ત્યારે ડેવર્નને લશ્કરમાં એકાદ ઊંચો અધિકાર લેવા સારૂ તેણે અતિશય આગ્રહ કર્યો. પરંતુ ડેવર્ને તેનો ફરીથી અતિ નમ્રતાપૂર્વક અસ્વીકાર કરીને જવાબ આપ્યો કે 'હું તો એક સામાન્ય સૈનિક. મેં મારૂં કર્તવ્ય બજાવ્યું ને ભવિષ્યમાં પણ સામાન્ય સિપાઈ તરીકે જ રહેવું એવી મારી ઇચ્છા છે.'

આગળ જતાં બીજા એક યુદ્ધમાં ડેવર્નને વીરમૃત્યુ આવ્યું. પરંતુ નેપોલિયન તેને વીસર્યો નહિ. તે પછી ઘણા દિવસ સુધી ફ્રેન્ચ સૈન્યમાં એવો એક રિવાજ જ પડી ગયો કે સૈનિકોની જ્યારે હાજરી લેવાતી એ વખતે ડેવર્નનું નામ પણ પોકારવામાં આવતું, ને સૈન્યમાં જે સૌથી વૃદ્ધ સિપાઇ હોય તે બે પગલાં આગળ આવતો અને પોતાની ટોપી ઉતારી 'તેણે યશઃક્ષેત્રમાં સમાધિ લીધી' એવા શબ્દ ઉચ્ચારતો. (ચિત્રમય જગત)

બિહારની ગરીબી

બિહારનાં ગામડાંમાં મેં એવાં ગામો જોયાં છે કે જ્યાં આખાયે ગામડામાં લૂંટ ચલાવતાં માત્ર ત્રણ રૂપીઆ પણ ભાગ્યે જ મળે. એ ગામોમાં બે હજાર વિધવાઓ રહે છે. તેઓ ઝીણામાં ઝીણું સૂતર કાંતીને ગુજરાન ચલાવે છે. મૈથીલી બ્રાહ્મણી વિધવાઓ દોઢ પૈસો કમાવાની ખાતર ત્રણ ત્રણ ગાઉ ચાલે છે. આપણે એક છાપા માટે, એક વખતની ટ્રામ માટે એક આનો ઝટ લઇને ખરચીએ છીએ; પણ મેં એવી યે પ્રજા જોઈ છે કે જ્યાં એક આનો એ આખા કુટુંબની ત્રણ દિવસની ખાધાખોરાકી છે! ઉત્તરબિહારમાં ૬૦,૦૦૦ ચરખા ચાલે છે; પણ આ ત્રણ દિવસનો એક આનો એ એ ચરખાની કમાણી નથી. ચરખો કાંતવો એ તો શૂદ્રનું કામ છે એમ માની એ બ્રાહ્મણ વિધવાઓ તકલી પર કાંતે છે. તકલી પણ ઘરઆંગણે આવેલા વાંસમાંથી બનાવેલી! ઘણું સમજાવ્યા છતાં, તફાવત નજરે બતાવ્યા છતાં તેઓ ચરખાને સ્પર્શ સુદ્ધાં કરવાને તૈયાર થતી નથી. અમને ત્યાં મોટર કે ટમટમ કાંઈ મળતું નહિ. અમે પગે રખડતાં ને ઘરેઘર ખૂંદતાં આ સ્થિતિ નજરોનજર નિહાળી છે.

એમની સ્થિતિનું હું તમને એક દૃષ્ટાંત આપું. એક બ્રાહ્મણ બાઇને કપાસની ઋતુમાં સામટો અને સસ્તો કપાસ લેવાની ઈચ્છા હતી. તમામ ઘરવખરી વેચી તેણે એક રૂપીઓ મેળવ્યો. તેમાંથી આઠ આના એક બ્રાહ્મણ ધૂતી ગયો! બાકીનામાંથી છ રતલ કપાસ લઈ તેમાંથી સવા શેર રૂ તેણે કાઢ્યું. એ સવાશેર રૂ કારતક મહિનાથી શ્રાવણ મહિના સુધી એ કાંતશે, ત્યારે તેને એ નવ મહિનાને અન્તે સાડા ચાર રૂપીઆ મળશે. અને એ સાડા ચાર રૂપિયા તો પુષ્કળ કમાણી કહેવાય!

આપણે અહીં કેશુ ગાંધીએ ૮૦૦ વાર સૂતર કાંત્યું હતું તે આખા હિંદમાં ગવાયું હતું. બિહારમાં હજારો બેનો એવું કાંતે છે. તેમને આવા કળશની જરાયે દરકાર નથી તેમના રેંટીઆ રમકડાં જેવા છે. તેમનાં સાધનો બદલવાને તેમની પાસે નાણાં નથી; કારણકે એટલાં નાણાંમાં તો તેમનાં તૂટેલાં ઘર ફરી બંધાય. ત્યાં વસ્તી એટલી બધી છે કે એક ચોરસ માઈલમાં ૧૨,૦૦૦ માણસો વસે છે. તેમની ગરીબાઈ અસહ્ય છે. તેમના જીવનમાં કાંઈ રસ જ નથી. કાદવમાં દેડકાં ચંપાય તેમ તેમનાં બાળકો આપણે પગે અથડાય છે.

(ગુજરાત સમાચાર) —સ્વામી આનંદ

વ્યાસનો લહિયો ગણેશ

મહાભારત કેમ લખાયું એ વિષે એવી કથા પ્રચલિત છે કે પોતાનું કાવ્ય પૂરૂં થતાં વ્યાસને ચિન્તા થાય છે કે આવો મહાગ્રન્થ ભણાવવો શી રીતે? હું બોધતો જાઉં એમ શ્લોકો સાફ ઉતારવાને સમર્થ એવું લેખકરત્ન મેળવવું ક્યાંથી? ત્યાં તો આ ચિન્તા જાણી લઇને બ્રહ્મા પોતે દર્શન દે છે, અને સલાહ આપે છે: શ્રીગણેશનું ધ્યાન ધર. વ્યાસ તેમ કરે છે એટલે સાક્ષાત્ વિઘ્નેશ ત્યાં પ્રકટ થાય છે. પણ તે એક શરત મૂકે છે: 'લખતાં લખતાં મારો હાથ અટકવો ન જોઇએ. જો અટકશે (ઉતરાવતાં જો તમે પાછળ પડી જશો), તો પછી હું કદી લખવા માંડવાનો નથી; અને તમારો ગ્રન્થ અધૂરો રહેશે; તમે જાણો!' ત્યારે વ્યાસ સામી વિનતિ કરે છે 'અર્થ સમઝી સમઝીને લખજો.' એટલે જ્યાં જ્યાં શ્રીગણેશની લેખણ આગળ નીકળી જતી લાગે, ત્યાંત્યાં વ્યાસ એવો દુર્બોધ કૂટ શ્લોક ઊતરાવે કે તેનો અર્થ બેસાડી લેતાં લેખણનો વેગ જરા મન્દ પડે. આ પ્રમાણે આખા ભારતમાં કર્તાએ ૮૮૦૦ કૂટ શ્લોકો વેર્યા છે.

પણ મહાભારતમાંની આ કથા વિષે વિદ્વાનોને પ્રથમથી જ શંકા ગએલી કે આ બત્રીશતેત્રીશ શ્લોક એ ગ્રન્થનો મહિમા વધારવાને પાછળથી ઉમેરાએલા હોવા જોઇએ. એનાં અનેક કારણોમાં એક એ કે ગણેશભક્તિ આર્યધર્મના ઇતિહાસમાં મોડી પ્રકટી છે. લિપિ નિર્માયા અને ફેલાયા પછી ૐ ઉચ્ચારણનું ખાસ ચિહ્‌ન પ્રચારમાં આવેલું. એ વર્ણાકૃતિ ઉપરથી તેને મળતી, ગણ અને વર્ણના નાયક લેખે—શારદા ને ગાયત્રીની મૂર્તિઓથી અત્યન્ત ભિન્ન એવી—પાઘડી, શુણ્ડ, દન્તૂશલ, પેટ, મોદક આદિવાળી મૂર્તિ કલ્પવામાં આવી. એ મૂર્તિના અધિષ્ઠાતાનું દેવોમાં સ્થાન ધીમેધીમે જ ઉચ્ચતર થતું ગયું, અને શ્રીગણેશની પૂજા અહિંસાને વળગતી ક્રિયાઓવાળા સંસ્કારો અને નિત્યકર્મોનાવિકાસમાં બહુમોડી સ્થપાવા પામી;—એ ઇતિહાસદૃષ્ટિએ સૌથી વજનદાર કારણ. સ્થૂલ શબ્દોમાં કહી નાખીએ તો શ્રીગણેશ પોતે હજી પ્રજા-કુંભારને ચાકડે હતા, ત્યાં એ દેવના આ ગ્રન્થ સાથે સંયોજન વડે ગ્રન્થનો મહિમા વધે, એવી કલ્પના પણ અશક્ય.

(પ્રસ્થાન) —બ. ક. ઠાકોર

હીંગ

હીંગને સંસ્કૃતમાં હીંગુ, મરાઠીમાં હીંગ, બંગાળીમાં હીંગુ,

કર્ણાટકીમાં હીંગલક, ફારસીમાં અંગુઝ. તામિલીમાં પેરૂંગાયં અને અંગ્રેજીમાં ઍસાફૅટિડા કહે છે. હીંગ આપણે ત્યાં નિત્ય દાળશાકના વઘારમાં વપરાતી હોવાથી તેને વઘારણી પણ કહે છે.

હીંગ તો સૌની પરિચિત છે. તેની વાસ સર્વવિદિત છે. તેના થોડાઘણા ગુણદોષોની પણ ઘણાને ખબર હશે. એ આપણા રોજના વપરાશની ચીજ હોવા ઉપરાંત ઘરગથ્થુ વૈદામાં પણ બહુ જાણીતી છે.

'હીંગ લ્યો હીંગ' બોલી હીંગ વેચતા કાબૂલીઓ અને ઇરાનીઓ મહોલ્લામાં જોયા તો હશે જ ! ઇરાન, અફઘાનિસ્તાન તથા પંજાબ તરફ હીંગનો પાક વધારે એટલે ત્યાંથી આ બાજુ તેઓ વેચવા આવે. હીંગનાં ઝાડ ખોરાસાન, દહેરાન અને બલ્ખત પ્રાંતોમાં પુષ્કળ ઊગે છે. એનાં પાંદડાંથી મૂળ સુધી ગોચા મારી જે રસ કાઢવામાં આવે છે તે હીંગ. નવાઇની વાત છે કે બીજા બધા દેશો કરતાં હિંદુસ્તાનમાં જ હીંગનો વપરાશ વધારે છે. પણ આપણી જ બાજુ હીંગનો પાક થતો નથી. ઇરાન, અફઘાનિસ્તાન તરફની જમીન તથા આબોહવા જ એ ઝાડને અનુકૂળ છે.

હીંગનાં ઝાડ સાધારણ થાય છે: એ ઝાડ પરથી હીંગનો રસ વસંતઋતુમાં ભેગો કરી લેવામાં આવે છે. દવાના ઉપયોગમાં હીંગ બહુ વપરાય છે. પેટમાં ચૂંકાતું હોય અગર પેટમાં પવન ઘેરાતો હોય ત્યારે પાણીમાં હીંગ મેળવીને ડૂંટી પર ચોપડવાથી આરામ થઇ જાય છે. દેશી દવાના ઉપયોગમાં લેતાં પહેલાં હીંગને શેકવી પડે છે, કારણકે કાચી હીંગ ચોળ લાવનાર ગણાય છે. હીંગ ઘણી ગરમ ચીજ છે.

રક્તાભિસરણ, ફેફસાં વગેરે ઉપર હીંગ સારી અસર કરે છે. ફેફસાંના દરદ ઉપર તો તે ઘણીવાર વપરાય છે. વાતરોગ પર પણ હીંગ અકસીર છે.

હીંગ રેચક તથા વાજીકરણ છે. તે ગરમ હોવાથી કોઇ પણ પદાર્થમાં વધારે પ્રમાણમાં પાઇ શકાય નહિ. સહેજ થોડી પણ હમેશાં ખાવાથી શરીરમાં ગરમી ઉત્પન્ન કરી મૂકે છે. જોકે તે ગરમી થર્મોમીટર લઇ માપવાથી તેમાં આવી શકતી નથી, કારણકે એ જુદા પ્રકારની ગરમી છે.

હીંગ હમેશાં ખાવી સારી નહિ, કારણ તેમ કરવાથી શરીરમાં ખોટી ગરમી વધી જઇ છાતીએ તથા ગળામાં બળતરા થાય છે ને પાચનશક્તિને પણ તે બગાડે છે.

આજકાલ હીંગ પણ હવે બનાવટી મળે છે ને એ સાચી હીંગ કરતાં સસ્તી પડે છે. બનાવટી હીંગ દવાના ઉપયોગમાં કદી લેવી નહિ, કેમકે તેનાથી ફાયદો થવાને બદલે ઉલટો ગેરલાભ થાય છે. હીંગ ઘણી મોંઘી હોવાથી તેમાં દગો થાય છે. અમુક લાકડાંનો વ્હેર તેમાં મેળવવામાં આવે છે. હીંગના ભૂકામાં ઘઉંના ભૂકો પણ મેળવાય છે. કેટલાક હીંગમાં ગુંદર પણ મેળવે છે.

વૈદકનાં ગ્રંથોમાં એવું કહ્યું છે કે હીંગને ઘીમાં તળીને શુદ્ધ કરીને ઉપયોગમાં લેવી, નહિ તો તે ગળાને નુકસાનકર્તા છે.

દાંતમાં જીવ પડે છે ત્યારે હીંગને ફુલાવીને દાંત આગળ દાબવામાં આવે છે ને તેથી ફાયદો થાય છે. કમળો થયો હોય તો હીંગ પાણીમાં ઘસીને આંખમાં આંજવાથી કમળો મટી જાય છે. અજીર્ણ થયું હોય અથવા પેટમાં વાયુનો ગગડાટ થતો હોય ત્યારે હીંગની ચણા જેવડી ગોળી ઘીની સાથે ગળવામાં આવે છે એ તો સૌ જાણતા હશે !

આકડાના દૂધમાં હીંગ વાટી તેનો લેપ વીંછીના ડંખ ઉપર કરવાથી વીંછીનું ઝેર ઊતરી જાય છે. પ્રસુતાને આવતાં ચક્કર તથા શૂળ ઉપર હીંગને ઘીમાં શેકી બરાબર મેળવી ખવડાવવાથી ઠીક લાગે છે અને ચક્કર દબાઇ જાય છે.

શરીર પર કાંઇ ઘા પડ્યો હોય અને તેમાં કીડા પડવાની ધાસ્તી હોય અગર પડવાની શરૂઆત થઇ હોય તો તેના પર હીંગ અને કડવા લીમડાનાં પાન વાટી લેપ કરવાથી ફાયદો થાય છે.

હીંગ અને અડદનું ચૂર્ણ લઇ તેને અગ્નિપર નાખી તેનો ધુમાડો મોંમાં લેવાથી હેડકી આવતી હોય તો તે મટી જાય છે. અફીણ ખાવાની ટેવ ન હોય ને જો અફીણ ખાવામાં આવ્યું હોય તો તેનો નશો ચઢે છે. એવે વખતે હીંગ પાણીમાં અથવા છાશમાં મેળવી પીવાથી નશો ઊતરી જાય છે.

ચોથીઆ તાવ ઉપર પણ હીંગ અકસીર છે. હીંગ અને જૂનું ઘી ભેગાં કરી તાવ આવે ત્યારે નાકમાં નાખવાથી ચોથીઓ તાવ ઊતરી જાય છે. આ ઉપાય અજમાવવા જેવો છે.

તળેલી હીંગ, કપુર અને આંબાના ગોટલીમાંનો મગજ સરખે ભાગે લઇ ફુદીનાના રસમાં એકત્ર ખરલ કરી તેની ગોળીઓ વાળી સુકવી રાખવી. કૉલેરામાં જ્યારે ઝાડા તથા ઉલટી પુષ્કળ થાય ત્યારે એકએક કલાકના આંતરે એકએક ગોળી આપવાથી આ ગોળી ફાયદો કરે છે. પાંચ વર્ષની અંદરનાં બાળકોને અરધી ગોળી બસ થાય.

આધાશીશી ચડતી હોય ત્યારે હીંગનું પાણી નાકમાં નાખવાથી મટી જાય છે. ચાર માસા હીંગનું ચૂર્ણ પારોર દહીંમાં નાખી ત્રણ દિવસ લાગલાગટ ખાવાથી વાળા નીકળી જાય છે.

હીંગનાં ઝાડ પણ એક ઉપયોગી વનસ્પતિ છે.

(સંકલિત) રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

ચિત્રકાર વનવિહારી ઘોષ

ગયા અંકમાં જેમનું મુખચિત્ર વનભોજન તથા વૂડકટ સસલાં પ્રકટ થયાં હતાં અને આ અંકના પૂઠા ઉપર પણ જેમનું બીજું વૂડકટ આપેલું છે તે જુવાન ચિત્રકાર શ્રી વનવિહારી ઘોષનો આ દુનિયા સાથે પ્રથમ સંબંધ કલકત્તાથી છ માઇલ દૂર બાલી ગામે ઇ. ૧૯૦૭માં બંધાયો હતો તેમ નામાં ચિત્રો માટેનો પ્રેમ નાનપણથી જ હતો, પરંતુ શ્રી નંદબાબુનાં 'જગઇમગઇ'ના ચિત્ર પરથી તેમને આલેખનની પ્રથમ પહેલી દીક્ષા મળી હતી. પોતાના જિલ્લાની હાઇસ્કૂલમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો, પણ પસાર થયા નહિ અને

એક પ્રાથમિક શાળામાં થોડો વખત ચિત્રકામ શીખવવાનું ચલાવ્યું. દરમિયાન અવની બાબુના વિદ્યાર્થીઓનાં ચિત્રો અને ચિત્રપ્રદર્શનો વારંવાર જોતા રહેતા તેથી વિશેષ આકર્ષાઇ અવનીબાબુ તથા ગગનબાબુ પાસે ચિત્ર શીખવા રહ્યા. થોડો વખત ઓરીએન્ટલ આર્ટ સોસાએટીમાં ક્ષીતીન્દ્રનાથ મઝમુદાર પાસે પણ અભ્યાસ કર્યો. પણ કલકત્તાનું વાતાવરણ કલા માટે યોગ્ય નહિ લાગવાથી ૧૯૨૭માં શ્રી નંદબાબુ પાસે શાંતિનિકેતન જઇ રહ્યા અને ત્યાં થોડો વખત શિક્ષક તરીકે પણ કામ કર્યું. તેઓ સંગીતના સારા જાણકાર અને લીથોગ્રાફીના અનુભવી છે.

અમદાવાદની કૅલિકો મિલ માટે છીંટોની ડિઝાઇનો કરનાર યોગ્ય આર્ટિસ્ટની જરૂર લાગવાથી શેઠ અંબાલાલ સારાભાઇએ નંદબાબુ પાસે એક માણસની માગણી કરી તેથી આ ભાઇને તેમણે મોકલી આપ્યા અને ૧૯૩૩ ના સપ્ટેમ્બરથી એ જ જગ્યાએ તે કામ કરી રહ્યા છે.

પર્વતોની ઊંચાઈ માપવાની નવી રીત

આજસુધી પર્વતોની ઊંચાઇ માપવામાં આવે છે તે દરિયાની સપાટીથી; અને એ હિસાબે હિમાલયનું એવરેસ્ટ શિખર દુનિયાભરમાં ઊંચામાં ઊંચું છે. પરંતુ ડૉ. જી. રૅશ નામના એક જર્મન વૈજ્ઞાનિકે પૃથ્વીના મધ્યબિંદુથી પર્વતોની ઊંચાઈ ગણવાનું માપ શરૂ કર્યું છે. એ હિસાબે એવરેસ્ટ નહિ પણ ઍન્ડિસ પર્વતોનું ચિમ્બોરાઝો શિખર દુનિયાનું મુકુટમણિ ગણાય. ડૉ. રૅશની ગણતરી પ્રમાણે ચિમ્બોરાઝો પૃથ્વીના મધ્યબિંદુથી ૩,૯૬૬·૯૯ માઇલ ઊંચું છે, જ્યારે એવરેસ્ટ માત્ર ૩,૯૬૫·૯૯ માઈલ થાય છે; એટલું જ નહિ પણ પેરૂનો હુઆસ્કૅરાન, એક્વાડોરનો કોટોપાક્સી, પૂર્વ આફ્રિકાનો કેનિયા અને આફ્રિકાનો કિલિમાંજારો એ બધાં પણ આ ગણતરીએ એવરેસ્ટ કરતાં ઊંચા થાય છે. આ ફેર પડવાનું કારણ તો દેખીતું જ છે કે આ બધા પર્વતો પૃથ્વીના વિષુવવૃત્ત ઉપર આવેલા છે, અને વિષુવવૃત આગળથી પૃથ્વી ઉપસેલી હોવાથી, પૃથ્વીના મધ્યબિંદુથી ગણતાં એમની ઊંચાઈ વધે જ. (લિટરરી ડાઇજેસ્ટ)

મગર આકડાથી નાસતો નથી

ફાગણની 'કુમાર'ના છેલ્લા પાના ઉપર એવી મતલબનું લખાણ છાપવામાં આવ્યું છે કે મગર આકડાના દૂધથી એટલો ડરે છે કે સાથે આકડાના ઝાડની ડાળી રાખીને નિર્ભયતાથી, મગર જેમાં હોય તેવાં નદી–સરોવર તરી શકાય છે. અલબત્ત ઉપરના લખાણ ઉપર 'આમાં વજૂદ હશે?' એવી શંકા જણાવેલી છે; પરંતુ આ ઉપાયને સાચો માની બેસીને અથવા તેની પરીક્ષા કરવાના હેતુથી કોઇ જોખમમાં ઊતરી બેસે નહિ તેથી જાહેર કરવાની રજા લઉં છું કે તળાવના કિનારે ઊગેલા આકડાના વૃક્ષનાં મૂળિયાં પાસે જ આરામથી પડી રહેલા મગરને મેં મારી નજરે જોયા છે. આકડાનું દૂધ મગરના નાકમાં નાખ્યા છતાં તેની પ્રાણહાનિ થઇ નથી એવી વાત પણ મારા સાંભળવામાં આવી છે; પણ આ બીજા વિષયમાં મને કંઇ જાતમાહિતી નથી તેથી તે વિષે વિશેષ કહી શકું નહિ.

—કાન્તિલાલ મગનલાલ ગોર

ચલણનાં સાધનો

વિક્રયમાં ચલણના સાધન તરીકે સોનારૂપા કે બીજી ધાતુઓના સિક્કા સિવાય જે બીજી અનેક ચિત્રવિચિત્ર વસ્તુઓ દુનિયામાં આજે પણ હજી વપરાય છે તેનો સંગ્રહ અમેરિકાના પ્રખ્યાત સ્મિથસોનિયન ઇન્સ્ટીટ્યુટના એથનૉલૉજિસ્ટોએ દુનિયાના જુદાજુદા ભાગોમાંથી એકઠો કર્યો છે. તેમાં લક્કડખોદ પક્ષીના માથાની ખાલ, અસ્રાનાં પાનાં, છીપોલીઓ, ભભકાદાર રંગોવાળાં પીછાં, કુહાડીઓ, તીરનાં ફળાં, માછલાં મારવાના ગલ, સિંધાલુણનાં ગડબાં, ચા તથા તંબાકુનાં પાંદડાંના પડા, કાચની શીશીઓ, વ્હેલ માછલીના દાંત અને ઊડતી ફાઉડીના કાન પાછળના લાલ વાળ જેવી ચીજો છે! (લિટરરી ડાઇજેસ્ટ)

નવાં પુસ્તકો

વડીલો વાંચે: લેખક-હરભાઇ, પ્રકાશક—શ્રી દક્ષિણામૂર્તિ ૦-૧૦-૦; **કરુણ કથાઓ:** લેખક-શારદાચરણ પંડિત, પ્રકાશક-મણિલાલ પ્રભાશંકર વ્યાસ, ૩૮ ટોળક સોસાએટી, એલિસબ્રિજ અમદાવાદ, ૦-૮-૦; **નસીબની બલિહારી:** લેખક-ચાંપશી વિ. ઉદેશી, પ્રકાશક-નવચેતન ઑફિસ, ૧૦ પોલોક સ્ટ્રીટ કલકત્તા. ૦-૧૨-૦; **મંગલાર્થ ઇશ્વર પ્રાર્થના:** કેટલાંક પુસ્તકોને આધારે તૈયાર કરનાર હરજીવન ત્રિભુવન ત્રિપાઠી, પ્રકાશક-ઈચ્છાશંકર હરજીવન ત્રિપાઠી, આકાશેઠ કુવાનીપોળ રાયપુર, અમદાવાદ, મૂલ્ય કોરી; **સંસ્કૃત વિભાગ પત્રિકા** (ભાગ ૧): હરિકૃષ્ણ મો. વ્યાસ લાઠી, ૦-૦-૯; **નૂતન રશિયામાં ડોકિયું:** મૉરિસ હિન્ડસના 'બ્રોકન અર્થ' ઉપરથી ગુજરાતીમાં લાવનાર ગોવિંદરાવ ભાગવત, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, આઠ આના; **જીવનચર્ચા:** ગૂજરાત વિદ્યાપીઠના તત્વચર્ચા મંડળનાં વ્યાખ્યાનો, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૦-૧૦-૦; **શ્રીસયાજી બાલ જ્ઞાનમાળા** (વડોદરા)નાં પુસ્તકો: **પાર્વતી:** લેખક-દેવેન્દ્ર ર. મજમુદાર, ૦-૬-૦; **બુદ્ધ ભગવાનની વાર્તાઓ.** લેખકો-ચન્દ્રશંકર મ ભટ્ટ તથા ડી. એન. મૂર્તિ ૦-૬-૦, **માર્કંડેય:** લેખક-વાસુદેવ હરદેવ ત્રિવેદી ૦-૬-૦; **રુકિમણી:** લેખક-સૌ. હંસા મહેતા, ૦-૪-૦; **કર્ણ:** લેખક-પ્રો. ડોલરરાય રં. માંકડ, ૦-૬-૦; **બલિરાજા:** લેખક-કાલિપ્રસાદ ધનેશ્વર દેસાઇ ૦-૬-૦; **ભગીરથ:** લેખક ભગીરથ મજમુદાર ૦-૬-૦; **દ્રાક્ષ અને તેનું વાવેતર; સૌરભસ રિકા; શુવેર: સોયાબીન;** ચારેના લેખક તથા પ્રકાશક-મગનલાલ ગર્જર સુરત, કીમત અનુક્રમે ૦-૧૦-૦, ૦-૪-૦, ૦-૧-૦ અને ૦-૦ ૬. **પુષ્પહાર:** ગૂંથનાર તથા પ્ર. મનુ હ. દવે કાવ્યતીર્થ, ઉપલીશેરી સિદ્ધપુર, ૦-૮-૦

બિહારના છેલ્લા ધરતીકંપ વેળા એક ગરીબ વાંસફોડિયણ માતા, પોતાનાં પાંચ નાનાં બાળકોને ઘરબહાર ધકેલી દઈ છેલ્લા થોડા માસના બચ્ચાને લેવા ઘરમાં પેઠી ત્યાં ઉપરથી ભીંત પડતી દીઠી બાળકને છોડીને નાસવાને બદલે એ વીર માતાએ વાંકા વળીને પોતાના શરીરનું છત્ર બાળક પર ધરી દીધું. એની ચૂરા થઇ ગએલી પીઠને કારણે આજે એ ઇસ્પિતાલમાં છે, પણ બાળક બચી ગયું.

અનેકાર્થી શબ્દ: **ભરત**=લૂગડાં ઉપર ભરાતી વેલબુટ્ટી; માપ અથવા પ્રમાણ; બીબાંમાં રસ રેડી ઘાટ બનાવવો તે; મસાલો ભરી કરાતું શાક; રામનો ભાઇ; જેના પરથી આ દેશનું નામ પડયુ કહેવાય છે તે દુષ્યતનો પુત્ર; જડભરત.

કાંદાની કે એવી વાસ વાસણમાંથી કાઢી નાખવા માટે સાબુના પાણીથી વાસણને ધોઇને થોડો સરકો નાખેલા ગરમ પાણીમાં પાંચેક મિનિટ રહેવા દેજો.

જગતમાં સૌથી ઠીંગણો માણસ તુર્કસ્તાનમાં એક ઠીંગુજી છે; તેની ઉંચાઇ ૧૪ ઇંચની ને વય ૩૯ વર્ષની છે.

નાળીએરના પાણીમાં 'બી' અને 'જી' વિટામિન(જીવનતત્ત્વો)ખૂબ છે. દરિયાકાંઠે લીલાં નાળીએર ચાર પૈસે મળે છે તેનો લાભ જેને મળેતેણે જવા દેવોનહિ.

અમેરિકાએ પ્રજાનું જે સોનું કાયદેસર જપ્ત કરી ભંડકમાં રાખ્યું છે તે ચાર બિલિયન ડૉલરનું ગણાય છે. કેટલું થયું? તેનું વજન જ ૭૦૦૦ટન ઉપર થાય!

યુરોપમાં છેલ્લું મહાયુદ્ધ થયું તેના ચાર વર્ષમાં દસ લાખ લોકો મર્યા. તે બધાનાં મુડદાં જ પાંચપાંચની હાર કરી રાખ્યાં હોય તો તેની આગળથી પસાર થતાં ૯૨ દિવસ થાય. દસ લાખ તો મર્યા, પણ જખમી અને બિનપત્તાની સંખ્યા ૧૬ લાખની હતી! યુદ્ધકાળે સરેરાશ દરરોજ ૬૫૮૫ લોક મરતા એવી ગણત્રી એક મહેનતુ સંશોધકે કરી છે.



અમેરિકાના વિલા રિકા ગામનો આ જે. ટી. સેઇલૉર્સ નામનો આદમી પોતાનાં જડબાં ખેંચી નાખીને પોતાનું જ નાક પોતાના મોઢામાં અદૃશ્ય કરી શકે છે! (મોકલનારઃ છોટાલાલ કામદાર)

હૉલૅંડમાં હજુપણ મુખ્ય વાહન બાઇસિકલ જ છે. ત્યાં દર સો માણસે ૩૫ જણ પાસે સાઇકલનું પ્રમાણ નીકળે છે.

સૂર્યનો પ્રકાશ કેટલોછે તેની ખબરછે? તમારી આંખોથી એક જ ફૂટ છેટે ૬૫૦૦ મીણબત્તીઓ એકસાથે સળગતી હોય ને જેટલો પ્રકાશ લાગે તેટલો.

હંગેરીના એક કાયદા પ્રમાણે ત્યાં સ્ત્રીઓ જાહેરમાં કે મંડળીમાં ગંજીપાની રમત રમી શકે નહિ.

જાપાનમાં સ્ત્રીઓ સંકોચ વિના જાહેર સ્થળે અવસ્ત્ર સ્નાન કરે છે, કારણકે નગ્નસ્નાન સામે ત્યાં કોઇ વિરોધ બતાવતું નથી. પણ તેઓ પશ્ચિમની સ્ત્રીઓનાં ટૂંકાં વસ્ત્રોને ધિક્કારે છે!

રંગવાના બ્રશને વાપરતાં પહેલાં ૨૪ કલાક ઠંડા પાણીમાં રાખી મૂકજો: પણ રખે પ્યાલાને તળીએ કુચડા અડે તેમ એ ઊભું રાખતા! એથી ખરાબ થઈ જશે. કોઈ છીછરા વાસણમાં આડું મૂકી રાખજો.

ન્યુ ઝીલાંડમાં હુઇઆ નામનું પક્ષી થાય છે તેમાં નરને ટૂંકી મજબૂત ચાંચ અને માદાને લાંબી વળેલી ચાંચ હોય છે. તેઓ એકબીજાને ખવડાવે છે. અકસ્માત જો એક મરી જાય તો બીજું ભૂખ્યું રહીને મરી જાય છે!

આનંદમાં હો ત્યારે જમો અને જમો ત્યારે આનંદમાં રહો; નહિ તો ખાધું બરોબર પચશે નહિ.



સૌથી વાંકીચૂંકી વહેનારી દુનિયાભરની નદીઓમાં પૅલેસ્ટાઇનની જૉર્ડન આગલી હારમાં આવે છે. ગૅલીલીના સમુદ્રમાંથી નીકળી મૃત સરોવરને મળતાં, ઉપર દર્શાવેલી રીતે ૨૦૦ માઈલની સફર એ કરે છે, જ્યારે એ બંને વચ્ચેનું સીધુ અંતર માત્ર સાઠ માઇલનું છે!